દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 166 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 July 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20


મંગળવાર, ૧૫ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★




# લૉર્ડ્સમાં ભારતના ડાંડિયા ડૂલ

## ત્રીજી ટેસ્ટમાં જાડેજા બાપુ એકલેહાથે અંગ્રેજો સામે લડ્યા છતાં અંતે ટીમ ઈન્ડિયાનો પરાજય



**અશુભ આરંભઃ** લૉર્ડ્સમાં પાંચમા દિવસે શરૂઆતમાં જ રિષભ પંત ક્લીન બૉલ્ડ થઈ ગયો હતો. (ઉપર) નિરાશ રવીન્દ્ર જાડેજા. (પીટીઆઈ)

લંડનઃ અહીં લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામેની ત્રીજી ટેસ્ટના નિર્ણાયક દિવસે બોલર્સને ખૂબ લાભ અપાવતી પિચ પર રવીન્દ્ર જાડેજા (૬૧ નૉટઆઉટ, ૨૬૬ મિનિટ, ૧૮૧ બૉલ, એક સિક્સર, ચાર ફોર)એ બ્રિટિશ ટીમને એકલે હાથે અભૂતપૂર્વ લડત આપી હતી, પરંતુ છેવટે ભારતનો માત્ર બાવીસ રનથી પરાજય થતાં તેની બધી મહેનત એળે ગઈ હતી. ૧૯૩ રનના લક્ષ્યાંક સામે ભારતની ટીમ ૧૭૦ રન પર ઑલઆઉટ થઈ હતી અને ઇંગ્લૅન્ડે પાંચ મૅચની સિરીઝમાં ૨-૧થી સરસાઈ લીધી હતી.

જાડેજાને કે. એલ. રાહુલ (૫૮ બૉલમાં ૩૯ રન), નીતીશ કુમાર રેડ્ડી (૫૩ બૉલમાં ૧૩ રન), જસપ્રીત બુમરાહ (૫૪ બૉલમાં પાંચ રન) અને મોહમ્મદ સિરાજ (૩૦ બૉલમાં ચાર રન)નો સારો સાથ મળ્યો હતો અને એમાં બુમરાહ સાથે

(જુઓ પાનું ૨) ▶▶

## લંડનમાં અમદાવાદ જેવો પ્લૅન એક્સિડન્ટ, ઊડયા ભેગું ક્રૅશ

લંડનઃ લંડનના સાઉથેન્ડ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની થોડી જ ક્ષણોમાં એક નાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેના પગલે આગામી સૂચના સુધી એરપોર્ટ બંધ કરવામાં આવ્યું હતું. આ માહિતી અધિકારીઓ અને પ્રત્યક્ષદર્શીઓએ આપી હતી. આ અકસ્માતમાં ચાર જણના જીવ ગયા હતા. નેધરલેન્ડની 'ઝૂસ એવિએશન' કંપની દ્વારા સંચાલિત આ વિમાને રવિવારે ગ્રીસના એથેન્સથી ક્રોએશિયાના પુલા માટે ઉડાન ભરી હતી અને પછી સાઉથેન્ડ માટે રવાના થયું હતું. આ વિમાન રવિવારે સાંજે નેધરલેન્ડના લેલીસ્ટેડ પરત ફરવાનું હતું. 'ઝૂસ એવિએશન'એ તેમનું 'એસયુઝેડ વન' વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાની પુષ્ટિ કરી હતી. તેમજ કંપની તપાસમાં સહકાર આપી રહી હોવાનું જણાવ્યું હતું. કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું કે અમે દુર્ઘટનાથી પ્રભાવિત તમામ લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ. એસેક્સ પોલીસના જણાવ્યા અનુસાર તેમને એરપોર્ટ પર સાંજે લગભગ ૪ વાગ્યે દુર્ઘટના ઘટી હોવાની માહિતી મળી હતી. બ્રિટિશ મીડિયા અનુસાર દુર્ઘટનાગ્રસ્ત થયેલું વિમાન બીચક્રાફ્ટ બી૨૦૦ સુપર કિંગ હતું, જે દર્દીઓને લઇ જવા માટે તબીબી પ્રણાલીઓથી સજ્જ હતું. તે ૧૨ મીટર (૩૯ ફૂટ) લંબાઇ ધરાવતું એક નાનું વિમાન હતું. કટોકટી સેવાઓ અને વિમાન દુર્ઘટના તપાસકર્તાઓ ઘટનાસ્થળ પર હાજર છે. તેમજ આગામી સૂચના સુધી એરપોર્ટથી તમામ ઉડાનો રદ કરવામાં આવી છે. સોશ્યિલ મીડિયા પર ફરતી તસવીરોમાં દુર્ઘટનાસ્થળની નજીક આગ અને કાળા ધુમાડાના વાદળો જોવા મળે છે.



**અચ્છા તો હમ ચલતે હૈઃ** એક્સિઓમ-૪ના અવકાશયાત્રી સાથીઓ સાથે શુભાંશુ શુક્લાએ રવાના થતા પહેલા પડાવ્યો હતો ગ્રૂપ ફોટો. (પીટીઆઈ)

## જલ્દી હી ધરતી પર મુલાકાત કરતે હૈ

### સાડાબાવીસ કલાકની રિટર્ન જર્ની કરતા પહેલા શુભાંશુ શુક્લાના છે આ શબ્દો

નવી દિલ્હી : એક્સિઓમ-૪ મીશન પર ગયેલા અવકાશવીર શુભાંશુ શુક્લા અને બીજા ત્રણ અવકાશવીર ઈન્ટનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ)માં ૧૮ દિવસ રહ્યા બાદ પૃથ્વી પર પાછા ફરવા નીકળી પડ્યા છે. તેમનું અવકાશયાન ડ્રેગન ગ્રેસ અવકાશ સ્ટેશનથી અલગ પડી ગયું છે. ડ્રેગન અવકાશયાન મૂળ પ્લાન કરતાં દસ મિનિટ મોડું એટલે કે ભારતીય સમય મુજબ સાંજના ૪-૪૫ કલાકે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી અલગ પડ્યું હતું. અવકાશયાને ઓર્બિટલ લેબોરેટરીથી દૂર જવા થ્રસ્ટર્સ છોડ્યા હતા.

એક્સિઓમ-૪ના ક્રૂમાં શુક્લા, કમાન્ડર પેગી વ્હિટસન અને મિશન સ્પેશ્યાલિસ્ટ પોલૅન્ડના સ્લેવોસ્ઝ ઉઝનાસ્કી-વિસ્નીએવસ્કી અને હંગેરીના (જુઓ પાનું ૨) ▶▶

## હરિયાણા, ગોવાના નવા રાજ્યપાલ અને લદ્દાખના નવા લેફ્ટનન્ટ ગવર્નરની જાહેરાત

નવી દિલ્હી : દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગઇ કાલે બે રાજ્યના રાજ્યપાલ અને એક કેન્દ્રશાસિત પ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક કરી છે. સત્તાવાર નિવેદન મુજબ રાષ્ટ્રપતિએ હરિયાણાના નવા રાજ્યપાલ તરીકે પ્રોફેસર અસીમ કુમાર ઘોષના નામની જાહેરાત કરી છે. જ્યારે ગોવાના નવા રાજ્યપાલ તરીકે તેલુગુ દેશમ પાર્ટીના સીનીયર નેતા પુષ્પાપતિ અશોક ગજપતિ રાજુને નિયુક્ત કર્યા છે. તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના નવા લેફ્ટનન્ટ ગવર્નર તરીકે જમ્મુ કાશ્મીરના પૂર્વ નાયબ સીએમ કવિન્દર ગુપ્તાની નિયુક્તિ કરી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ લદ્દાખના વર્તમાન રાજ્યપાલ બ્રિગેડિયર બી.ડી. મિશ્રાનું રાજીનામું સ્વીકારી લીધું છે. આ નવી નિમણૂકો રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલા ઘણા નવા નિર્ણયોના ભાગ રૂપે કરવામાં આવી હતી.

## તાઈવાન-ચીન વચ્ચે યુદ્ધના ભણકારા

વૉશિંગ્ટનઃ તાઈવાનની હવાઈ અને દરિયાઈ સીમામાં ચીનની સૈન્ય પ્રવૃત્તિ અને ગતિવિધિઓમાં થયેલા વધારાએ અમેરિકાની ચિંતામાં વધારો કર્યો છે.

ચીનની આ પ્રવૃત્તિથી ટ્રમ્પ વહીવટી તંત્ર સાવધ થઈ ગયું છે અને તાઈવાન મુદ્દે ચીન અને અમેરિકા વચ્ચેનો સંઘર્ષ વધે તેવા સંજોગોમાં તેમની ભૂમિકા સ્પષ્ટ કરવાનું જાપાન અને ઑસ્ટ્રેલિયાને જણાવ્યું છે.

તાઈવાનની હવાઈ તેમ જ દરિયાઈ સીમામાં ચીનના વિમાનો અને જહાજોની નિયમિત રીતે વધેલી ગતિવિધિએ ચીન તાઈવાન પર ગમે ત્યારે આક્રમણ કરે તેવી શંકા વધુ દૃઢ કરી છે.

અમેરિકાના સંરક્ષણ ખાતાએ તાજેતરમાં જ યોજાયેલી બેઠકમાં જાપાન તેમ જ ઑસ્ટ્રેલિયા સાથે આ મુદ્દો ઊપાડી લીધો હતો અને આ વિસ્તારની સુરક્ષા માટેની સ્પષ્ટ સંરક્ષણ યોજનાની સાથી દેશો પાસે માગણી કરી હતી.

અમે યુદ્ધ નથી ઈચ્છતા કે નથી અમે ચીન પર પ્રભુત્વ સ્થાપિત કરવા માગતા. સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય તેની ખાતરી કરી શકાય તે માટે અમેરિકા અને તેના સાથી દેશો પાસે જરૂરી લશ્કરી તાકાત હોવી જોઈએ.

ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન ઍન્થની અલ્બાનીસે તાઈવાન મુદ્દે જૈસે થેની સ્થિતિમાં ફેરફાર કરવા કોઈપણ પ્રકારનાં એકપક્ષી નિર્ણયનો વિરોધ કર્યો હતો. આ પ્રકારના કોઈપણ નિર્ણયનું સમર્થન કરવાનું તેમણે નકારી કાઢ્યું હતું.

જોકે ટ્રમ્પ જે રીતે તાઈવાન માટે સાથી શોધી રહ્યું છે એ જોતા એવું લાગે છે કે ચીને ટૂંકમાં જ તાઈવાન પર આક્રમણ કરશે અને અમેરિકાએ પણ યુદ્ધમાં જોતરાવું જ પડશે. (એજન્સી)

## 'બસ, હવે અમારા હાથમાં કશું નથી'

### યમનમાં ભારતીય નર્સને ફાંસીની સજા મામલો : કેન્દ્ર સરકારે હાથ ઊંચા કરી નાખ્યા

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે યમનમાં હત્યા કરવા બદલ ૧૬ જુલાઈએ ફાંસીની સજાનો સામનો કરી રહેલી નર્સના કેસમાં સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે સરકાર આમાં 'વિશેષ કંઈ' કરી શકે એમ નથી.

એટર્ની જનરલ આર. વેંકટરમાનીએ જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની ખંડપીઠને માહિતી આપી હતી કે ભારત સરકાર આ કેસમાં ' શક્ય હોય એવા મહત્તમ' પ્રયાસો કરી રહી છે, પરંતુ યમનના સંવેદનશીલતા અને દરજ્જાને ધ્યાનમાં રાખતાં સરકાર આમાં કંઈ વધારે કરી શકે એમ નથી. સરકાર એક મર્યાદા સુધી જ પ્રયાસ કરી શકે છે અને સરકાર એ મર્યાદા સુધી પહોંચી ગઈ છે. સરકારે તાજેતરમાં એ એરિયાના પબ્લિક પ્રોસિક્યુટરને પત્ર લખીને ફાંસીની સજા મોકૂફ રહી શકે કે નહીં એ શોધવાનો પ્રયાસ કરવા કહ્યું છે. ભારત સરકાર તેના ઉત્તમ પ્રયાસો કરી રહી છે. ભારત સરકાર યમનમાં વગ ધરાવતા અમુક શેખને પણ આ કામે લગાડ્યા છે. સરકાર તેના નાગરિકનું જીવન બચાવવા આતુર છે.

સર્વોચ્ચ અદાલત ૩૮ વર્ષની નિમિશા પ્રિયાને યમનમાં ફાંસીની સજામાંથી બચાવવા રાજદ્વારી ચેનલનો ઉપયોગ કરવા દાદ ચાહતી અરજી સાંભળી રહી હતી. કેરળના પલક્કડ જિલ્લાની નર્સને ૨૦૧૭માં તેના યમનના બિઝનેસ પાર્ટનરની હત્યા કરવાના ગુનામાં દોષી જાહેર કરાઈ હતી. તેને ૨૦૨૦માં ફાંસીની સજા આપવામાં આવી હતી. ૨૦૨૩માં તેની અંતિમ અપીલ પણ ફગાવી દેવાઈ હતી. હાલમાં તે યમનની રાજધાની સનાની જેલમાં કેદ છે.

સોમવારે અજદારની સંસ્થા 'સેવ નિમિષા પ્રિયા-ઈન્ટરનેસનલ એક્શન કાઉન્સિલ વતી દલીલ કરતાં વકીલે કહ્યું હતું કે પરિસ્થિતિ અતિશય કમનસીબ છે. યમનની સુપ્રીમ જ્યુડિશિયલ કાઉન્સિલે ફાંસીની સજાને અનુમોદન આપી દીધું છે. વકીલે તે દેશના શરિયા કાયદાને ટાંક્યા હતા. તેમણે કહ્યું હતું કે પ્રિયાની માતા એક સામાજિક કાર્યકર્તા સાથે યમનમાં છે અને તે મૃતકના કુટુંબને 'બ્લડ મની' લેવા સમજાવી રહ્યા છે. જો મૃતકનું કુટુંબ બ્લડ મની લેવા તૈયાર થાય તો પ્રિયાને બચાવી શકાય એમ છે. અમે સરકાર પાસે ફંડ નથી માગતા

વેંકટરમાનીએ જવાબ આપ્યો હતો કે યમનની હુતી સરકારને રાજદ્વારી માન્યતા પણ આપવામાં આવી નથી. બેન્ચે કહ્યું હતું કે અરજદાર કહે છે કે નાણાની સગવડ તેઓ કરી લેશે, પરંતુ વાતચીત માટે કોઈ લિન્કની જરૂર છે. સરકાર વકીલે કહ્યું હતું કે યમન એવો દેશ નથી કે જ્યાં સરકાર રાજદ્વારી પ્રોસેસ કે આતંર સરકાર મંત્રણા વડે કંઈ કરી શકે. અમને એવો સંદેશો મળ્યો છે કે ફાંસીની સજા મોકૂફ રખાઈ છે, પરંતુ અમને ખબર નથી કે અમારે એ સંદેશો માનવો કે નહીં. (એજન્સી)

## ભારત-ચીન વ્યાપાર નિયંત્રણો લાદવાથી દૂર રહેઃ જયશંકર

બીજિંગઃ વિદેશ પ્રધાન એસ.જયશંકરે સોમવારે ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગને જણાવ્યું હતું કે ભારત-ચીન સંબંધોને સામાન્ય બનાવવાથી પરસ્પર ફાયદાકારક પરિણામો મળી શકે છે અને ''જટિલ'' વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતા બંને પક્ષો વચ્ચે ખુલ્લા વિચારોનું આદાન-પ્રદાન ''ખૂબ જ મહત્વપૂર્ણ'' છે.

જયશંકર બાદમાં ચીનના વિદેશ પ્રધાન વાન્ગ ચીને મળ્યા હતા અને કહ્યું હતું કે, ભારત તથા ચીને સરહદ વિવાદ સહિતના વિપક્ષી પ્રશ્નો ઉકેળવા જોઇએ અને નિયંત્રણકારી વ્યાપાર પગલાં લાદવાથી દૂર રહેવું જોઇએ.

તેમણે તેમની બે દેશની યાત્રાના બીજા અને અંતિમ તબક્કામાં સિંગાપોરથી ચીનની રાજધાની પહોંચ્યા પછી તરત જ ઝેંગ સાથે વાતચીત કરી હતી.

જયશંકર ચીનના શહેર તિયાનજિનમાં શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ) ના સંમેલનમાં હાજરી આપવા માટે ચીનની મુલાકાતે છે.

## શહીદોને અંજલિ આપવા ફારુક અબ્દુલ્લા કબ્રસ્તાનનો ગેટ કૂદીને ગયા

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા સોમવારે નક્શબંદ સાહિબ કબ્રસ્તાનના ગેટ પર ચઢીને પ્રવેશ્યા હતાં અને ૧૩ જુલાઈ, ૧૯૩૧ના રોજ ડોગરા સૈન્ય દ્વારા માર્યા ગયેલા ૨૨ લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

શહીદ દિવસ નિમિત્તે કબ્રસ્તાનમાં જતા અટકાવવા માટે અબ્દુલ્લા અને નેશનલ કોન્ફરન્સ અને વિરોધ પક્ષોના અનેક નેતાઓને નજરકેદ કરવામાં આવ્યાના એક દિવસ પછી આ નાટકીય દૃશ્ય બહાર આવ્યું હતું.

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લા ખાન્યાર ક્રોસિંગથી શહીદ સ્મારક સુધી ઓટોરિક્ષામાં ગયા જ્યારે શિક્ષણ પ્રધાન સકીના ઇટ્ટુ સ્કૂટી પર સવાર થઈને સ્મારક સુધી પહોંચ્યા હતા .

સુરક્ષા દળોએ શ્રીનગરના ડાઉનટાઉનમાં ખાન્યાર અને નૌહટ્ટા બંને બાજુથી શહીદ કબ્રસ્તાન તરફ જતા રસ્તાઓ સીલ કરી દીધા હતા.

ઓમર અબ્દુલ્લાનો કાફલો જૂના શહેરના ખાન્યાર પહોંચતા જ તેઓ પોતાના વાહનમાંથી ઊતરી ગયા અને કબ્રસ્તાન પહોંચવા માટે એક કિલોમીટરથી વધુ ચાલ્યા પરંતુ અધિકારીઓ દ્વારા દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા.

ઓમર ત્યારબાદ મુખ્ય દરવાજા પરથી ચઢીને 'ફતેહા' કરવા માટે કબ્રસ્તાન પરિસરમાં પ્રવેશ્યા હતા.

તેમના સુરક્ષા કર્મચારીઓ અને નેશનલ કોન્ફરન્સના અન્ય ઘણા નેતાઓ પણ દરવાજો ખોલતા

## ઉદ્ધવ-સેનાનું ચૂંટણી પ્રતીકઃ સુપ્રીમ કોર્ટમાં ઑગસ્ટમાં સુનાવણી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષ દ્વારા એકનાથ શિંદેના નેતૃત્વવાળા શિવસેનાના જૂથને 'ધનુષ્ય અને તીર' ચૂંટણી ચિહ્ન ફાળવવાના નિર્ણય સામે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળના જૂથની અરજી પર સુનાવણી માટે ૩૧ ઓગસ્ટની તારીખ નક્કી કરી છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમાલ્યા બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે આ મુદ્દો લાંબા સમયથી પેન્ડિંગ છે અને અનિશ્ચિતતાને પ્રવર્તમાન રાખવાની મંજૂરી આપી શકાય નહીં.

બેન્ચે ઉદ્ધવ જૂથ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલને કહ્યું હતું કે, અમે મુખ્ય કેસના અંતિમ સમાધાન માટે ઓગસ્ટની તારીખ નક્કી કરીશું. સિબ્બલે કહ્યું હતું કે તેઓ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ મામલાનો વહેલાસર ઉકેલ ઇચ્છે છે. શિંદે છાવણી તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ નીરજ કિશન કૌલે જણાવ્યું હતું કે કોર્ટે પહેલાથી જ આ મુદ્દા પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઇનકાર કરી દીધો છે.

## પતિ-પત્ની વચ્ચેની ગુપ્ત વાતોનું રેકોર્ડિંગ પુરાવા તરીકે સ્વીકાર્યઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ વૈવાહિક જીવનમાં પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટે પતિ-પત્ની વચ્ચેની રેકોર્કિંગને પુરાવા માન્યા નહોતા. આ મુદ્દે આજે સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરતા હાઈ કોર્ટના ચુકાદાને અમાન્ય ગણ્યો હતો. સુપ્રીમ કોર્ટે લગ્નજીવનના વિવાદોના મુદ્દે મહત્વની ટિપ્પણી કરી છે. કોર્ટે જણાવ્યું કે પતિ-પત્ની વચ્ચે વાતચીતની ગુપ્ત રીતે કરેલી રેકોર્ડિંગને અદાલતમાં પુરાવા તરીકે સ્વીકારી શકાય છે. સુનાવણી દરમિયાન પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટના ચુકાદાને રદ કરવામાં આવ્યા હતો.

આજે ન્યાયમૂર્તિ બી.વી. નાગરત્ના અને ન્યાયમૂર્તિ સતીશ ચંદ્ર શર્માની ખંડપીઠે જણાવ્યું હતું કે પતિ-પત્ની એકબીજાની વાતચીતનું રેકોર્ડ કરે તે એ વાતનો પુરાવો છે કે તેમનું લગ્નજીવન મજબૂત નથી. આવી રેકોર્ડિંગનો ઉપયોગ અદાલતી કાર્યવાહીમાં થઈ શકે છે. પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટે આવી રેકોર્ડિંગને પુરાવાના અધિનિયમની કલમ ૧૨૨ હેઠળ અસ્વીકાર્ય ગણી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે નીચલી અદાલતના આદેશને રદિયો આપી અને પારિવારિક અદાલતને આ રેકોર્ડિંગને ધ્યાનમાં લઈને કેસ આગળ વધારવા જણાવ્યું હતું.

બઠિંડાની પારિવારિક અદાલતે પતિને પત્ની સાથેની ફોન વાતચીતની રેકોર્ડિંગવાળી કોમ્પેક્ટ ડિસ્કને પુરાવા તરીકે ઉપયોગની મંજૂરી આપી હતી. પત્નીએ હાઈ કોર્ટમાં આ નિર્ણયને પડકાર્યો, દાવો કર્યો કે આ રેકોર્ડિંગ તેની સંમતિ વિના કરાયું હતું અને તે ગુપ્તતાના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. જોકે, હાઈ કોર્ટે આ રેકોર્ડિંગને નકારી કાઢીને જણાવ્યું હતું કે તે ગોપનીયતાનું ઉલ્લંઘન છે અને ઘરેલું સૌહાર્દને જોખમમાં મૂકે છે.

કોર્ટે આ મામલે કહ્યું કે જો લગ્ન એવા તબક્કે પહોંચે કે પતિ-પત્ની એકબીજા પર નજર રાખે, તો તે લગ્નમાં વિશ્વાસનો અભાવ દર્શાવે છે. આવી રિકોર્ડિંગ ન્યાયિક કાર્યવાહીમાં સાક્ષ્ય તરીકે ઉપયોગી થઈ શકે છે, કારણ કે તે સંબંધની સ્થિતિને પ્રકાશિત કરે છે. આ નિર્ણયથી વૈવાહિક વિવાદોના કેસમાં સાક્ષ્યના નિયમોમાં નવો દૃષ્ટિકોણ ઉમેરાયો છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમદાવાદ પ્લેન ક્રેશ, પાઈલટ્સને બલિના બકરા બનાવાશે?

**અમદાવાદમાં** લગભગ એક મહિના પહેલાં તૂટી પડેલું એર ઇન્ડિયાનું વિમાન કેમ તૂટી પડ્યું તેનાં કારણોની તપાસ કરનારી એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)ના પ્રાથમિક રિપોર્ટના કારણે બખેડો થઈ ગયો છે કેમ કે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોએ પ્રાથમિક રિપોર્ટમાં દોષનો ટોપલો પાઇલટ્સ પર ઢોળી દીધો છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોના ૧૫ પાનાના પ્રારંભિક રિપોર્ટમાં એવું તારણ કઢાયું છે કે, પાઇલટે એન્જિનને ફ્યુઅલ આપતી સ્વિચ બંધ કરી દીધેલી તેથી એન્જિન બંધ પડી ગયું અને વિમાન તૂટી પડ્યું.

આ સ્વિચ અજાણતાં બંધ થઈ જાય એવી હોતી નથી પણ તેને ખેંચીને બંધ કરવી પડે છે તેથી આડકતરી રીતે પાઇલટે જાણી જોઈને આ સ્વિચ બંધ કરીને આપઘાત કર્યો ને પોતાની સાથે વિમાનના પ્રવાસીઓ તથા મેડિકલ કોલેજની હોસ્ટેલના નિર્દોષ લોકોને પણ લઈ મર્યો એવું રિપોર્ટ કહે છે. ૧૨ જૂને અમદાવાદથી લંડન જતી ફલાઇટ AI ૧૭૧ ટેકઓફ થયાના થોડા સમય પછી જ બી.જે. મેડિકલ હોસ્ટેલની ઇમારત સાથે ટકરાતાં ૨૪૧ પ્રવાસી સાથે કુલ ૨૭૦ લોકોનાં મોત થયાં હતાં. ભારત સરકારની હવાઈ અકસ્માતોની તપાસ કરતી સંસ્થા એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)ને આ ઘટનાની તપાસ સોંપાઈ હતી. આ સંસ્થાએ ગયા શુક્રવારે રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે અમદાવાદ વિમાન દુર્ઘટનાનો પ્રારંભિક તપાસ અહેવાલ જાહેર કર્યો હતો.

આ રિપોર્ટના કારણે વિવાદ થવાનું સૌથી મોટું કારણ એ છે કે, વિમાન બનાવનારી કંપની બોઈંગ કે એર ઈન્ડિયાનો કોઈ વાંક જ ના હોય એ પ્રકારની વાતોની તેમાં ભરમાર છે. માત્ર ને માત્ર પાઇલટની ભૂલે જ ૨૭૦ લોકોનો જીવ લીધો હોય એવું રિપોર્ટનું તારણ છે. તેના કારણે કેન્દ્રીય ગૃહ સચિવના પ્રમુખપદ હેઠળની આ સમિતિ મોટી કંપનીઓને ક્લીન ચિટ આપીને પાઇલટ્સને બલિના બકરા બનાવીને ભીનું સંકેલવા મથી રહી હોવાની છાપ ઊભી થઈ છે.

ફેડરેશન ઓફ ઇન્ડિયન પાઇલટ્સ અને એરલાઇન પાઇલટ્સ એસોસિએશન ઓફ ઇન્ડિયાએ તો આ રિપોર્ટ સામે વાંધો લીધો જ છે પણ એવિએશન સેક્ટરના નિષ્ણાતો પણ આ રિપોર્ટને હાસ્યાસ્પદ ગણાવી રહ્યા છે. પાઇલટ્સનાં એસોસિએશનનું કહેવું છે કે, સરકારી તપાસ ટીમમાં કોઈ અનુભવી પાઇલટ્સનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને અધિકારીઓએ ઓફિસમાં બેસીને રિપોર્ટ બનાવી દીધો છે. આ દુર્ઘટનામાં પહેલાંથી જ પાઇલટ્સની ભૂલને કારણે અકસ્માત થયો હોવાનું ચિત્ર ઊભું કરવા પ્રયત્ન કરાઈ રહ્યો છે ને એ પ્રમાણે જ રિપોર્ટ બનાવાયો છે તેથી આ રિપોર્ટને સાચો ન માની શકાય.

એવિએશન સેક્ટરના નિષ્ણાતોએ રિપોર્ટની ચોક્કસ બાબતો તરફ આંગળી ચીંધીને આ રિપોર્ટને બકવાસ ગણાવ્યો છે. નિષ્ણાતોનો એક મત એ છે જ કે, આ તપાસ સમિતિમાં કોઈ અનુભવી પાઇલટ્સ જ નથી તેથી ખરેખર પ્લેનની સિસ્ટમ કઈ રીતે કામ કરે છે એ વાત જ ધ્યાનમાં નથી લેવાઈ. તપાસ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (ICAO) ની માર્ગદર્શિકા અનુસાર થવી જોઈતી હતી અને તેમાં તપાસ સમિતિમાં અનુભવી પાઇલટ્સનો પણ સમાવેશ થવો જોઈએ એવું સ્પષ્ટ લખેલું છે. આ સંજોગોમાં તપાસ ટીમમાં એવા પાઇલટનો સમાવેશ થવો જોઈતો હતો કે જેમને બોઇંગ ૭૮૭ અથવા કમ સે કમ બોઈંગ ૭૩૭ વિમાનનું સંપૂર્ણ જ્ઞાન હોય પણ એવો કોઈ પાઇલટ્સ જ સમિતિમાં નથી. કેન્દ્ર સરકારે ભલે કહ્યું કે, સરકારે કહ્યું કે આ તપાસ ICAO ના નિયમો અને ૨૦૧૭ ના એરક્રાફ્ટ અકસ્માત તપાસ નિયમો હેઠળ હાથ ધરવામાં આવી રહી છે પણ ખરેખર તપાસ એ નિયમો હેઠળ થઈ નથી. આ તપાસ સમિતિનું નેતૃત્વ ગૃહ સચિવ કરી રહ્યા છે અને તેમાં ઘણા વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે પણ એ અધિકારીઓ પ્લેનના નિષ્ણાત નથી તેથી તેમના રિપોર્ટને વિશ્વસનીય ના માની શકાય.

રિપોર્ટમાં બે પાઇલટ્સની વાતનો ઉલ્લેખ છે. કો-પાઇલટ્સ ક્લાઇવ કુંદર વિમાન ઉડાડી રહ્યા હતા જ્યારે કમાન્ડર સુમિત સભરવાલ આ ઉડાન માટે 'પાઇલટ્સ મોનિટરિંગ' હતા. રિપોર્ટમાં જણાવાયું છે કે, એક પાઇલટ્સ બીજા પાઇલટ્ને સવાલ કરે છે કે, તેણે ફ્યુઅલ સ્વિચ કેમ બંધ કરી ? બીજા પાઇલોટ જવાબ આપે છે કે, મેં ફ્યુઅલ સ્વિચ બંધ કરી નથી.

રિપોર્ટમાં માત્ર આટલી જ વાતચીતનો ઉલ્લેખ છે. તેની આગળપાછળની કોઈ વાતચીતનો ઉલ્લેખ નથી એ શંકાસ્પદ છે. સમિતિએ પાઇલટ્સની આખી વાતચીત મૂકવી જોઈએ કે જેથી બંને પાઇલટ્સ કયા સંદર્ભમાં વાત કરે છે એ સ્પષ્ટ થાય પણ તેના બદલે સોશિયલ મીડિયા પર વપરાતી ટ્રિક્સ વાપરીને સીલેક્ટિવ વાતચીત મૂકી દેવાઈ છે. નિષ્ણાતોનું કહેવું છે કે, પાઇલટ્સ વિમાનની સ્થિતિ અંગે પહેલા કરેલી ફરિયાદ કે બીજી કોઈ વાત કરી રહ્યા હશે એવી શક્યતા નકારી ના શકાય. એ વાતચીત કાપી નંખાઈ તેનો અર્થ એ થયો કે દાળમાં કંઈક કાળું છે.

આ શંકા કરવા માટે નક્કર કારણો પણ છે. AAIB ના અહેવાલ પ્રમાણે જ AI-૧૭૧ કોડ સાથે લંડન જતી એર ઇન્ડિયા ડ્રીમલાઇનરે તૂટી પડ્યા પહેલાં દિલ્હીથી અમદાવાદ સુધીની છેલ્લી સફળ ઉડાન ભરી હતી. ઉડાન પછી તરત જ પાઇલટે 'STAB POS XDCR' નામનું ટેકનિકલ એલર્ટ નોંધાવ્યું હતું. આ એલર્ટનો અર્થ એ છે કે, વિમાનનું સંતુલન તપાસતું સેન્સર નિષ્ફળ ગયું છે.

આ સેન્સર પ્લેનના હોરિઝોન્ટલ સ્ટેબિલાઇઝર (પિચ બેલેન્સ જાળવનાર પાછળની પાંખ)ની સ્થિતિ જણાવે છે. આ સેન્સર નિષ્ફળ જાય તો ઓટોપાઇલટ, પિચ કંટ્રોલ અને સ્ટોલ પ્રોટેક્શન વગેરે મહત્ત્વની સિસ્ટમો ખોટા આદેશો આપવાનું શરૂ કરે છે. પાઇલટે વિમાન ટેક-ઓફ કર્યું ત્યારે એ ભૂલના કારણે ગરબડ થઈ હોવાની શક્યતા તો છે જ પણ મોટો સવાલ એ છે કે, આ ખામી દૂર કરાઈ હતી કે નહીં ? રિપોર્ટમાં તેનો ઉલ્લેખ નથી અને ફ્યુઅલ સ્વિચની પારાયણ જ કરાઈ છે.

આ રિપોર્ટ શંકાસ્પદ છે ને તેમાં મોટી કંપનીઓને છાવરવાની ખોરી દાનત દેખાઈ જ રહી છે. બોઈંગ અને એર ઈન્ડિયા સહિતની દુર્ઘટના સાથે સંકળાયેલી કંપનીઓ પાસે કરોડો રૂપિયા છે. સામે પાઇલટ્સ બિચારા ગુજરી ગયા છે અને તેમનો કોઈ વાંક નહોતો એવું સાબિત કરનારું કોઈ નથી એ જોતાં બધો દોષનો ટોપલો તેમના પર ઢોળી દેવાય એ શક્ય છે. પ્રારંભિક રિપોર્ટમાં તેનો તખ્તો તૈયાર કરી દેવાયો છે ને અંતિમ રિપોર્ટ એ જ લાઈ પર બનાવીને આખી વાતનું ફીંડલું વાળી દેવાય એવું બને. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ, મંગળવાર, તા. ૧૫-૭-૨૦૨૫, નાગપંચમી, પંચક.
ભારતીય દિનાંક ૨૪, માહે અષાઢ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૫
જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૫
પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
પારસી ગાથા ૫ વહિશ્તોઈસ્ત, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
મીસરી રોજ ૨૦મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
નક્ષત્ર શતભિષા સવારે ક. ૦૬-૨૫ સુધી,પછી પૂર્વા ભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૬ સુધી (તા. ૧૬), પછી ઉત્તરા ભાદ્રપદા.
ચંદ્ર કુંભમાં રાત્રે ક. ૨૩-૫૭ સુધી, પછી મીનમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૫, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ બપોરે ક. ૧૪-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૭ (તા. ૧૬)
ઓટઃ સવારે ક. ૦૮-૨૦, રાત્રે ક. ૨૧-૧૯
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - પંચમી. નાગપંચમી (બંગાળ), પંચક, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અજૈક્યપાદ દેવતાનું પૂજન, નાગદેવતાનું પૂજન, આંબો વાવવો, પરગામ પ્રયાણ મધ્યમ, નિત્ય થતાં પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ.
આચમનઃ ચંદ્ર-મંગળ પ્રતિયુતિ અકારણ વિવાદો કરે, ચંદ્ર-રાહુ યુતિ અશક્ત મન, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સમાજમાં પ્રતિષ્ઠા.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-રાહુ યુતિ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે.
ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# અમદાવાદ પ્લેન ક્રેશ :

## મૅકેનિકલ ખામી મળી નથીઃ ઍર ઇન્ડિયાના સીઇઓ

નવી દિલ્હી : એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર કેમ્પબેલ વિલ્સને સોમવારે જણાવ્યું હતું કે ગયા મહિને અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરોના પ્રારંભિક રિપોર્ટમાં વિમાન અથવા એન્જિનમાં કોઈ યાંત્રિક કે મેઇન્ટેનન્સ સંબંધિત સમસ્યા જોવા મળી નથી અને તમામ ફરજિયાત મેઇન્ટેનન્સ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા હતા.

એર ઈન્ડિયાના કર્મચારીઓને આપેલા એક મેસેજમાં તેમણે કહ્યું હતું કે, ઈંધણની ગુણવત્તામાં કોઈ સમસ્યા નહોતી અને ટેક-ઓફ રોલમાં પણ કોઈ અસામાન્યતા નહોતી. પાયલટ્સે ઉડાન પહેલાં બ્રેથલાઈઝર ટેસ્ટ પાસ કર્યો હતો અને તેમની તબીબી સ્થિતિ અંગે કંઈ અસામાન્ય મળ્યું નથી. ટેક-ઓફ રોલ એ તબક્કો છે જ્યારે વિમાન રનવે પર દોડે છે જેથી તે ઉડાન ભરવા માટે પૂરતી ગતિ મેળવી શકે.

એએઆઇબીએ શનિવારે એર ઈન્ડિયાના બોઇંગ ૭૮૭-૮ વિમાનના દુર્ઘટના અંગે તેનો પ્રારંભિક અહેવાલ જાહેર કર્યો હતો. આ વિમાન દુર્ઘટનામાં ૧૨ જૂને ૨૬૦ લોકો માર્યા ગયા હતા. અમદાવાદથી લંડન ગેટવિક જતી ફલાઇટ નંબર એઆઇ-૧૭૧ ટેકઓફ પછી તરત જ એક ઇમારત સાથે અથડાઈ હતી.

વિલ્સને ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રારંભિક અહેવાલમાં કોઈ કારણ આપવામાં આવ્યું નથી કે કોઈ ભલામણ કરવામાં આવી નથી. તેમણે દરેકને વિનંતી કરી કે તપાસ હજુ પૂર્ણ થઈ નથી તેથી કોઈ પણ નિષ્કર્ષ કાઢવામાં આવે નહીં. તેમણે કહ્યું હતું કે, અમે તપાસકર્તાઓને સહકાર આપવાનું ચાલુ રાખીશું જેથી ખાતરી કરી શકાય કે તેમની પાસે સંપૂર્ણ અને વ્યાપક તપાસ કરવા માટે જરૂરી બધી માહિતી છે. ■

## તમામ બોઈંગ-૭૮૭ની ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચના ઈન્સ્પેકશનનો આદેશ

નવી દિલ્હી : ભારતમાં સેવા આપતી તમામ એરલાઇન્સને તેમના બોઇંગ ૭૮૭ કાફલામાંના વિમાનોની ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચનું ફ્યુઅલ નરીક્ષણ કરવું પડશે કારણ કે દેશની એવિયેશન રેગ્યુલેટરી સંસ્થાએ ૧૨ જૂનના રોજ અમદાવાદમાં થયેલા એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના તપાસ અહેવાલને ધ્યાનમાં રાખીને આ અંગે આદેશ જાહેર કરશે.

એક મીડિયા રિપોર્ટ અનુસાર, ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશન (ડીજીસીએ) દ્વારા સંભવિત કાર્યવાહી ત્યારે કરવામાં આવી રહી છે જ્યારે તપાસ રિપોર્ટમાં અમેરિકન નિયમનકાર દ્વારા ૨૦૧૮માં જાહેર કરાયેલા નિર્દેશનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં ફ્યુઅલ સ્વિચ લોકિંગ મિકેનિઝમ્સના નિરીક્ષણની ભલામણ કરવામાં આવી હતી.

યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ) સલાહકારે સ્વિચના આકસ્મિક ઉપયોગને રોકવા માટે ૭૮૭ સહિત વિવિધ બોઇંગ મોડલોનો ઉલ્લેખ કર્યો હતો. એર ઇન્ડિયાએ તપાસ ટીમને જણાવ્યું હતું કે તેણે આ નિરીક્ષણો હાથ ધર્યા નથી કારણ કે આ અંગેની સલાહ આપવામાં આવી હતી પરંતુ ફરજિયાત નહોતા.

અમદાવાદ દુર્ઘટનામાં સામેલ વિશેષ વિમાન વીટી-એનબીનો ૨૦૨૩થી મેઇન્ટેનન્સનો રેકોર્ડ યોગ્ય હતો, શનિવારે પ્રારંભિક અહેવાલમાં આ અંગેની વિગતો જાહેર કરવામાં આવી હતી.

એર ઈન્ડિયાની ફ્લાઇટ નંબર એઆઇ ૧૭૧ ક્રેશની પ્રાથમિક તપાસ પછીથી જ સ્વિચ અને તેમના લોકિંગ મિકેનિઝમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે વિમાન એરપોર્ટ નજીક તૂટી પડ્યું તેના થોડા સેકન્ડ પહેલા એક પાયલટે બીજાને પૂછ્યું હતું કે તેણે એન્જિનમાં ફ્યુઅલ સપ્લાય કેમ બંધ કરી દીધું પરંતુ બીજા પાયલટે તેણે તેમ કર્યું હોવાનો ઇનકાર કર્યો હતો. એ તપાસ હજુ પણ બાકી છે કે ફ્યુઅલ કેમ બંધ કરાયું હતું. ■

## મની લૉન્ડરિંગ કેસમાં રોબર્ટ વાડ્રા આખરે ઇડી સામે હાજર

નવી દિલ્હીઃ કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના ઉદ્યોગપતિ પતિ રોબર્ટ વાડ્રા યુકે સ્થિત હથિયાર સલાહકાર સંજય ભંડારી અને અન્ય કેટલાક લોકો સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે સોમવારે એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ(ઇડી) સમક્ષ હાજર થયા હતા. આ જાણકારી સત્તાવાર સૂત્રોએ આપી હતી.

૫૬ વર્ષીય વાડ્રા સવારે ૧૧ વાગ્યા પછી મધ્ય દિલ્હીસ્થિત ફેડરલ તપાસ એજન્સીના કાર્યાલય પહોંચ્યા હતા. તેમની સાથે કેરળની વાયનાડ લોકસભા બેઠકના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હતા. ઉદ્યોગપતિનું નિવેદન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ) હેઠળ નોંધવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ કેસમાં પૂછપરછ માટે એજન્સીએ ગયા મહિને તેમને બે વાર સમન્સ પાઠવ્યા હતા. પરંતુ તેમણે વિદેશ પ્રવાસનું કારણ રજૂ કરીને સમન્સ મુલતવી રાખવા વિનંતી કરી હતી. એજન્સી વાડ્રા સામે ત્રણ અલગ-અલગ મની લોન્ડરિંગ કેસોની તપાસ કરી રહી છે, જેમાંથી બે કેસો જમીન સોદામાં કથિત અનિયમિતતાઓ સાથે સંબંધિત છે.

વાડ્રા અને ભંડારી સાથે જોડાયેલો આ કેસ ૨૦૨૩માં દાખલ કરાયેલ ચાર્જશીટમાં ઇડીના તારણો સાથે સંબંધિત છે. જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ભંડારીએ ૨૦૦૯માં લંડનમાં ૧૨, બ્રાયનસ્ટન સ્ક્વેર હાઉસ હસ્તગત કર્યું હતું અને વાડ્રાના નિર્દેશો અનુસાર તેનું નવીનીકરણ કરાવ્યું હતું. નવીનીકરણ માટે ભંડોળ રોબર્ટ વાડ્રા દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

વાડ્રાએ લંડનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઇ મિલકત હોવાનો ઇનકાર કર્યો છે. તેમણે આ આરોપોને તેમની વિરુદ્ધ રાજકીય કાવતરું ગણાવતા કહ્યું કે રાજકીય હેતુઓ માટે તેમને પ્રતાડિત અને હેરાન કરવામાં આવી રહ્યા છે. જ્યારે ૬૩ વર્ષીય ભંડારી ૨૦૧૬માં આવકવેરા વિભાગ દ્વારા દિલ્હીમાં પાડવામાં આવેલા દરોડા બાદ તરત જ લંડન ભાગી ગયો હતો. ■

## ટીસીએમ બદલ્યા છતાં ફ્યુઅલ સ્વિચ કેમ ફેઈલ ગઇ?

અમદાવાદઃ અમદાવાદમાં બારમી જૂને એર ઈન્ડિયાનું પ્લેન બોઇંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન ક્રેશ થયું હતું. આ સમગ્ર દુર્ઘટના મામલે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો દ્વારા ઘટનાની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. અએઈઇના રિપોર્ટમાં અનેક નવા ખુલાસાઓ થયા છે. આ રિપોર્ટ પ્રમાણે એર ઇન્ડિયાના આ વિમાનમાં ટીસીએમ છેલ્લા ૬ વર્ષમાં બે વખત બદવામાં આવ્યું હતું. ૨૦૧૯ અને ૨૦૨૩માં થ્રોટલ કંટ્રોલ મોડ્યુલ (ટીસીએમ) બદલવામાં આવ્યું હતું. તેમ છતાં પણ કેમ ફ્યુઅલ સ્વીચ કટ ઓફફ થઈ તે એક સવાલ છે. ટીસીએમ એક મહત્વપૂર્ણ ફ્લાઇટ સિસ્ટમ છે, જેમાં ફ્યુઅલ કંટ્રોલ સ્વીચનો પણ સમાવેશ થાય છે. આ એ જ સ્વીચ છે, જે હવે અકસ્માતના તપાસમાં કેન્દ્રમાં આવી ગઈ છે. ■

## માનવીય ભૂલને કારણે ફ્યુઅલ સ્વિચ બંધ થયાનો એવિએશન એક્સપર્ટનો દાવો

નવી દિલ્હીઃ અમદાવાદમાં એર ઈન્ડિયાનું બોઇંગ ૭૮૭-૮ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું તે પહેલા માનવીય ભૂલને કારણે ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચ બંધ થઇ હતી. તેમજ અકસ્માત અંગે એએઆઇબીનો પ્રારંભિક અહેવાલ વધુ પારદર્શક હોવો જોઇતો હતો. આ દાવો એવિયેશન એક્સપર્ટ કેપ્ટન મોહન રંગનાથને સોમવારે કર્યો હતો. તેમની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે પાઇલટ યુનિયનોએ ૧૨ જૂનના રોજ થયેલા એઆઇ ૧૭૧ વિમાન દુર્ઘટનામાં પાઇલટની ભૂલ અંગેની અટકળો પર ચિંતા વ્યક્ત કરી છે. રવિવારે ઇન્ડિયન કોમર્શિયલ પાઇલટ્સ એસોસિએશન (આઇસીપીએ)એ જણાવ્યું કે વિમાન ક્રૂએ પડકારજનક પરિસ્થિતિઓમાં તેમની તાલીમ અને જવાબદારીઓ અનુસાર કામ કર્યું હતું. પાઇલટોને અનુમાનના આધારે બદનામ કરવા જોઇએ નહીં. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો(એએઆઇબી)ના પ્રારંભિક અહેવાલને ટાંકીને ભૂતપૂર્વ એરલાઇન પ્રશિક્ષક પાઇલટ રંગનાથને જણાવ્યું કે પહેલી ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચ ફેઇલ થઇ અને એક સેકન્ડ બાદ વિમાન ક્રેશ થતાં પહેલા બીજી ફ્યુઅલ સ્વિચ પણ ફેઇલ થઇ હતી.

તેમણે જણાવ્યું કે પાવર ફેલ થવાથી સ્વિચ પાછળ બાજુ સરકતી નથી. સ્વિચ પાછળ બાજુ સરકતી નથી તેથી તેને સ્લોટમાંથી બહાર કાઢવી પડે છે. પછી તેને રન અથવા કટઓફ પોઝિશન પર લઇ જવી પડે છે... આ કોઇ ઓટોમેટેડ પ્રક્રિયા નથી, તે મેન્યુઅલી કરવી પડે છે. આ એક માનવીય ભૂલ હોવાનો રંગનાથને દાવો કર્યો હતો. એએઆઇબીએ શનિવારે જારી બોઇંગ ૭૮૭-૮ દુર્ઘટના પર તેના પ્રારંભિક અહેવાલમાં જણાવ્યું કે વિમાનના બંને એન્જિનોનો ઇંધણ પુરવઠો એક સેકન્ડના ગાળામાં બંધ થઇ ગયો હતો. ■

## દંતકથા સમાન અભિનેત્રી બી.સરોજા દેવીનું નિધન

બેંગલૂરુઃ દંતકથાસમાન દક્ષિણની અભિનેત્રી બી. સરોજા દેવીનું સોમવારે નિધન થયું હોવાનું ફિલ્મ ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું. સરોજા દેવી ૮૭ વર્ષનાં હતાં. વય સંબંધિત બીમારીને કારણે બેંગલૂરુના મલ્લેશ્વરમસ્થિત નિવાસસ્થાને તેમનું મૃત્યુ થયું હતું. તમિળમાં પ્રેમથી લોકો તેમને 'કન્નડાથુ પૅઈનગિલિ'(કન્નડાના પોપટ) તરીકે બોલાવતા હતા. તેઓ કન્નડ સિનેમાનાં પ્રથમ મહિલા સુપરસ્ટાર હતાં. પ્રથમ જ ફિલ્મમાં તેમણે નેશનલ એવૉર્ડ મેળવ્યો હતો. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### લૉર્ડ્સમાં

જાડેજાની (૧૩૨ બૉલમાં ૩૫ રનની) સૌથી સારી ભાગીદારી થઈ હતી. સિરાજ સાથે પણ જાડેજાની ખૂબ સારી (૮૦ બૉલમાં ૨૩ રનની) પાર્ટનરશિપ થઈ હતી. નીતીશ સાથે જાડેજાની (૯૧ બૉલમાં ૩૦ રનની) ભાગીદારી થઈ હતી. આ બધી ભાગીદારીઓમાં જાડેજા બ્રિટિશ બોલર્સના આતંક સામે યોદ્ધાની જેમ લડ્યો હતો અને છેક સુધી પોતે અપરાજિત હતો, પણ ટીમ ઇન્ડિયા હારી ગઈ હતી. જાડેજાએ કરોડો ક્રિકેટપ્રેમીઓના દિલ જીતી લીધા હતા.

ભારતના દાવમાં ૭૫મી ઓવર ઈજાગ્રસ્ત સ્પિનર શોએબ બશીરે કરી હતી જેના પાંચમા બૉલમાં સિરાજ સ્ટમ્પ્સમાં જઈ રહેલા બૉલને રોકવામાં નિષ્ફળ ગયો હતો અને છેવટે ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. એની થોડી ક્ષણો પહેલાં સિરાજને જોફ્રા આર્ચરના બાઉન્સરમાં બૉલ ખભા પર વાગ્યો હતો. એ સાથે બ્રિટિશરો તેની એકાગ્રતા તોડવામાં સફળ રહ્યા હતા, કારણકે થોડી વાર પછી સિરાજે વિકેટ ગુમાવી દીધી હતી.

ભારતે ટેસ્ટ ક્રિકેટ રમવાની શરૂઆત ૧૯૩૨માં લૉર્ડ્સથી જ કરી હતી અને આ ઐતિહાસિક સ્થળે ભારતને ચોથી વાર ટેસ્ટમાં વિજય મેળવવાની અમૂલ્ય તક મળી, પરંતુ જાડેજાની નજર સામે એક પછી એક બૅટ્સમૅને વિકેટ ગુમાવી દેતાં ટીમ પરાજિત થઈ હતી. રિષભ પંત (૧૨ બૉલમાં નવ રન), કે. એલ. રાહુલ (૫૮ બૉલમાં ૩૯ રન) અને ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર (શૂન્ય) પહેલા એક કલાકમાં જ આઉટ થઈ ગયા હતા. લડાયક વૃત્તિના જાડેજાએ ફાસ્ટ બોલર ક્રિસ વૉક્સની ૪૮મી ઓવરમાં છગ્ગો ફટકારીને તાકાત બતાવી આપી હતી. જાડેજા લગભગ દરેક ઓવરને અંતે સ્ટ્રાઇક પોતાની પાસે રાખવામાં સફળ થયો હતો અને છેવટે પિચ પર અણનમ રહ્યો હતો.

પંતને ડાબા હાથની પહેલી આંગળીમાં ખૂબ દુખાવો છે. જ્યારે પણ બૉલ તેના બૅટને લાગતો હતો ત્યારે તેને આંગળીમાં દુખાવો થતો હતો. પંત આંગળીની ઈજા છતાં મિશન પૂરું કરાવવા આવી તો ગયો અને તેણે એક હાથે ફોર ફટકારીને બ્રિટિશરોને ચેતવી દીધા હતા, પણ નવ રન બનાવીને આર્ચરના બૉલમાં ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. પંત ચોથી ટેસ્ટમાં રમશે કે કેમ એમાં શંકા છે.

રાહુલની સૌથી મહત્ત્વની વિકેટ બેન સ્ટૉક્સે લીધી હતી. તેનો સીમ બૉલ અચાનક અંદર તરફ આવ્યો અને રાહુલ એલબીડબ્લ્યૂ થઈ ગયો હતો.

ચાર વર્ષે ટેસ્ટમાં કમબૅક કરનાર ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે ત્રણ તેમ જ કૅપ્ટન બેન સ્ટૉક્સે પણ ત્રણ, બ્રાયડન કાર્સે બે તેમ જ બશીર-વૉક્સે એક-એક વિકેટ લીધી હતી.

બેન સ્ટૉક્સને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. જોકે ખરેખર તો ભારત હારવા છતાં જાડેજા આ મૅચનો સુપરહીરો હતો. ■

### જલ્દી હી ધરતી પર

ટિબર કાપુનો સમાવેશ થાય છે. ૨૬ જૂને આઈએસએસ ડૉક થયા બાદ આ ચારેએ ૪૩૩ કલાક એટલે કે ૧૮ દિવસ અવકાશમાં ગાળ્યા હતા તથા ૭૬ લાખ માઈલ આવરીને પૃથ્વીનું ૨૮૮ વાર પરિભ્રમણ કર્યું હતું. ચાર અવકાશવીરે એકમેકને ભેટીને અને હાથ મિલાવ્યા બાદ અનડૉકિંગના બે કલાક પહેલાં અવકાશયાન ડ્રેગનમાં પ્રવેશ્યા હતા. તેમણે તેમના સ્પેસસૂટ પહેરી લીધા હતા અને ભારતીય સમય મુજબ બપોરે ૨-૩૭ કલાકે આઈએસએસ સાથે જોડતી હેચ બંધ કરી હતી. રવિવારે આઈએસએસમાં યોજાયેલા વિદાય સમારોહમાં શુક્લાએ કહ્યું હતું કે જલ્દી હી ધરતી પર મુલાકાત કરતે હૈ (પૃથ્વી પર તુરત મળીશું) શુભાંશુ અંતરિક્ષમાં મુસાફરી કરનાર ભારતનો બીજો અવકાશવીર છે. અગાઉ રાકેશ શર્માએ ૧૯૮૪માં સ્પેસમાં મુસાફરી કરી હતી.

થોડું બર્નિંગ કરીને અને સ્પેસ સ્ટેશનની આસપાસની સલામત ઝોનને થોડ્યા બાદ અવકાશવીરોએ ૨૨.૫ કલાકની વાપસી પ્રવાસ માટે તેમના સ્પેસસૂટ પહેર્યા હતા. અવકાશવીર યાન ડ્રેગન મંગળવારે ભારતીય સમય મુજબ બપોરના ૩-૦૧ કલાકે કેલિફોર્નિયાના તટની નજીક સમુદ્રમાં ઉતરાણ કરે એ પહેલાંની ડી-ઓર્બિટ પ્રોસિજરની માટે તેમના સ્પેસસુટ પહેરશે. .

ચાર અવકાશવીરો શરીરને અને વજનરહિત સ્થિતિમાંથી ગુરુત્વાકર્ષણ બળના પ્રભાવની સામાન્ય સ્થિતિમાં લાવવા સાત દિવસ રીહેબિલિટેશન કરશે. રવિવારે ૭૩ અવકાશવીરોએ તેમને માટે ખાસ વિદાય સમારોહ યોજ્યો હતો. આ મિશનને લીધે ભારત, પોલૅન્ડ અને હંગેરીના અવકાશવીરનું અંતરિક્ષમાં ચાર દાયકા પછી પુનરાગમન થયું છે. યાન પૃથ્વીના વાતાવણમાં આવશે ત્યારે તેને ૧,૬૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો સામનો કરવો પડશે. આથી યાનના અંતમિ ઑપરેશનમાં કેપસ્યુલની ટ્રન્કને અલગ કરવા અને ગરમીનું શીલ્ડ સક્રિય કરવાનો સમાવેશ થાય છે.

#### શુંભાશુંને આવકારવા લખનઊમાં તડામાર તૈયારી

અવકાશવીર શુભાંશુ શુક્લા ઈન્ટનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ)માં ૧૮ દિવસ રહ્યા બાદ પૃથ્વી પર પાછા ફરવાની તૈયારી કરી રહ્યો છે ત્યારે તેનું કુટુંબ તેના સલામત પુનરાગમનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું છે. તેના કુટુંબે કહ્યું હતું કે શુભાંશુની સિદ્ધિ અંગે અમે ભાવુક બનીને ગર્વ અનુભવી રહ્યા છીએ.

શુભાંશુનું કુટુંબ કહે છે કે અમે શુભાંશુને એક બાળકની જેમ અંતરિક્ષ બતાડતા જોઈને આનંદ થયો છે. જોકે સોમવારે આઈએસએસથી એક્સિઓમ-૪ મિશન અલગ થઈ ગયું છે અને અવકાશયાન મંગળવારે કેલિફોર્નિયાના તટ નજીક ઉતરાણ કરશે.

શુભાંશુના પિતા શંભુદયાલ શુક્લાએ લખનઊમાં કહ્યું હતું કે અમારા પુત્રને આર્શિવાદ આપવા બદલ અમે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને લોકોનો આભાર માનીએ છીએ. તેના મિશનનો અંત આવી રહ્યો છે અને અમે તેનું સ્વાગત કરવા ઉત્સુક છીએ. અમે તરત તેને મળી શકીશું નહીં. તે પહેલાં અમેરિકા જશે.

શુભાંશુ આઈએસએસમાં હતો ત્યારે તેની સાથેના વાર્તાલાપને યાદ કરતાં તેમણે કહ્યું હતું કે તેણે અમને તે ક્યાં રહે છે, કામ કરે છે અને અંતરિક્ષમાં ક્યાં સુએ છે એ બતાડ્યું હતું. અતંરિક્ષમાં ચાલવાનું હોતું નથી. ત્યાં લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ ફ્લોટ કરે છે. તેઓ પટ્ટા બાંધીને ઊભા ઊભા સુએ છે. તેણે અમને અંતરિક્ષથી સૂર્યોદય, પૃથ્વીની સપાટી, પર્વતઅને ચંદ્રની ગતિ બતાડી હતી. અમારો છોકરો અંતરિક્ષમાં ખુશ છે એ જોઈને અમને પણ આનંદ થયો.

તેમણે કહ્યું હતું કે તેની અવકાશયાત્રાથી યુવાનોને પ્રેરણા મળશે. તેણે શાળાના વિદ્યાર્થીઓને કહ્યું હતુ કે તમે ૧૦૦ ટકા મહેનત કરો તો તમે તમારું લક્ષ્ય સિદ્ધ કરી શકો છો. જો તમે એક વાર વિફળ થાઓ તો બીજા વાર પ્રયાસ કરીને સફળતા મેળવી શકો છો.

તેની માતા અશા દેવીએ કહ્યું હતું કે અમારું આખું કુટુંબ આનંદ અને અપેક્ષાથી છલકાય છે. અમે તેની રાહ જોઈ રહ્યા છીએ. આજે શ્રાવણનો પ્રથમ સોમવાર હોવાથી અમે ભગવાન શિવને તેના સફળ આગમનની પ્રાર્થના કરી. તે ઘરે આવશે ત્યારે અમે તેનું ભવ્ય સ્વાગત કરીશું. (એજન્સી)■

# આઈટી શેરોમાં વેચવાલીનું દબાણ ચાલુ રહેતા સેન્સેક્સમાં સતત ચોથા દિવસે પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: આઇટી શેરોમાં વેચવાલીનું દબાણ ચાલુ રહેવા સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીને કારણે સોમવારે, સતત ચોથા દિવસે પણ ઘટાડો ચાલુ રહ્યો હતો અને બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં ફીચેક્ટ નોંધાઇ હતી. સેન્સેક્સ ૨૪૭.૦૧ પોઈન્ટ અથવા તો ૦.૩૦ ટકા ઘટીને ૮૨,૨૫૩.૪૬ પોઈન્ટની સપાટી પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૪૯૦.૦૯ પોઈન્ટ અથવા ૦.૫૯ ટકા ઘટીને ૮૨,૦૧૦.૩૮ સુધી નીચે ગયો હતો.

જ્યારે એનએસઈનો બેન્ચમાર્ક નિફ્ટી ૬૭.૫૫ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા ઘટીને ૨૫,૦૮૨.૩૦ પોઇન્ટ પર સ્થિર થયો હતો. નવમી જુલાઈથી ચાર દિવસમાં સેન્સેક્સ લગભગ ૧,૪૬૦ પોઈન્ટ અથવા ૧.૭૫ ટકા અને નિફ્ટી ૪૪૦ પોઈન્ટ અથવા ૧.૭૩ ટકા ઘટીને બંધ થયો છે. જોકે, વ્યાપક શેરઆંકોએ, બેન્ચમાર્ક કરતાં વધુ સારો દેખાવ કર્યો, જેમાં મિડકેપ અને સ્મોલકેપ શેરઆંક ૦.૭૧ ટકા અને ૧.૦૪ ટકાની વચ્ચે વધ્યા હતા.

સેન્સેક્સ કંપનીઓમાં, એશિયન પેઇન્ટ્સ સૌથી વધુ ૧.૫૮ ટકા ઘટ્યો હતો.આ પછી ઘટનારા શેરોમાં ટેક મહિન્દ્રા, બજાજ ફાઇનાન્સ, ઇન્ફોસિસ, એચસીએલ ટેક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, લાર્સન એન્ડ ટુબ્રો અને ટાટા મોટર્સનો ક્રમ રહ્યો હતો. જોકે, ઇટર્નલ, ટાઇટન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને આઇટીસી ટોપ ગેઇનર રહ્યા હતા. સ્માર્ટવર્ક્સ કોવર્કિંગ સ્પેસ લિમિટેડના રૂ. ૫૮૩ કરોડના પ્રારંભિક જાહેર ઓફરને સોમવારે બિડિંગના અંતિમ દિવસે ૧૩.૪૫ ગણું સબ્સ્ક્રિપ્શન મળ્યું હતું. એનએસઇ ડેટા મુજબ, ત્રણ દિવસના આઇપીઓમાં ઓફરમાં મૂકાયેલા ૧,૦૪,૦૧,૮૨૮ શેરની સામે ૧૩,૯૯,૦૮,૮૫૨ શેર માટે બિડ મળી હતી.

એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)એ ૫,૧૦૪.૨૨ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર વેચ્યા હતા. દરમિયાન, ભારતીય વાણિજ્ય મંત્રાલયની એક ટીમ સોમવારથી શરૂ થનારા પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટોના બીજા રાઉન્ડ માટે વોશિંગ્ટન પહોંચી ગઈ હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, ટેરિફ હેડલાઇન્સ અને કમાણીની સીઝનની નબળી શરૂઆતને કારણે સ્થાનિક બજારમાં કોન્સોલિડેશન ચાલુ રહ્યું હતું, કારણ કે રોકાણકારો ત્રણ વર્ષના ઉચ્ચ સ્તરે ચાલી રહેલા વેલ્યુએશન સંદર્ભે વધુ સંવેદનશીલ બની રહ્યા છે. જોકે, હેલ્થકેર, રિયલ્ટી, કન્ઝ્યુમર અને ડિસક્રન્સીરીમાં સેક્ટર-વાઈઝ પિક-અપ સાથે સ્ટોક-સ્પેસિફિક એક્શન ચાલુ છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૬માં કમાણી ડાઉનગ્રેડ થવાના જોખમને કારણે આઇટી શેરમાં વેચવાલીનું દબાણ રહે છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચો રહ્યો હતો. યુરોપિયન બજારો નકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૯૯ ટકા વધીને ૭૧.૦૬ ડોલર પ્રતિ બેરલ બોલાયુ હતું. શુક્રવારે, સેન્સેક્સ ૬૮૯.૮૧ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા ઘટીને ૮૨,૫૦૦.૪૭ પર સ્થિર થયો હતો. એ જ રીતે, નિફ્ટી ૨૦૫.૪૦ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકા ઘટીને ૨૫,૧૪૯.૮૫ પર બંધ રહ્યો હતો.

બજાર માટે બે નકારાત્મક પરિબળ ઊભા થયા હોવાથી આ સપ્તાહે આખલાની ચાલ ખોડંગાયેલી રહે એવી સંભાવના છે. એકતરફ ટ્રમ્પે ટેરિફનો ટોપપીડો છોડ્યો હોવાથી વૈશ્વિક ઇક્વિટી માર્કેટનું હવામાન ડહોળાઇ ગયું છે, ત્યારે બીજી તરફ સ્થાનિક ધોરણે ટીસીએલના અપેક્ષાથી ઊણાં પરિણામને કારણે રોકાણકારોમાં સાવચેતીનું વલણ રહે એવી પણ ધારણા છે. નોંધવું રહ્યું કે, અમેરિકા દ્વારા કેનેડા પર ૩૫ ટકા અને પહેલી ઓગસ્ટથી યુરોપ અને મેક્સિકો પર ૩૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે અને એ જ સાથે ભારત પર પણ વીસ ટકાની ટેરિફ તોળાઇ રહી છે.

ગ્લોબલ ટ્રેડમાં સતત ટેન્શન સાથે સ્થાનિક સ્તરે કમાણીની મોસમની નબળી શરૂઆત વચ્ચે સ્થાનિક બેન્ચમાર્ક શેરઆંકમાં સતત બે અઠવાડિયા સુધી વેચવાલી જોવા મળી છે. ભારત-યુએસ વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં વિલંબ અને યુએસ દ્વારા ટેરિફની સમયમર્યાદા લંબાવવાના નિર્ણયથી ટૂંકા ગાળાની અનિશ્ચિતતાઓમાં વધારો થયો છે. વધુમાં, કેનેડા, યુરોપ અને મેક્સિકો પર ટેરિફ લાદવાના યુએસના પગલાથી બજારનું સેન્ટિમેન્ટ ખખડી ગયું છે.

ટોચના ટેક્નિકલ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, નિફ્ટી દૈનિક ચાર્ટ પર તેના અગાઉના સ્વિંગ લોથી નીચે તૂટી ગયો છે, જે દર્શાવે છે કે ઇન્ડેક્સ ઊંચા સ્તરોથી ટૂંકા ગાળાના સુધારાત્મક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. ભાવ હવે ૨૫,૦૦૦ની નજીકના મુખ્ય ફિબોનાકી સપોર્ટ ઝોનની નજીક પહોંચી રહ્યો છે, જ્યાં રિવર્સલ સિગ્નલ ઉભરી શકે છે, કારણ કે વ્યાપક વલણ તેજીનું રહે છે.

મોમેન્ટમ સૂચકાંકો નબળાઈ દર્શાવતા સેન્ટિમેન્ટ દર્શાવે છે. આરએસઆઇ ૪૮.૭૫ પર છે અને નીચે તરફ વલણ ધરાવે છે, જ્યારે એમએસીડીએ નકારાત્મક ક્રોસઓવર આપ્યું છે, જે બંને સાવચેતી સૂચવે છે. બેન્ચમાર્ક ૨૫,૩૩૦થી ઉપર બંધ આપી શકશે તો, તેજીનો વેગ ફરી શરૂ થઈ શકે છે, જે સંભવિત રીતે ૨૫,૬૭૦-૨૬,૦૦૦ને લક્ષ્ય બનાવી શકે છે. નકારાત્મક બાજુએ, જો બેન્ચમાર્ક ૨૫,૦૦૦ નિર્ણાયક રીતે તોડી નાંખે, તો આગામી સપોર્ટ લેવલ ૨૪,૭૫૦ પોઇન્ટની સપાટી પર રહેશે.

# વૈશ્વિક ચાંદી ૩૯ ડૉલરની લગોલગ ૧૪ વર્ષની ટોચે પહોંચતા સ્થાનિકમાં ₹ ૩૫૭૭ની ઝડપી તેજી, સોનું ₹ ૭૯૨ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી પહેલી ઑગસ્ટથી મેક્સિકો અને યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે ૩૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સ્ટોકિસ્ટોની સલામતી માટેની વ્યાપક લેવાલી રહેતાં સોનાના ભાવમાં વધુ ૦.૪ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં સટ્ટાકીય આકર્ષણ વધુ રહેતાં ભાવ ૧.૬૦ ટકા ઉછળીને ૧૪ વર્ષની ટોચે ૩૯ ડૉલરની લગોલગ પહોંચ્યા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી પ્રબળ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૫૭૭ની ઝડપી તેજી ફૂંકાઈ ગઈ હતી. તેમ જ સોનામાં પણ વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવલી ઉપરાંત આજે ડૉલર સામે રૂપિયો ૧૮ પૈસા ગબડ્યો હોવાથી સોનાની આયાત પડતરો પણ વધી આવતા ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮૮થી ૭૯૨નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ભાવમાં તેજીનું વલણ રહેતા સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીનું આકર્ષણ વધ્યું હતું. તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૫૭૭ના ઉછાળા સાથે રૂ. ૧,૧૩,૮૬૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજી આગળ ધપતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૮૮ વધીને રૂ. ૯૭,૯૦૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૯૨ વધીને રૂ. ૯૮,૩૦૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર રોકાણલક્ષી માગ જોવા મળી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મેક્સિકો અને યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે પહેલી ઑગસ્ટથી ૩૦ ટકા ટૅરિફ લાદવાની ટ્રમ્પની જાહેરાત સાથે ટ્રેડ વકરવાની અને આર્થિક અનિશ્ચિતતા વધુ ઘેરી બને તેવી ભીતિ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા વધીને ગત ૨૩ જૂન પછીની ઊંચી ઔંસદીઠ ૩૩૬૯.૮૯ ડૉલર આસપાસ તથા વાયદામાં ભાવ ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૩૩૮૧.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધુ ૧.૬ ટકાની તેજી સાથે ૧૪ વર્ષની સર્વોચ્ચ ઔંસદીઠ ૩૮.૯૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકાની વૈશ્વિક વેપાર નીતિને ધ્યાનમાં લેતા અનિશ્ચિતતામાં વધારો થવાથી સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગને ટેકે તેજીનો અન્ડરટોન જોવા મળી રહ્યો હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉંગે જણાવતાં ઉમેર્યું હતું કે જો આગામી ટૂંકા સમયગાળામાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૩૬૦ ડૉલરની ઉપરની રેન્જમાં જળવાઈ રહે તો ભાવ વધીને ઔંસદીઠ ૩૪૩૫ની પ્રતિકારક સપાટી સુધી પહોંચી શકે છે.

વેપારી ભાગીદાર દેશો સાથે એક સપ્તાહ સુધી ચાલેલી વાટોઘાટોમાં કોઈ નક્કર પરિણામો ન આવતા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે મેક્સિકો અને યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે પહેલી ઑગસ્ટથી ૩૦ ટકા ટૅરિફની ધમકી ઉચ્ચારી છે અને મેક્સિકો તથા યુરોપિયન યુનિયને આ ટૅરિફને ગેરવાજબી લેખાવી હતી. તેમ જ યુરોપિયન યુનિયને જણાવ્યું હતું કે તેઓ ઑગસ્ટના આરંભ સુધી અમેરિકાની ટૅરિફ સામે લીધેલા વળતા પગલાંની મુદત વધારશે અને વાટાઘાટોથી સમાધાનનાં પ્રયાસો ચાલુ રાખવામાં આવશે.

જોકે, હવે રોકાણકારોની નજર ફેડરલનાં વ્યાજદરમાં કપાત માટે નિર્ણાયક પુરવાર થનારા આવતીકાલે (મંગળવારે) જાહેર થનારા અમેરિકાના જૂન મહિનાના ફુગાવાના ડેટા પર સ્થિર થઈ છે. તેમ છતાં બજાર વર્તુળોનું માનવું છે કે આગામી ડિસેમ્બરના અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટ સુધીનો ઘટાડો કરશે.

# ડૉલર સામે રૂપિયો ૧૮ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રેડ વૉર વકરવાની ભીતિ હેઠળ આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઉછળીને બેરલદીઠ ૭૦ ડૉલરની સપાટી પાર કરી ગયા હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૮ પૈસા તૂટીને અંતે ૮૫.૯૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગત શુક્રવારે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં ઘટાડો થયો હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા પણ રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત વરસાદી વાતાવરણમાં રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતા નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

# રિટેલ ઈન્ફ્લેશન છ વર્ષની નીચી સપાટીએ

નવી દિલ્હી: રિટેલ ઇન્ફ્લેશન છ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે, જ્યારે જથ્થાબંધ ફુગવો ૧૯ મહિના પછી નકારાત્મક ઝોનમાં સરક્યો છે. તાજેતરના સરકારી ડેટા અનુસાર શાકભાજી, કઠોળ, મટન અને દૂધના ભાવ સસ્તા થવાને કારણે જુન મહિનામાં રિટેલ ઇન્ફલેશન ૨.૧ ટકાની છ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે.

નેશનલ સ્ટેટિસ્ટિક ઓફિસે આપેલી માહિતી અનુસાર કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) મે મહિનામાં ૨.૮૨ ટકા અને જૂન ૨૦૨૪માં ૫.૦૮ ટકાના સ્તરે હતું. જોકે, મે મહિનાની સામે રિટેલ ઇન્ફલેશનમાં માત્ર ૭૨ બેસિસ પોઇન્ટનો ઘટાડો થયો છે.

એ જ રીતે, ખાદ્ય પદાર્થો અને ઇંધણમાં ડિફ્લેશન વધ્યું હોવાથી, જૂનમાં જથ્થાબંધ ભાવ પર આધારિત ફુગાવો (ડબલ્યુપીઆઇ) ૦.૧૩ ટકા ઘટીને ૧૯ મહિના પછી નકારાત્મક બન્યો હતો.

એનએસઓની માહિતી અનુસાર પ્રોડક્શન કોસ્ટમાં પણ ઘટાડો થવાથી હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સમાં ૦.૧૩ ટકાનો ઘટાડો થયો હતો.

# રાજ્યમાં સિઝનનો ૫૦ ટકા વરસાદ: ૮૩ તાલુકામાં મેઘમહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. ૪૮ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની તેમજ ઉત્તર ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરી હતી. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ઉપરાંત માછીમારોને ૨૪ કલાક દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી હતી. રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં ૮૩ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. સુરતના ઉમરપાડામાં સૌથી વધુ ૨.૨૪ ઇંચ વરસાદ પડ્યો હતો. વલસાડના કપરાડામાં ૨.૨૦ ઇંચ, સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં પણ ૨.૨૦ ઇંચ વરસાદ પડ્યો હતો. વ્યારામાં ૧.૬૫ ઇંચ, સાગબારામાં ૧.૫૪ ઇંચ, નડીયાદમાં ૧.૫૦ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં ત્રણ તાલુકામાં બે ઇંચથી વધારે, ૧૦ તાલુકામાં એક ઇંચથી વધારે અને ૭૦ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ પડ્યો હતો. રાજ્યમાં ચોમાસાની શરૂઆતથી જ સારો વરસાદ વરસ્યો છે. અત્યાર સુધીમાં સરેરાશ ૪૯.૯૬ ટકા વરસાદ વરસી ચુક્યો છે. કચ્છ ઝોનમાં સૌથી વધુ ૫૮.૪૪ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૩.૬૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૯.૧૯ ટકા, પૂર્વ મધ્યમાં ૪૮.૦૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪૫.૯૨ ટકા વરસાદ વરસ્યો છે. સરદાર સરોવર ડેમ ૫૧.૨૬ ટકા ભરાયેલો છે, જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયો તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૫૮.૬૯ ટકા ભરાયેલા છે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદના કારણે ૨૬ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે, જ્યારે ૪૪ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૪૩ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૪૨ ડેમ ૨૫ થી ૫૦ ટકા અને ૪૦ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. હાલ રાજ્યમાં ૪૧ ડેમ હાઈ એલર્ટ પર છે. જ્યારે ૨૨ ડેમ એલર્ટ તથા ૧૮ ડેમ વોર્નિંગ પર છે.

# ચૈતર વસાવાના જામીન ના-મંજૂર થતા હાઈ કોર્ટમાં અરજી કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પ્રાંત કચેરીમાં મારામારીના કેસમાં ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન ના-મંજૂર થયા હતા. જેથી હવે તેમના વકીલ દ્વારા હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવશે. ચૈતર વસાવા ૫ જુલાઈથી જેલમાં છે. ચૈતરને જામીન ન મળે તે માટે તેના જૂના કેસનો જિલ્લા કોર્ટમાં સરકારી વકીલે ઉલ્લેખ કર્યો હતો. ચૈતર વસાવા ૫ જુલાઈથી જેલમાં છે અને હાલ વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદ છે.

સરકારી પક્ષે ચૈતર વસાવાના જામીન નામંજૂર કરવા માટે તેમના અગાઉના કેસોની રજૂઆત કરી હતી. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩ના ફોરેસ્ટ વિભાગના એક કેસમાં તેમને શરતી જામીન મળ્યા હતા અને તે કેસ હજુ કોર્ટમાં ચાલી રહ્યો છે. અગાઉના કેસની ગંભીરતા અને તાજેતરના લાફા કાંડની ઘટનાને ધ્યાનમાં રાખીને, કોર્ટે તેમને જામીન આપવાનો ઇનકાર કર્યો હતો.

# ગોપાલ ઈટાલિયા અને કાંતિ અમૃતિયાના પડકાર પોલિટિક્સનું નાટ્યાત્મક સમાધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સૌની નજર ગોપાલ ઈટાલિયા અને કાંતિ અમૃતિયા (કાનો) પર હતી. ગોપાલ ઈટાલિયાએ આપેલી ચેલેન્જને લઈ કાંતિ અમૃતિયા તેમના સમર્થકો સાથે વાજત ગાજતે ગાંધીનગર આવ્યા હતા. આશરે ૧૦૦ જેટલી કારનો કાફલો લઈને તેઓ સમર્થકો સાથે સચિવાલય પહોંચ્યા હતા. જ્યાં તેમણે ૧૨:૩૦ વાગ્યા સુધી ગોપાલ ઈટાલિયાની રાહ જોયા બાદ રાજીનામું આપ્યા વિના વિધાનસભામાંથી નીકળી ગયા હતા. આ ઘટનાક્રમને પગલે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પણ વિધાનસભામાં પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ઘીના ઠામમાં ઘી પાડવા માટે એક પાટીદાર અગ્રણીએ મોટી ભૂમિકા ભજવી હતી. આ પાટીદાર અગ્રણીએ બંનેને એક માર્મિક ટકોર પણ કરી હતી. ઉપરાંત વિવાદની શરૂઆતથી જ સમાધાનના પ્રયાસો શરૂ કર્યા હતા. આ ચેલેન્જ પોલિટિક્સથી ગુજરાતનું રાજકારણ ગરમાયું હતું. આ ચેલેન્જ પોલિટિક્સને લઈને વિધાનસભા અધ્યક્ષે નિવેદન આપતાં જણાવ્યું કે, કાંતિ અમૃતિયા અને ગોપાલ ઈટાલિયાએ રાજકીય સ્ટંટ કર્યો હતો. મોરબીના ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ ગોપાલ ઇટાલિયાને પડકાર ફેંકતા કહ્યું કે, આપણે બંને રાજીનામું આપી દઈએ અને મોરબીથી ફરી ચૂંટણી લડીએ. એટલું જ નહીં, જો ગોપાલ ઇટાલિયા ચૂંટણી જીતે તો બે કરોડ રૂપિયા આપવાની વાત પણ તેમણે કરી. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે આ સમગ્ર પ્લાન ગોપાલ ઈટાલિયાની ઊભરી રહેલી રાજકીય કારકિર્દીને ખતમ કરવાનો હતો.

# અમદાવાદના સીએ તેહમૂલ સેઠનાની ૬.૮૦ કરોડ રૂપિયાની સંપત્તિ ઈડીએ જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઈડીએ અમદાવાદના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેહમૂલ સેઠનાની ૬.૮૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. ઈડીની અમદાવાદ ઝોનલ ઓફિસ દ્વારા આ અંગેની સત્તાવાર જાણકારી આપવામાં આવી હતી. ઈડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ ૨૦૦૨ હેઠળ સેઠના વિરુદ્ધ ચાલી રહેલી તપાસના સંબંધમાં તેની સંપત્તિઓ જપ્ત કરી હતી. આ જપ્ત કરાયેલી સંપત્તિઓમાં એક બંગલો અને બે ખુલ્લા પ્લોટનો સમાવેશ થાય છે, જેની કિંમત ૬.૮૦ કરોડ રૂપિયા છે.

સેઠના પર ગુનાહિત ષડયંત્ર, નકલી દસ્તાવેજો બનાવવા અને છેતરપિંડીનો આરોપ છે. ઈડી દ્વારા અમદાવાદ શહેરના નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી પોલીસ ફરિયાદના આધારે શરૂ કરાયેલી તપાસમાં સામે આવ્યું કે તેહમૂલ સેઠના એક કાર્યરત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા. જે વિવિધ માનવીય અને કલ્યાણકારી પરિયોજનાઓના અમલીકરણ માટે સમર્પિત ટ્રસ્ટ એનવાયરમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરની તમામ બાબતો સંભાળતા હતા.

સેઠના પર ટ્રસ્ટીઓની જાણકારી વિના તેમના નકલી હસ્તાક્ષર કરીને ટ્રસ્ટના બેંક ખાતામાંથી ૬.૮૫ કરોડ રૂપિયાનો ગેરકાયદે ઉપાડ કર્યો હોવાનો આરોપ છે..ઈડીની તપાસથી જાણવા મળ્યું કે ટ્રસ્ટના બેંક ખાતામાંથી કરાયેલા ઉપાડને આરોપીએ અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા આગળ વધારી હતી.આ તથ્ય સામે આવતાં ઈડીએ સેઠનાની ૬.૮૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. આ મામલે હજુ પણ તપાસ ચાલુ છે.

# સાબર ડેરીમાં ઓછો ભાવ ફેર ચૂકવાયાનો વિરોધ કરતાં પશુપાલકો પર ટિયર ગેસના શેલ છોડવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબર ડેરી ખાતે પશુપાલકો ભાવ ફેર ઓછો ચૂકવાયાનો વિરોધ કરવા એકઠા થયા હતા. પશુપાલકોને તેમની માગણીઓ રજૂ કરવા માટે ડેરીના કમ્પાઉન્ડમાં જતા અટકાવાયા હતા. જેના પગલે પોલીસ અને પશુપાલકો વચ્ચે ઘર્ષણ થયું હતું. પશુપાલકોની એવી ફરિયાદ હતી કે અમને ગયા વર્ષ કરતાં પણ ઓછા પૈસા ચૂકવાયા છે. પશુપાલકોની સાથે ખેડૂતો પણ આ દેખાવોમાં જોડાયા હતા.

પશુપાલકો દ્વારા પોલીસ ઉપર પથ્થરમારાની ઘટના પણ બની હતી. પશુપાલકો બેકાબૂ થતાં પોલીસ દ્વારા લાઠીચાર્જ કરી દેવામાં આવ્યો હતો. પશુપાલકોએ અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે ચક્કાજામ કર્યો હતો. પોલીસે સ્થિતિ પર નિયંત્રણ મેળવવા ૭૦ જેટલા ટિયર ગેસના શેલ છોડવા પડ્યા હતા. ઉપરાંત ૬૦ જેટલા પશુપાલકોની અટકાયત કરી હતી.

સાબર ડેરી દ્વારા દર વર્ષે ચૂકવવામાં આવતા ભાવ ફેરમાં આ વર્ષે વિલંબ થયો હતો. જેના કારણે પશુપાલકોમાં નારાજગી વ્યાપી હતી. તેમણે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યા બાદ ૧૧મી તારીખે તેમના ખાતામાં ભાવફેર જમા થયો હતો. વર્ષ દરમિયાન ડેરી દ્વારા રૂ. ૮૫૦ પ્રતિ કિલો ફેટે દૂધનો ભાવ ચૂકવાયો હતો. વાર્ષિક હિસાબે રૂ. ૯૬૦નો સરેરાશ ભાવ નક્કી થતાં પશુપાલકોને રૂ.૧૧૦ પ્રતિ કિલો ફેટે ભાવ ફેર મળ્યો હતો. જોકે પશુપાલકોનો આ ભાવફેર ગત વર્ષો કરતાં ઓછો હોવાનો આક્ષેપ કર્યો હતો. સવારથી જ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સેંકડો પશુપાલકો દૂધના ભાવમાં વધારો કરવાની માગ સાથે હિંમતનગર સ્થિત સાબર ડેરી પાસે એકઠા થયા હતા. પોલીસે કહ્યું હતું કે પશુપાલકોમાંથી ૧૫થી ૫૦ લોકોએ ડેરીના ચેરમેન કે મેનેજિંગ ડાયરેક્ટરને રજૂઆત કરવી હોય તો પોલીસ તેમને સાથે લઈ જવા માટે તૈયાર હતી, પરંતુ આ લોકોએ ઉશ્કેરાઈ જઈને પોલીસ વાહનોમાં તોડફોડ શરૂ કરી હતી.

# રાજ્યના કોર્પોરેશન વિસ્તારમાં આવેલા ૨૩૧ બ્રિજ ખૂબ સારી સ્થિતિમાં, ૮૯ સારી સ્થિતિમાં અને ૩૯ જર્જરિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર રાજ્યમાં ભારે વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં રોડ-રસ્તાઓ અને બ્રિજને ભારે નુકસાન થયું છે. જેથી રાહદારીઓ અને મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વિભાગને દિશાનિર્દેશ અને સૂચનાઓ આપી હતી. જે અંતર્ગત શહેરી વિકાસ વિભાગ દ્વારા આ ક્ષતિગ્રસ્ત રસ્તાઓ અને બ્રિજની ચકાસણી કરીને, તેમના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ રહી છે. રાજ્યમાં કોર્પોરેશન વિસ્તારોમાં કુલ ૩૬૪ બ્રિજ આવેલા છે. જે પૈકી ૨૩૧ બ્રિજ ખૂબ સારી સ્થિતિમાં, ૮૯ બ્રિજ સારી સ્થિતિમાં તેમજ ૩૯ બ્રિજ જર્જરિત સ્થિતિમાં છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૭૯ બ્રિજમાંથી ૬૧ બ્રિજ ખૂબ સારી સ્થિતિમાં, ૧૦ બ્રિજ સારી સ્થિતિમાં અને ૦૩ બ્રિજ જર્જરિત સ્થિતિમાં છે.

# સંપત્તિ મામલે રાજકોટના રાજવી માંધાતા સિંહ જાડેજાની બહેન અંબાલિકા દેવી કોર્ટમાં પહોંચ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ રાજવી પરિવારમાં ૧,૫૦૦ કરોડ રૂપિયાની પૈતૃક મિલકતો મુદ્દે કાનૂની લડાઈ શરૂ થઈ છે, પરિવારના એક સભ્ય ગુજરાત હાઈ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. કોર્ટે આ મામલાની સુનાવણી ૨૩ જુલાઈના રોજ નક્કી કરી છે. ૪૦૦ વર્ષથી વધુ જૂના રાજકોટ રજવાડાના ૧૭મા નામદાર રાજા માંધાતા સિંહ જાડેજાની બહેન અંબાલિકા દેવીએ હાઇ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. રાજકોટ સિવિલ કોર્ટે ૨૪ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ તેમના સ્વર્ગસ્થ પિતા મનોહરસિંહ જાડેજા દ્વારા તૈયાર કરાયેલા રિલીઝ ડીડ અને વસિયતનામા પર મનાઈ હુકમ આપવાનો ઇન્કાર કર્યા બાદ તેમણે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. ગયા વર્ષે તાજ પહેરાવવામાં આવેલા માંધાતા સિંહ જાડેજાની હેરિટેજ હોટલો ચેઈનનું સંચાલન કરે છે. તેમના પિતા મનોહરસિંહ, પાંચ વખત કોંગ્રેસના ધારાસભ્ય, ગુજરાતના નાણામંત્રી પણ રહી ચૂક્યા છે.

૨૦૨૧માં, અંબાલિકા દેવીએ રાજકોટ સિવિલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો જેમાં તેમણે તેમના ભાઈના નામે સહી કરેલા રિલીઝ ડીડ દસ્તાવેજને રદબાતલ જાહેર કરવાની માગ કરી હતી. તેમણે તેમના પિતાના વસિયતનામાની માન્યતાને પણ પડકારી હતી, અને દાવો કર્યો હતો કે તે તેમના માટે બંધનકર્તા નથી. તેમના મતે, રીલીઝ ડીડ ખોટી રીતે સૂચવે છે કે તેમણે પરિવારના વારસાના અધિકારનો ત્યાગ કર્યો હતો.

# ટ્રેનમાં બાળકીની જાતીય સતામણીઃ ટીસી સામે ગુનો

મુંબઈઃ મધ્ય રેલવેના કલ્યાણ અને કસારા રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેનમાં સાત વર્ષની બાળકીન જાતીય સતામણી કરવાના આરોપસર ટીસી (ટિકિટ કલેક્ટર) વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. ૧૨ જૂને આ ઘટના બની હતી. બાળકી એ દિવસે તેની માતા સાથે નાશિકથી અન્ય ટ્રેન પકડવા માટે કસારા થઇ રહી હતી. ટ્રેનમાં ટિકિટ તપાસવા માટે આવેલા ૫૭ વર્ષનો ટીસીએ બાળકીને પોતાની તરફ ખેંચી હતી અને તેને અયોગ્ય સ્પર્શ કર્યો હતો, એવો દાવો બાળકીની માતાએ કર્યો હતો. આ પ્રવાસ બાદ બાળકીની માતાએ આ પ્રકરણે નાયબ મુખ્ય પ્રધાનની ઓફિસમાં ફરિયાદ પાઠવી હતી, જે બાદમાં કલ્યાણ રેલવે પોલીસ સ્ટેશનમાં મોકલવામાં આવી હતી. (પીટીઆઇ) ■

# થાણેમાં ગૅરેજમાં આગઃ કોઈ જખમી નહીં

થાણેઃ થાણે(પૂર્વ)માં કોપરી કપડા માર્કેટમાં આવેલા ઓટોમોબાઈલ પાર્ટસ ઍન્ડ ગૅરેજમાં સોમવારે સવારના આઠ વાગ્યાની આસપાસ ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આ બનાવમાં કોઈ જખમી થયું નહોતું.થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ કોપરી વિસ્તારમાં આવેલી સોનૂ ઑટો પાર્ટસ ઍન્ડ ગૅરેજમાં સવારના આઠ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડના બે ફાયર ઍન્જિન, રૅસ્ક્યુ વેન, વૉટર ટૅન્કર સહિત ડિઝાસ્ટર કંટ્રોલ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ■

છેલ્લા પાનાનું ચાલુ

## ડ્રગ્સની હેરાફેરી

હવે ડ્રગ્સ પેડલર્સને ધરપકડ બાદ જામીન મેળવવાનું મુશ્કેલ બનાવશે.

રાજ્યના ગૃહ(શહેરી) પ્રધાન યોગેશ કદમે કહ્યું હતું કે બે જુલાઈના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કે જેઓ ગૃહ ખાતું સંભાળે છે તેઓએ વિધાનપરિષદમાં કહ્યુ હતું કે તેઓ હાલ અસ્તિત્વમાં રહેલા કાયદામાં સુધારો કરવામાં માગે છે, જેથી કરીને ડ્રગ્સ પેડલરો સામે કડક કાયદા હેઠળ કેસ નોંધી શકાય.

અઠવાડિયા અગાઉ વિધાનસભામાં આ બિલ રજૂ કરવામાં આવ્યા બાદ તેને હવે રાજ્યની વિધાનસભા બાદ વિધાનપરિષદની પણ મંજૂરી મળી ગઈ છે.

આ સુધારામાં સંગઠિત ગુનાની વ્યાખ્યાને વિસ્તૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેથી માદક દ્રવ્યો અને સાયકોટ્રોપિક પદાર્થો સંબંધિત પ્રવૃત્તિઓને મકોકાના કાર્યક્ષેત્ર હેઠળ સમાવી શકાય.

બિલમાં ઉત્પાદન, કબજો, વેચાણ અને નાર્કોટિક દવાઓ અને સાયકોટ્રોપિક પદાર્થોના પરિવહનને સંગઠિત ગુના તરીખે વ્યાખ્યાતિ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ■

## ચડ્ડી બનિયાન ગેંગ

માર માર્યો હતો તેનો ઉલ્લેખ કરી શિંદે જૂથની ચડ્ડી બનિયાન ગેંગ તરીકે ટીકા કરી હતી. આદિત્ય ઠાકરેએ કહ્યું કે મુખ્યપ્રધાન માટે ગઠબંધન ધર્મનું પાલન કરવું જરૂરી હોવાથી, તેમણે કેટલીક બાબતો સહન કરવી પડે છે. તેઓ જે લોકો સાથે બેસે છે, ચડ્ડી બનિયાન ગેંગ, તેઓ કોઈને પણ મારે છે, કંઈ પણ કરે છે. પરંતુ તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. પરંતુ હાલમાં રાજ્ય અને મુંબઈમાં જે થઈ રહ્યું છે તેના પર નિયંત્રણ રાખવું જરૂરી છે. ચડ્ડી બનિયાન ગેંગ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને શાસન શું છે તે બતાવવું જોઈએ, એમ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું.

આદિત્ય ઠાકરેની ટીકા પછી, શિંદે જૂથના નીલેશ રાણે ગુસ્સે ભરાતા બોલ્યા કે, ''તેમણે કહેવું જોઈએ કે કોની સામે કાર્યવાહી થવી જોઈએ, કોણ ચડ્ડી છે અને કોણ બનિયાન છે. જો નામ લેતા ડર લાગતો હોય, તો ગૃહમાં આવા શબ્દોનો ઉપયોગ ન કરો. જો તમારામાં હિંમત હોય, તો જણાવો કે તે શબ્દો કોના માટે હતા.'' ■

## સંજય રાઉતે

સંબંધ છે? શું મહારાષ્ટ્રની વસ્તુઓને પહેલા વર્લ્ડ હેરિટેજનો દરજજો મળ્યો નથી? શું તમે તે કિલ્લાઓ બનાવ્યા છે? આ સંદર્ભમાં રાજકારણ ન કરો, સંજય રાઉતે ભાજપને કહ્યું છે.

તેમણે વધુમાં કહ્યું કે, મુંબઈ લૂંટાઈ રહ્યું છે. મુંબઈમાં મરાઠી લોકોને દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે. મરાઠી લોકોને અહીંથી હાંકી કાઢવામાં આવી રહ્યા છે. મુંબઈને બરબાદ કરવાનું કાવતરું ચાલી રહ્યું છે. ધારાવી તેનું ઉદાહરણ છે. જો આજે ઉદ્ધવ ઠાકરે હોત, તો તેમણે ધારાવીમાં પ્રોજેક્ટ સ્થગિત કર્યો હોત. ધારાવીને કારણે મુંબઈમાં જમીન કૌભાંડ થયું. અમે ભ્રષ્ટાચારને છૂટ આપનારા બધા પ્રોજેક્ટ સ્થગિત કર્યા હોત. અમે શક્તિપીઠ હાઇવે પણ સ્થગિત કર્યો હોત. આ રસ્તો અદાણી માટે બની રહ્યો છે. અમે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પણ સ્થગિત કર્યું હોત. કારણ કે આ બધા પ્રોજેક્ટ અદાણી માટે બની રહ્યા છે, સંજય રાઉતે આરોપ લગાવ્યો હતો. ■

# ‘ગુજમાર્ગ’ એપ્લિકેશન થકી છેલ્લા છ માસમાં સ્વીકારેલી ૯૯.૬૬ ટકા ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ

રાજ્યમાં પ્રવર્તમાન ચોમાસાની મોસમને પરિણામે જે માર્ગોને નુકસાન થયું છે, તેને પુનઃ મોટરેબલ કરવા માટે રાજ્ય સરકારે પ્રો-એક્ટિવ અભિગમ દાખવ્યો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ તમામ ક્ષતિગ્રસ્ત રસ્તાઓ ઝડપથી પૂર્વવત્ થાય એ માટે માર્ગ અને મકાન વિભાગને ચોક્કસ દિશા-નિર્દેશો આપીને સત્વરે કામો પૂર્ણ કરવાં કડક સૂચના આપી છે. જે અનુસંધાને હાલમાં આ કામો રાજ્યભરમાં યુદ્ધનાં ધોરણે ચાલી રહ્યાં છે.

માર્ગ અને મકાન વિભાગ અંતર્ગત કાર્યરત ‘ગુજમાર્ગ’ એપ્લિકેશન પર અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી કુલ ૧૦ હજાર કરતા વધુ નાગરિકોએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ એપ્લિકેશન થકી નાગરિકો દ્વારા કુલ ૩,૬૩૨ જેટલી ફરિયાદો કરવામાં આવી છે, જેમાંથી ૯૯.૬૬ ટકા સાથે ૩,૬૨૦ ફરિયાદોનું સકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે. જ્યારે બાકીની ૭ જેટલી ફરિયાદો પર કામગીરી પ્રગતિમાં છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા મળેલ માહિતી અનુસાર રાજ્યમાં રસ્તાઓ પરના ખાડા, ક્ષતિગ્રસ્ત પુલ અને અન્ય માળખાગત સુવિધાઓ અંગેની સમસ્યાઓના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે વિભાગ દ્વારા ‘ગુજમાર્ગ’ એપ્લિકેશન કાર્યરત કરવામાં આવી છે, જેના પર નાગરિકોને પોતાના વિસ્તારમાં પડતી સમસ્યાઓની જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. ■

# ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ ભારતમાલા હાઈવે ક્ષતિગ્રસ્ત મામલે તપાસ શરૂ કરાઈ

ગુજરાત રાજ્યમાં તાજેતરમાં ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાના ઝડપી રિપેરિંગ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. તેમ જ સમગ્ર રાજ્યમાં નાગરિકોને રોડ-રસ્તાની સુવિધા મળી રહે એ માટે રાજ્ય સરકારે વહીવટી તંત્રને ખાસ પગલાં લેવાની સૂચના સાથે રોડ રસ્તા, બ્રિજનું સ્થળ નિરીક્ષણ કરી અહેવાલ સોંપવા આદેશ કર્યો છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાના માર્ગોનું પણ સ્થળ નિરીક્ષણ કરી તપાસ કરવાનો આદેશ કરાયો છે. જે અંતર્ગત નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા સંચાલિત ભારતમાલા હાઇવે પર રાજસ્થાનના સાંચોરથી પાટણ જિલ્લાના સાંતલપુર સુધીના ૧૩૫ કિમી પૈકીનો ૧.૩૫ કિમી હાઇવે માર્ગ ક્ષતિગ્રસ્ત થતાં આજરોજ નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાના સભ્ય શ્રી વેંકટરમને સાંતલપુર તાલુકાના બકુત્રા નજીક ટોલ ટેક્સ પાસે હાઇવે માર્ગનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (દિલ્હી)ના સભ્ય શ્રી વેંકટરમને આજરોજ જિલ્લા કલેક્ટર શ્રી તુષાર ભટ્ટ સાથે પાટણ જિલ્લામાંથી પસાર થતા ભારતમાલા હાઇવેનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. સાંતલપુર તાલુકાના બકુત્રા નજીક ટોલ ટેક્સ પાસે શ્રી વેંકટરમને રોડનું નિરીક્ષણ કરી સેમ્પલ લીધાં હતાં, તેમ જ સેમ્પલની ગુણવત્તામાં ક્ષતિ માલૂમ પડશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાના સભ્ય શ્રી વેંકટરમને જણાવ્યું કે ભારતમાલા પ્રોજેક્ટ સાંચોરથી સાંતલપુર માર્ગ પર ઝોન ૪ના હાઇવે માર્ગ પર ખાડા પડવાની અને રોડ ક્ષતિગ્રસ્ત થયો હોવાનું માલૂમ પડતાં સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું છે. રોડનું કામ કરનાર જવાબદાર કોન્ટ્રાક્ટરને નોટિસ આપવામાં આવી છે. રોડના સેમ્પલ લેવામાં આવ્યાં છે, તેની ચકાસણી કરવામાં આવશે અને તેમાં ગુણવત્તામાં કચાશ માલૂમ પડશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

# નવસારી મહાનગરપાલિકા Comprehensive Complaint Redressal System અનુસરીને નાગરિકોને જનસુવિધા આપી રહી છે હવે વધુ સરળતાથી અને ઝડપથી



ચોમાસાની ઋતુમાં ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ-પુલ ક્ષતિગ્રસ્ત બન્યા છે. આ રસ્તા- પુલનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-દર્શનમાં માર્ગ અને મકાન વિભાગ, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને કડક સૂચના આપી છે, જે અનુસંધાને હાલમાં રોડ-રસ્તા રિપેર, ચકાસણી તથા અન્ય ગુણવત્તાવર્ધક કામગીરીઓ રાજ્યભરમાં યુદ્ધનાં ધોરણે ચાલી રહી છે. નવસારી મહાનગરપાલિકા દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ અને નવસારી મહાનગરપાલિકાના કમિશનર શ્રી દેવ ચૌધરીના નેતૃત્વમાં નવસારીમાં નાગરિક સુવિધાઓના ઝડપી નિકાલ અને માર્ગ સંબંધી સમસ્યાઓના ઝડપી સમાધાન માટે મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે. ૮ જુલાઈ ૨૦૨૫ના રોજ "CCRS Comprehensive Complaint Redressal System" અંતર્ગત ખાસ કામગીરીનો આરંભ કરવામાં આવ્યો હતો . જે મુજબ CCRS અંતર્ગત નાગરિકોને તેમની આસપાસની રસ્તાની ખામી કે ખાડા અંગે તાત્કાલિક ફરિયાદ નોંધાવવા માટે વોટ્સએપ હેલ્પલાઇન નંબર (૮૭૯૯૨ ૨૩૦૪૬) જાહેર કરવામાં આવ્યો છે. નાગરિકો પોતાનું લોકેશન સાથેનો ફોટો મોકલી શકે છે. જાહેર જનતાના વોટ્સએપ દ્વારા મળતા પ્રતિસાદને વધુ કાર્યક્ષમ બનાવવા માટે, ૯ જુલાઈ ૨૦૨૫ના રોજ NMC Connect એપમાં "Road Demand Request" નામની નવી ફીચર ઉમેરી છે. આ ફીચર દ્વારા નાગરિકો સરળતાથી તેમના વિસ્તારમાં રસ્તાની જરૂરિયાત કે માગ નોંધાવી શકે છે. ■

# હિન્દુ મરણ

**ઘોઘારી મોઢ વણિક**

હળવદ નિવાસી હાલ ઘાટકોપર ડો. ઉરેશ મહેતા (ઉં. વ. ૫૮) તા. ૧૩-૭-૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. તે ડો. અરવિંદભાઇ અને ગં. સ્વ. ડો. દક્ષાબેન મહેતાના પુત્ર. તે બીનાબેનના પતિ. જીમીત, હીરેનાના પિતા. મોનીશા અને પંડિત ત્રેવાડીયાના સસરા, સ્વ. કાંતીભાઇ અને સ્વ. કુંદનબેનના જમાઇ.ડો. સ્નેહબેન પંકજભાઇ શાહ અને પ્રેમલબેન જતીનભાઇ શેઠના ભાઇ. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૫-૭-૨૫ના ૫થી ૬.૩૦. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**બાલાસિનોર દશાનીમા વણિક**

સૌ. પન્નાબેન ચંદ્રકાન્ત પરીખ (ઉં. વ. ૮૦) તા. ૧૨-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ચંદ્રકાન્ત મુલજીભાઇ પરીખ, હાલ અંધેરીના ધર્મપત્ની. તે ભાવીનીબેન, માલાબેનના માતુશ્રી. નિશીથકુમાર, દીપેનકુમારના સાસુ. કેપ્ટન જિલ, મિશાલ, અક્ષત, ગરીમાના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટીયા**

ગં. સ્વ. માલાબેન (નિતા) (ઉં. વ. ૭૨) તે માનસિંહ વલ્લભદાસના પત્ની. ચી. વરૂણના માતુશ્રી. અ. સૌ. ચાર્મીના સાસુ. તે વિરમતિ વલ્લભદાસના પુત્રવધૂ. તે વિરમતિ ગોપાળદાસ સંપટના પુત્રી. તે સ્વ. ભાનુબેન, રજનીબેન તથા પ્રભાબેન (વર્ષા)ના ભાભી. શનિવાર તા. ૧૨-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૭-૨૫ બુધવારના ૪.૩૦થી ૬. ઠે. બાલકનજી બારી, રાજવાડી, ઘાટકોપર (ઇ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

ખસ નિવાસી હાલ કાંદિવલી સ્વ. મધુકાન્તા માણેકલાલ શાહના પુત્ર રમેશભાઇ (ઉં. વ. ૭૧) તે કલ્પનાબેનના પતિ. અંકિત, કૃપાના પિતાશ્રી. જેશીકા અને સંકેતના સસરા. જતીન, વિનય, ભારતી ભરત ગાંધી, ઇલા દિનેશ પારેખ, પન્ના હર્ષદ શાહના ભાઇ. અનસુયાબેન ગુણવંતરાય મહેતાના જમાઇ તે રવિવાર, તા. ૧૩-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**ક્ષત્રિય વૈષ્ણવ**

હેમંત મનસુખલાલ રાજપૂત (ઉં. વ. ૫૪) ઘાટકોપર તા. ૧૨-૭-૨૫ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કલાવતીબેન મનસુખલાલ રાજપૂતના પુત્ર. હિનાબેનના પતિ. વેદાંત અને કીર્તનના પિતાશ્રી. ગં. સ્વ. તારાબેન પ્રવીણચંદ્ર રાજપૂતના જમાઇ. અજભાઇ, ઉદયભાઇ, રેશ્માબેન નરેશભાઇ રાજપૂત, રાખીબેન યોગેશ રાજપૂત અને કવિતા સંકેત ચાવડાના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૫ ગુરુવારના ૫થી ૭. ઠે. શુભમ બેન્કવેટ, ૫, નિલકંઠ કોર્પોરેટ પાર્ક, પ્રીમીયર રોડ, વિદ્યાવિહાર (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

હાલ કાંદિવલી, નિખિલ ભગદેવ (ઉં. વ. ૨૮) ૧૩/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ગં. સ્વ. માલતીબેન તથા સ્વ. જીતેન્દ્રભાઈ કૃષ્ણચંદ્ર ભગદેવના પુત્ર. વિશાલના ભાઈ. બીપીન, જયેશ તથા સ્વ. સુરેશભાઈ ભગદેવના ભત્રીજા, દિલીપ હરિલાલ સરોજ તથા લાલચંદના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

મુન્દ્રા વાળા હાલ ભાયંદર સ્વ. જોષી જયેન્દ્રકુમાર સુડીયા (ઉં. વ. ૬૫) તે સ્વ. પુષ્પાબેન લાલજી કરસનદાસ સુડીયાના પુત્ર. પ્રેમીલાબેનના પતિ. કુલદીપ, નિખીલના પિતાજી. સ્વ દેવેન્દ્રભાઈ, સ્વ પ્રવીણભાઈ, જયેશભાઈના ભાઈ. ધીરેન, અર્જુન, નિકીતાબેન રાજેશ, ગીતાબેન, હેતલબેન, પરેશ, આશિષ મીનલના કાકા. સ્વ. અ. સૌ. જયાલક્ષ્મીબેન તુલસીદાસ વીરજી જોષીના જમાઈ. ૧૩/૦૭/૨૫, રવિવારના રામશરણ પામેલ છે. તેમના બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫/૭/૨૫ના ૪ થી ૬. વિનાયક મંદિરવાડી, ભાયંદર સ્ટેશન પાસે, વિનાયક નગર, ભાયંદર વેસ્ટ.

**લોહાણા**

રાવલવાળા હાલ મીરારોડ, સ્વ. સુશીલાબેન પંચમતિયા (ઉં. વ. ૮૦) તા. ૧૩/૦૭/૨૦૨૫ રવિવારના શ્રીજીશરણ પામેલ છે. તે મોહનલાલ ગોરધનદાસ પંચમતિયાના ધર્મપત્ની. રાજેશભાઈ, હિતેશભાઈ, પ્રતિમાબેન મહેશકુમાર ભાયાણી, પ્રજ્ઞાબેન મનોજકુમાર મોનાણી, દીપાબેન પ્રદીપભાઈ પલાણના માતુશ્રી. હેતલબેન અને ભાવિશાબેનના સાસુ. પરસોત્તમભાઈ મેઘજીભાઈ સોમૈયાના સુપુત્રી, પ્રેમજીભાઈ સોમૈયા અને લક્ષ્મીદાસ સોમૈયાના બહેન. જીયા, યશ્વી અને ખુશીના દાદી. તા. ૧૩/૦૭/૨૫ રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭/૦૭/૨૫ને ગુરુવારે ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર, સેક્ટર ૧૦, મીરારોડ ઈસ્ટ.

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

ગામ જામનગર હાલ દહિસર, સ્વ. રતનશી લવજી પઢીયાર (ઉં. વ. ૮૮) તે ઉર્મિલાબેનના પતિ. સ્વ. જયશ્રીબેન, ગીતાબેન તથા પ્રેલીબેનના પિતા. સ્વ. મધુકાંતભાઈ, લીલાબેન દેસાઈના વેવાઈ. રાજીવ દેસાઈના સસરા, રોનકના નાના. શનિવાર ૧૨/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નવગામ ભાટીયા**

નાગપુર નિવાસી હાલ નાસિક, જગદીશભાઈ નેગાંધી (ઉં. વ. ૭૯) તે સ્વ. પ્રેમકુંવરબેન મોહનલાલ નેગાંધીના પુત્ર. દેવીન્દ્રાબેનના પતિ. સ્વ. જમનાબેન ચુનીલાલ વેદના જમાઈ. રશ્મિન તથા દીપ્તિ મેહુલભાઈ આશરના પિતા. નંદલાલભાઈ, સ્વ. રાજેન્દ્રભાઇ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. મંજુલાબેન દુર્લભજી વેદ. ગં. સ્વ શશીકલા નરેશચંદ્રના ભાઈ. દિના રશ્મિન નેગાંધીના સસરા. ૧૨/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સિહોરના હાલ (હેંગિંગ ગાર્ડન) મુંબઇ સ્વ. મહાલક્ષ્મીબેન જગન્નાથ અનંતરાય મહેતાના પુત્ર જીતેન્દ્ર (ઉં. વ. ૭૯) તા. ૧૨-૭-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. દેવેન-સેજલના પિતા. ઉપ્મા, નીખિલભાઇના સસરા. ભૂપેન્દ્રભાઇ-હંસાબેન, સ્વ. ચંદ્રિકાબેન વામનરાય ગાંધી.ગં. સ્વ. દમુબેન ભૂપતરાય કટકીયા, ગં.સ્વ. ઇન્દુબેન જયકાંત કાણકિયાના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૫-૭-૨૫ મંગળવારના ૫થી ૭. ઠે. સોફિયા કોલેજ ઓડિટોરિયમ કંબાલા હિલ, મું-૨૬.

**પાવરાઇ ભાટીયા**

અ. સૌ. પ્રતિભા દિનેશ પલીચા (ઉં. વ. ૭૫) તે સ્વ. વલ્લભદાસ લક્ષ્મીદાસ પલીચાના પુત્રવધૂ. તે સ્વ. લતા લાલજી ત્રિકમદાસ ભાટીયાના પુત્રી. તે અ. સૌ. નમ્રતા કેયુર પારેખ અને અ. સૌ. પૂર્વી રવિ કિરણના માતુશ્રી. તે સ્વ. પ્રતાપ, નલીની, કિશોરી, કિરીટના ભાભી. તે ચી. સિધ, સિયા અને વિયાનના નાની. દિલીપ અને દશા અરુણ ઉદેશીના બેન તા. ૧૩-૭-૨૫ના થાણા મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ વરસડા હાલ મુંબઇ જગદીશભાઇ (ઉં. વ. ૭૬) તે સ્વ. વિજયાબેન તથા સ્વ. નટવરલાલ મસરાણીના સુપુત્ર. તે સ્વ. બિંદુબેનના પતિ. તે રવિ તથા શિવાનીના પિતા. તે સ્વ. અશ્વિનભાઇ, સરોજબેન, સ્વ. મહેશભાઇ, નરેશભાઇ, તથા મહેન્દ્રભાઇના ભાઇ. સ્વ. પુષ્પાબેન ગુલાબરાય બદીયાણીના જમાઇ. પાયલ મસરાણી તથા અભિષભાઇ ચંદ્રાણાના સસરા. રવિવાર તા. ૧૩-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૫-૭-૨૫ના એસ.એન.ડી.ટી. હોલ. માટુંગા, આર. એ. કીડવાઇ રોડ, મુંબઇ-૪૦૦૦૧૯, સાંજે ૫થી ૬.૩૦. લૌકિક પ્રથા બંધ છે.

**મોઢ વણિક**

સુરેન્દ્રનગરવાળા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જયંતીલાલ મણીલાલ પટેલના પુત્ર સ્વ.નીતીનભાઇના ધર્મપત્ની હિનાબેન (ઉં.વ.૭૨) તે ઇલાબેન યજ્ઞેશકુમાર મહેતાના ભાભી. પીયર પક્ષે સ્વ.ભાનુબેન કાંતિલાલ મહેતાના સુપુત્રી. સ્વ. ભરતભાઇ કાંતિલાલ મહેતા અને ચારુબહેન જતીનભાઇ ગાંધીના બેન રવિવાર, તા. ૧૩-૭-૨૫ના ઘાટકોપર મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

રવિન્દ્ર સંપત, સ્વ. રેવતીના પતિ. સ્વ. ઇન્દુબેન અને સ્વ. ઉદયસિંહ આનંદજી હરિદાસના પુત્ર, (ઉં. વ. ૮૩) પૂના મુકામે, ૧૩-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. ધ્રુવ અને શેફાલીના પિતા. ઉપ્મા અને અતુલ તિવારીના સસરા. સ્વ. લતા, ભારતી, મેઘા અને કીર્તિના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ધરણગાંવ ભાટીયા**

સ્વ. સુનયાનંદ (સુભાષ) ભાટીયા (ઉં. વ. ૭૪) તે બકુલાબેનના પતિ. તે સ્વ. કમલાબેન જીવનલાલ ભાટીયાના સુપુત્ર, તે સ્વ.જયશ્રી રામદાસ ઠક્કરના જમાઈ. સૌ.દક્ષા, અમર, સૌ. પુનિતાના પિતા. તે ધીરેન કુમાર, સૌ.દિપાલી, વિજયકુમારના સસરા. તે સ્વ.નવનીતલાલ, સ્વ.નટવરલાલ, શ્રી વિજયકુમાર, ડો.વિવેકાનંદ, ગ.ભા.લીલાબેન, ગ.ભા.પ્રમીલાબેન, ગ.ભા.ઉર્મિલાબેનના ભાઈ, તા. ૧૩-૭-૨૫, રવિવારના શ્રીજીચરણ પામેલ છે. ઉઠમણું તા. ૧૫-૦૭-૨૦૨૫ ને મંગળવાર ના ૪ થી ૫. તેમના નિવાસ સ્થાન ધરણગાંવ ખાતે રાખેલ છે.

# પારસી મરણ

કુરુશ એરચ દારૂવાલા તે મેહરના ધની. તે મરહુમો શેરુ એરચશા દારૂવાલાના દીકરા. તે નાઝબાનના પપ્પા. તે કાબ, ખુશમન ને મરહુમ પરવેઝના ભાઇ. તે દેલનાના કાકા. તે આરમઇતીના દેર. (ઉં.વ. ૫૯) રે. ઠે. ૧૦-સી, ડી બાગ, પહેલે માલે, એસ. વી. રોડ, સીટી સેન્ટર આગલ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, બેહરામ બાગ અગિયારીમાં.

# જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

જિતેન્દ્રભાઈ પુનમચંદ સલોત, (ચોક વાળા) દાઠાવાળા હાલ સુરત (ઉં. વ. ૭૬) તે તા. ૧૪-૭-૨૫ના સદગત થયા છે. તે પુનમચંદભાઈના સુપુત્ર. સુરેખાબેનના પતિ. હિરલ, અભય અને જિજ્ઞા મનિષકુમારના પિતા. રાજેન્દ્ર, હંસા શૈલેષકુમાર, ભારતી મહેશ કુમાર, સા. જયરત્ના શ્રીજી અને સા. રિધ્ધિરત્નાશ્રીજીના ભાઈ. સસરા પક્ષે અનંતરાય કાન્તિલાલ વોરા (ભાવનગર વાળા) હાલ સુરત/ઘાટકોપર. લૌકિક વ્યવહાર બંધ છે.

**વેરાવળ વિ. ઓ.સ્થાનકવાસી જૈન**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી, સ્વ. જયાબેન હરિલાલ શાહના પુત્ર, જયશ્રીબેન (જુલા)ના પતિ નરેન્દ્ર શાહ (ઉં. વ. ૭૪) સ્વ. કાજલ, કરૂણા, ચિરાગના પિતાશ્રી. રૂપેનભાઈ મયંકભાઇ, શ્વેતાના સસરા. કિરીટભાઈ રોહિતભાઈ ઉષાબેન યશોબાળાબેન (અશોકબેન)ના ભાઈ. હરેશભાઈ, ભારતીબેન અને રશ્મિબેનના બનેવી. શનિવાર તા.૧૨/૭/૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર દશા શ્રીમાળી જૈન**

જામનગર નિવાસી હાલ મુંબઇ, પ્રવીણભાઈ નરભેરામ શાહ (ઉં.વ.૮૭) તે મૃદુલાબેનના પતિ, સંગમભાઈ, નીપાબેનના પિતાશ્રી. નીતિનભાઈ, સેજલબેનના સસરા. ક્રિષ્મા, હર્ષિલના દાદા, કુશલ, કૃપાના નાના તા. ૧૧-૭-૨૫ના શુક્રવાર અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજાના ધનવંતીબેન લક્ષ્મીચંદ ગંગર (ઉં. વ. ૯૦) તા. ૧૨/૭/૨૫ ના અવસાન પામ્યા છે. પાનબાઈ મુરજી હંસરાજના પુત્રવધૂ. જીતેન્દ્ર, કેતન, મંજુલા, કાન્તા, ચેતના, કલ્પનાના માતુશ્રી. ગજોડ હિરબાઈ મુરજી નથુના પુત્રી. ઉમરશી પોપટભાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન ગંગર, ૧૦૧, રામ કો. હા. સો. અયોધ્યા નગરી, માનપાડા રોડ, ડોંબિવલી (ઈ).

સાભરાઈના રાજેશ ખીમજી હરીયા (ઉં. વ. ૫૮) તા. ૧૨.૭.૨૫ના અરિહંતશરણ પામ્યા છે. માતુશ્રી નવલબેન ખીમજીના સુપુત્ર. હીનાના પતિ. અક્ષત, હેત્વીના પિતા. ભરત, સુનીલ, ચંદ્રેશના ભાઈ. ડુમરાના વિમળાબેન દામજી નાગડાના જમાઈ. પ્રા : શ્રી માટુંગા ક.શ્વે. મૂ.જૈન સં. સં. નારાણજી શામજી વાડી, માટુંગા-સે.રે. ટા. ૨.૩૦ થી ૪. નિ. રાજેશ હરીયા : ૯૦૨, ન્યુ વંદના, ૨૬-એક્સર રોડ, બોરીવલી-વેસ્ટ, મુંબઈ-૯૧.

ભુજપુરના મનસુખ હિરજી દેઢિયા (ઉં. વ. ૬૫) તા.૧૨ જુલાઈના અવસાન પામેલ છે. માતુશ્રી કસ્તુરબેન હિરજીના પુત્ર. અલકાના પતિ. પંકિત, ભાવિનના પિતા. અરૂણા, મીના (રેખા)ના ભાઈ. જયાબેન લક્ષ્મીચંદ વીરાના જમાઇ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનસુખ દેઢિયા, ૮૦૧, બેલાજીઓ ટાવર, સાત રસ્તા, મહાલક્ષ્મી, મું. ૧૧.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. રમાબેન જયંતીલાલ મેઘાણીના પુત્ર કીર્તિભાઇ (ઉં. વ. ૮૦) તે કુમુદબેનના પતિ. કેયુર-અમી, ભાવીની જીજ્ઞેશ ધુલીયાના પિતા. ભૂપેન્દ્રભાઇ, મહેશભાઇ, ચંદ્રિકાબેન હિતેશ દોશી, લતાબેન હસમુખ મકાણી, જયશ્રી બેન ચંદ્રકાંત મહેતાના ભાઇ. સ્વ. હરસુખલાલ હરજીવન દોશીના જમાઇ. અર્ચિત, અને ઝેનાના દાદા. તા. ૧૩-૭-૨૫ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લિંબડી વડોદરા નિવાસી હાલ બોરીવલી સ્વ. સ્નેહલતા અને સ્વ. નિરંજન શાહના સુપુત્ર જલ્પિતભાઇ (ઉં. વ. ૬૫) તે મીનાના પતિ. તે મેઘા ભાવિક શાહ અને પ્રાચી અંકિત મહેતાના પિતા. પરેશના ભાઇ. તે સ્વ. મધુબેન અને સ્વ. વાડીલાલ શાહના જમાઇ. તે અંજનાબેન, દક્ષાબેન, રેણુકાબેન, તરુણભાઇ, જયેશભાઇ અને ઝરણાબેનના બનેવી. તા. ૧૪-૭-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરત વિશા ઓસવાલ શ્વેતાંબર જૈન**

સાધનાબેન નિરંજનભાઇ ચોકસી (ઉં. વ. ૮૪) સોમવાર, તા. ૧૪-૭-૨૫ના દેવલોક થયા છે. તે માધવીબેન હેમંતભાઇ, સેજલબેન આશિષભાઇ, રૂપલબેન આશિષભાઇ, માનસીબેન આશિષભાઇના માતા. ભાવયાત્રા બુધવાર, તા. ૧૬-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. ભારતીય વિદ્યા ભવન, ગિરગામ ચોપાટીમાં રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદીવલી સ્વ. કનૈયાલાલ ભગવાનજી દોશીના ધર્મપત્ની શારદાબેન (ઉં. વ. ૮૮) તા. ૧૩-૭-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે અશોક, કીર્તિ, આરતી ભાવેશકુમાર વધાણી, પરેશના માતુશ્રી. છબીલભાઇ, સ્વ. નવનીતભાઇ, સ્વ. ઇન્દુભાઇ, વિજયાબેન રસીકલાલ અજમેરા, સ્વ. સુશીલાબેન શાંતીલાલ ગાંધી, સ્વ. કૈલાસબેન પ્રવીણચંદ્ર ગોડાના ભાભી. તે મીતા, અલ્પા, રીટા તથા ભાવેશકુમાર વધાણીના સાસુ. પિયર પક્ષે મોટી કુંકાવાવ નિવાસી સ્વ. હરિલાલ મુળજી કામદારના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ માટુંગા સ્વ. રજનીકાંત દલસુખલાલ વોરાના ધર્મપત્ની વીરબાળાબેન (ઉં. વ. ૮૭) તા. ૧૪-૭-૨૫ સોમવારના સ્વર્ગવાસ થયેલ છે. તે કીર્તિદા-દીલીપમહેતા , મનીષા-હર્ષદ શાહ, દિપ્તી-જયેશ પારેખ, રાજુલ-ચેતન શાહ, ભાવિન રજનીકાંત વોરાના માતુશ્રી. ડિમ્પલના સાસુ. રોજકા નિવાસી સ્વ. મોતીલાલ નાગરદાસ શાહના દીકરી. વિરાજ-બંસરી, શ્વેતા, ડો. બિનોલી, ધ્રુવ, યશ, નિલ, સચી, રવિષાના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

દાણાવડા નિવાસી (હાલ અંધેરી) મંગળાબેન માણેકલાલ વોરાના સુપુત્ર દિપક (ઉં. વ. ૬૭) રાગીણીના પતિ તા. ૧૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. મનહરલાલ, મુકેશ-નીશીતા, શ્રીકાંત-દર્શના, નરેશ-પલ્લવી, પન્ના રમેશકુમાર, પ્રિતી કમલેશકુમારના ભાઇ. ધ્રાંગધ્રા નિવાસી ચંપાબેન અમૃતલાલ લાલચંદ શાહના જમાઇ. મોસાળ પક્ષે મણિલાલ જેશીંગ ભદ્રેશીવાળાના ભાણેજ જમાઇ. ગીતેશ-રૂપા, જીનેશ-ખ્યાતી, ગૌતમ-વૈશાલી, પૂજા શીવ, પ્રિયંકાના કાકા. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ છે.

## ભાજપને કોઈ

સોશિયલ મીડિયા પર ઝળક્યા બાદ બાવનકુળેની આ ટિપ્પણી આવી છે.

રવિવારે સોલાપુર જિલ્લાના અક્કલકોટ ગામમાં શ્રી દત્તાત્રેયના પુનર્જન્મ મનાતા સ્વામી સમર્થ પરની તેમની કથિત ટિપ્પણીને લઈને ગાયકવાડની મારપીટ કરવામાં આવી હતી અને એક સંગઠનના કાર્યકરો દ્વારા તેમના પર કથિત રીતે શાહી ફેંકવામાં આવી હતી એમ પોલીસે અગાઉ જણાવ્યું હતું. એક વાયરલ વીડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે ગાયકવાડને તેની કારમાંથી બહાર કાઢી લોકોના જૂથ દ્વારા તેની મારપીટ કરવામાં આવી હતી. (પીટીઆઈ)■

## અઠવાડિયાના પહેલા

વાગે આગામી ત્રણથી ચાલ કલાક માટે મુંબઈ, થાણે, પાલઘર જિલ્લામાં મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી ચેતવણી આહતી. કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વીજળી પડવાની અને તેજ પવન ફૂંકાવાની પણ ચેતવણી આપી હતી. સોમવારે દિવસ દરમ્યાન મુંબઈ, થાણેમાં મધ્યમથી ભારે વરસાદના ઝાપટાં પડ્યા હતા. આ દરમ્યાન હવામાન વિભાગે ૧૫થી ૧૮ જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદ પડવાની એટલે કે ગ્રીન અલર્ટ આપ્યું છે. ■

## મહારાષ્ટ્રમાં ગાયની

દરમ્યાન ગૌહત્યા, ગોમાંસના પરિવહન અને વેચાણ સંબંધિત ૨,૪૯૮ કેસ નોંધાયા છે. આ જ સમયગાળા દરમ્યાન ૪,૬૭૮ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૧,૭૨૪ ટન ગૌમાંસ જપ્ત કરવામાં આવ્યું હતું. વારંવાર એક જ ગુનો કરવા બદલ ધરપકડ કરવામાં આવેલો ગુનેગાર જો ત્રીજી વખત ગાયની કતલ, દાણચોરી અને વેચાણ કરતા પકડાયો તેની સામે એમસીઓસીએ લાગુ કરવામાં આવશે. સામાજિક કાર્યકર્તા અને ગૌરક્ષો જો પોતાના દમ પર સામાજિક કાર્ય કરતા હોય અને તેમની સામે પણ કેસ દાખલ કરવામાં આવે તો કેસનો અભ્યાસ કરવામાં આવશે અને તેમની સામેના કેસ પાછા ખેંચવામાં આવશે એવું, પણ ભોયરે વિધાન પરિષદમાં કહ્યું હતું. ■

## ૧૨ વર્ષની છોકરીનો

તેણે આની જાણ છોકરીને પરિવારને કરી હતી. છોકરીના પરિવારજનોએ આ પ્રકરણે આગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને આક્ષેપોની ચકાસણી કર્યા બાદ કોન્સ્ટેબલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને ધરપકડ કરી હતી.■

## લાતુરમાં

હતી અને તેમના પર શાહી ફેંકવામાં આવી હતી. સ્વામી સમર્થની સમાધિ અક્કલકોટમાં છે.લાતુરમાં સવારે ૧૧ વાગ્યે છત્રપતિ શિવાજી મહારાજ ચોક ખાતે મરાઠા ક્રાંતિ મોરચા, સંભાજી બ્રિગેડ, જીજાઉ બ્રિગેડ, મરાઠા સેવા સંઘ, વીર ભગતસિંહ વિદ્યાર્થી પરિષદ, પ્રોગ્રેસિવ યુથ ફેડરેશન, સ્વાભિમાની મુસ્લિમ ઓર્ગેનાઇઝેશન વગેરે સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■

## સરકાર સામે

દ્વારા યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા વિના તેમના સંબંધીઓ / ખાનગી વ્યક્તિઓને મામૂલી ભાવે એસએસકે (સહકારી સાકર કારખાના)નું છેતરપિંડીથી વેચાણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

બારામતી એગ્રો લિમિટેડે છત્રપતિ સંભાજી નગરમાં આવેલી કન્નડ એસએસકે ખરીદી હતી. બારામતી એગ્રો રોહિત પવારની કંપની છે. એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારના પૌત્ર અને વિધાનસભ્ય રોહિત પવારે કશું ખોટું ન કર્યું હોવાનો દાવો શનિવારે કરી તેમને રાજકીય હેતુઓથી નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાનું જણાવ્યું હતું. (પીટીઆઈ)■

## કચરાના

સોલાપુર બાયોએનર્જી કંપની લિમિટેડ દ્વારા સાયન્ટીફિક પદ્ધતિએ કચરાનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં ૩૦૦ ટન પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો બાયોગૅસ પ્લાન્ટ કાર્યરત છે, જે ભીના કચરાને બાયોગૅસ અને ખાતરમાં રૂપાંતરિત કરે છે. સૂકા કચરો અલગ કરીને તેને પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીમાં મોકલવામાં આવે છે. કચરાને યોગ્ય રીતે અલગ કરવા પર ભાર મૂકતા નાયબ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે નાની પાલિકા અને કાઉન્સિલોને મદદ કરવા માટે શહેરી વિકાસ વિભાગના મુખ્ય સચિવને પહેલાથી સૂચના આપી દેવામાં આવી છે. રાજ્ય સરકાર જ્યાં જરૂર પડશે ત્યાં આવશ્યક સહાય પૂરી પાડશે.

## આરોપીઓની

સંભાજી બ્રિગેડના નેતાની હત્યા કરવાના આશય સાથે હુમલો કરવામાં આવ્યો હતો અને રવિવારે આ ઘટના બની હતી તે કાર્યક્રમમાં પોલીસ કેમ તૈનાત નહોતી કરવામાં આવી એવો સવાલ કર્યો હતો.વિધાનસભામાં આ મામલો ઉઠાવતા વડેટ્ટીવારે કહ્યું હતું કે ગાયકવાડ સકલ મરાઠા સમાજ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ભાગ લેવા ગયા હતા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

## આરોપીઓની સામે

છે. પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે સોલાપુર જિલ્લાના અક્કલકોટ ગામમાં શ્રી દત્તાત્રેયનો પુનર્જન્મ મનાતા સ્વામી સમર્થ પરની તેમની કથિત ટિપ્પણીને લઈને સંભાજી બ્રિગેડના પ્રદેશ પ્રમુખ ગાયકવાડની સાથે મારપીટ કરવામાં આવી હતી અને એક સંગઠનના કાર્યકરો દ્વારા તેમના પર કથિત રીતે શાહી ફેંકવામાં આવી હતી.

ગાયકવાડના હત્યાના પ્રયાસના આરોપ વિશે પૂછવામાં આવતા સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું કે હુમલા સમયે મુખ્ય આરોપી પાસે પિસ્તોલ હતી એવો દાવો સ્થાનિક પોલીસે કર્યો હતો. આ જ વ્યક્તિ સામે ભૂતકાળમાં ગુનાઓ નોંધાયેલા છે. એક વખત એરપોર્ટ પરથી તેના કબજામાંથી પિસ્તોલ કે કારતૂસ મળી આવ્યા હતા.

આવી વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી થવી જ જોઇએ એમ તેમણે જણાવ્યું હતું. કેટલાક ફોટોગ્રાફસમાં આરોપી દીપક ખાતે બાવનકુળે સાથે દેખાય છે વિશે પૂછવામાં આવતા સુળેએ કહ્યું હતું કે આવા પ્રશ્નો ગૃહ પ્રધાનનો હોદ્દો સંભાળતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પૂછવા જોઈએ. (પીટીઆઈ) ■

## અકાસા એરલાઈનના

એરલાઈન્સના પ્રવક્તાએ આ ઘટનાની માહિતી આપતાં જણાવ્યું હતું કે મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર થર્ડ પાર્ટી દ્વારા ચલાવવામાં આવી રહેલો એક કાર્ગો શિપ અમારા વિમાન સાથે અથડાયુ છે. વિમાનની હાલમાં સઘન તપાસ કરવામાં આવી રહી છે. અમે થર્ડ પાર્ટી ગ્રાઉન્ડ હેન્ડલર સાથે આ ઘટનાની તપાસ કરી રહ્યા છીએ.

ટક્કર થયા બાદ તરત જ તપાસ કરતા જાણવા મળ્યું કે, વિમાન ઉડાન ભરવા માટે યોગ્ય નથી. તેને તકનીકી રીતે એરક્રાફ્ટ ઓન ગ્રાઉન્ડ (એઓજી) જાહેર કરવામાં આવ્યું. ત્યારબાદ અકાસા એરલાઈન્સે ઉડાન માટે એક નવું વિમાન (વીટી-વીબીબી) પૂરું પાડ્યું હતું, જે બેવ વી૧૭આર પર પાર્ક હતું. મુસાફરોને ગેટ-૨૯ થી બસ દ્વારા નવા વિમાનમાં બોર્ડિંગ કરાવવામાં આવ્યા હતાં. સૌથી મોટી રાહતની વાત એ છે કે આ અકસ્માત વખતે વિમાન ચાલુ નહોતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# દેશનું FDI નહીં, પોતાનું FDI ધ્યાનમાં લેવું...




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

પારિવારિક નાણાકીય લક્ષ્યો વિશે થાણેનાં રાધિકા દેસાઈ નામનાં ગૃહિણી સ્વાનુભવ જણાવતાં કહે છે કે અમે જ્યારથી નાણાકીય લક્ષ્ય પારિવારિક સ્તરે નક્કી કરવા લાગ્યા છીએ ત્યારથી અમને તેમાં ઘણો જ આનંદ આવી રહ્યો છે. કુટુંબના બધા જ સભ્યોને તેમાં સહિયારી મજા આવે છે.

ફાઇનાન્શિયલ પ્લાનર તરીકેના મારાં વર્ષોના અનુભવના આધારે હું કહી શકું છું કે નાણાકીય આયોજન ફક્ત આંકડાઓ નથી. તેમાં લાગણીઓ પણ વણાયેલી હોય છે. નાણાકીય લક્ષ્યો પણ માત્ર આંકડાઓ નથી. પરિવારનો દરેક સભ્ય જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો હોય એવી એ ઘટના છે. ઘરની દીકરીનાં લગ્નનો પ્રસંગ પણ નાણાકીય લક્ષ્ય જ હોય છે, પરંતુ જ્યારે એ પ્રસંગ ઉજવાય છે ત્યારે શું આપણે નક્કી કરેલા આંકડાનું મહત્ત્વ હોય છે કે પછી તેમાં આપણી લાગણીઓ સંકળાયેલી હોય છે?

એક જાહેરખબરમાં પહેલાં આ સૂત્ર દર્શાવાય છેઃ 'એક પિતાનો સૌથી વધુ સુખનો દિવસ અને સૌથી વધુ દુઃખનો દિવસ એક જ હોય છે.' ત્યાર બાદ દીકરીનાં લગ્નનું દૃશ્ય દેખાડાય છે.

સંતાનના શિક્ષણ, ઘરની ખરીદી, નિવૃત્તિ, વગેરેમાં પણ આવું જ થતું હોય છે. આપણા જીવનના યાદગાર પ્રસંગોની સાથે ઘણી બધી લાગણી સંકળાયેલી હોય છે. તેમને આંકડાની દૃષ્ટિએ જોવામાં આવે એ વાત તો ગુલાબના ફૂલની ઉંચાઈ, પહોળાઈ, વજન, રંગ, તેના કાંટાની સંખ્યા, કાંટાની તીક્ષ્ણતા, વગેરે લાક્ષણિકતાઓનું વર્ણન કરવા સમાન છે. આ રીતે જ્યારે આંકડાઓની વાત થવા લાગે ત્યારે એ પુષ્પની સુંદરતા તરફ દુર્લક્ષ થઈ જાય છે.

એક વાત અહીં સ્વીકારી લઉં કે નાણાકીય લક્ષ્યોને શુષ્ક આંકડાઓ બનાવી દેવાનું પાપ અમે ફાઇનાન્શિયલ પ્લાનરોએ જ કર્યું છે. એક ફાઇનાન્શિયલ પ્લાનર અને એમના ક્લાયન્ટ વચ્ચેનો વાર્તાલાપ કંઈક આવો હોય છેઃ

ફાઇનાન્શિયલ પ્લાનરઃ સાહેબ, તમારી દીકરીનાં લગ્નની નાણાકીય જરૂરિયાત માટે આપણે ત્રણ સ્થિતિના આધારે પ્લાનિંગ કર્યું છે. સૌથી ખરાબ સ્થિતિ, મધ્યમ સ્થિતિ અને ઉત્તમ સ્થિતિ. તમારું આયોજન વળતરના અંદાજિત દર, ફુગાવો અને કરવેરાના પ્રવર્તમાન દરના આધારે કરવામાં આવ્યું છે.

હવે દીકરીનાં લગ્નની ત્રણે સ્થિતિઓની વાત કરીએ.

સૌથી ખરાબ સ્થિતિમાં વરઘોડો તમારા આંગણે આવે ત્યાં સુધી પૂરતાં નાણાં હશે. પછીનો લગ્નનો બીજો ખર્ચ કરવાનું તમારા માટે શક્ય નહીં હોય.

મધ્યમ સ્થિતિમાં તમારી પાસે બે ફેરા ફરાય ત્યાર સુધીના પૈસા જમા થઈ ગયા હશે. પછીનો ખર્ચ કરી નહીં શકો.

ક્લાયન્ટ (નિરાશ વદને): સૌથી સારી સ્થિતિ કઈ?

ફાઇનાન્શિયલ પ્લાનરઃ

સૌથી સારી સ્થિતિ એ કે તમારી પાસે સંપૂર્ણ લગ્નપ્રસંગ ધામધૂમથી ઉજવાય એટલા પૈસા હશે, પણ દીકરીને વિદાય આપવા માટે આવશ્યક પૈસા નહીં હોય!

આમ તો નાણાકીય લક્ષ્યોમાં સંપૂર્ણ પરિવારની લાગણીઓનો વિચાર કરવામાં આવો જોઈએ. એ કરી લીધા બાદ લક્ષ્ય સુધી પહોંચવાની પ્રવૃત્તિઓ પણ આખો પરિવાર ભેગો મળીને કરે એવો જ વ્યૂહ હોવો જોઈએ. બધાનો સહભાગ તેમાં આવશ્યક છે. બધા જ સ્વજનોએ ભેગા બેસીને લક્ષ્યની ચર્ચા કરવી જોઈએ, પ્રસંગનું આયોજન કરવું જોઈએ. એ આયોજનમાં નાણાકીય બાબતો પણ આવી જાય. આમ, નાણાકીયથી માંડીને બધી જ રીતે આખો પ્રસંગ પારિવારિક સ્તરે ઉજવાવો જોઈએ.

આયોજન થઈ ગયા બાદ નાણાં ક્યાંથી આવશે તેનો વિચાર થવો જોઈએ. શું પરિવારમાં આવનારી આવકમાંથી ખર્ચ નીકળશે કે પછી રોકાણો પાકશે તેમાંથી નીકળશે કે પછી પરિવારે નાણાં ઉછીનાં લેવાં પડશે? એ પ્રશ્નોની ચર્ચા કરીને જવાબ નક્કી કરવા જોઈએ. શક્ય છે કે લગ્નના પ્રસંગને હજી ઘણી વાર હોય. એવી સ્થિતિમાં પહેલેથી જ તેને અનુલક્ષીને રોકાણ શરૂ કરવામાં આવી શકે છે. કદાચ સ્વજનોએ પોતાના કેટલાક ખર્ચ પર કાબૂ મૂકી દેવો પડે એવું પણ બની શકે. ખર્ચ પર કાબૂ મૂકવાથી એ પ્રસંગ પ્રત્યેની પ્રતિબદ્ધતા પણ ઘણી વધી જાય છે.

શ્રીમતી શર્માનો દાખલો અહીં જોવા જેવો છે. એમણે મને પોતાની દીકરી દીપ્તિનાં શિક્ષણ માટેના આયોજન વખતે કહ્યું હતું, 'ગૌરવ, ઈચ્છા છે, પણ મારે નવો મોબાઇલ હમણાં લેવો નથી. હું છ મહિના પછી લઈશ. આપણે પહેલાં દીપ્તિના ભણતરનો ખર્ચ ક્યાંથી કાઢવો તેનો વિચાર કરી લઈએ. મારી પાસે પૂરતા પૈસા ભેગા થઈ જશે પછી મારા મનને શાંતિ વળશે. પછીથી તો હું ગમે ત્યારે મનગમતા મોડેલનો ફોન લઈ શકીશ.'

હવે જ્યારે પણ FDIની વાત કરો ત્યારે MY FDI નો એટલે કે MY FAMILY'S DESICION TO INVESTનો વિચાર કરવો. તમારા દેશમાં કેટલું FDI(ફોરેન ડાઇરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ) આવે છે એના કરતાં વધારે અગત્યનો મુદ્દો તમારા પરિવારનું MY FDI છે. ■

# આરોગ્ય વીમા હેઠળ કઈ રીતે મળી શકે ઍર ઍમ્બ્યુલન્સની સુવિધા...




નિશા સંઘવી
feedback@bombaysamachar.com

જીવન-મરણનો સવાલ હોય ત્યારે દરેક સેકંડનું મહત્ત્વ હોય છે. કોઈ ગામડામાં કે દૂરના વિસ્તારમાં તાકીદે સારવારની જરૂર પડે અથવા કોઈ અકસ્માત કે દુર્ઘટના ઘટે એવા સમયે ઍર ઍમ્બ્યુલન્સ જીવનરક્ષકનું કામ કરે છે. તબીબી ઈલાજની સુવિધાઓ સાથેના હેલિકૉપ્ટર કે વિમાન ઍર ઍમ્બ્યુલન્સ તરીકે ઓળખાય છે. આ સેવા મોંઘી જરૂર છે, પરંતુ આજકાલ ભારતની કેટલીક આરોગ્ય વીમા કંપનીઓની પોલિસીમાં ઍર ઍમ્બ્યુલન્સનો ખર્ચ આવરી લેવાયેલો હોય છે. આ વિશે વધુ જાણકારી મેળવવી અગત્યની છે.

**ઍર ઍમ્બ્યુલન્સઃ**

દૂરના વિસ્તારમાંથી ગંભીર બીમાર કે અકસ્માતનો ભોગ બનેલી વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે શહેરમાં લાવવા માટે હેલિકૉપ્ટર કે વિમાન અર્થાત ઍર ઍમ્બ્યુલન્સનો ઉપયોગ થાય છે. એ વાહનમાં પણ વેન્ટિલેટર, ડિફિબ્રિલેટર, વગેરે જેવાં જીવનરક્ષક ઊપકરણો અને સાથે સાથે ડોક્ટર, નર્સ તથા પેરામેડિક સ્ટાફની વ્યવસ્થા હોય છે.

**ઍર ઍમ્બ્યુલન્સ કવરેજ શા માટે અગત્યનું છે?**

ઍર ઍમ્બ્યુલન્સના કવરેજ વગરની મેડિકલ ઈમર્જન્સીની સ્થિતિમાં જો કોઈ ઍર ઍમ્બ્યુલન્સનો ઉપયોગ કરવાનો થાય તો એનો ખર્ચ ભારતમાં દોઢથી પાંચ લાખ રૂપિયા સહેજે થઈ જાય. અંતર વધારે હોય, મોટી મેડિકલ ટીમ સાથે લીધી હોય અથવા વધુ ઉપકરણો ધરાવતી ઍર ઍમ્બ્યુલન્સ હોય તો ખર્ચ વધારે પણ થઈ જાય.

- બધાં જ શહેરમાં અત્યાધુનિક અને આવશ્યકતા મુજબની મેડિકલ સુવિધાઓ ન હોય એવા સમયે ઍર ઍમ્બ્યુલન્સનો ઉપયોગ જીવનરક્ષક બની જાય છે અને તેથી ઍર ઍમ્બ્યુલન્સ કવરેજ ઉપયોગી પુરવાર થાય છે.
- **ઝડપી સેવાઃ** હાર્ટ ઍટેક, સ્ટ્રોક, કે ગંભીર અકસ્માતની સ્થિતિમાં દરદીને તાબડતોબ અત્યાધુનિક સારવાર કેન્દ્રમાં પહોંચાડવાની જરૂર હોય છે. જો ઍર ઍમ્બ્યુલન્સનું કવરેજ હોય તો ખર્ચનો વધુ વિચાર કરવાની જરૂર રહેતી નથી; એ સુવિધાનો ઉપયોગ તત્કાળ થઈ શકે છે.

**શું ભારતમાં આપવામાં આવતા બધા આરોગ્ય વીમામાં ઍર ઍમ્બ્યુલન્સનું કવર પહેલેથી હોય છે?**

અમુક કંપનીઓની પોલિસીઓ અંતર્ગત આ રીતે કવરેજ હોય છે. બીજામાં ઍડ ઓન તરીકે કવરેજ પ્રાપ્ત થાય છે. જો કે, કવરેજને અનેક નિયમો-શરતો અને મર્યાદાઓ લાગુ પડતી હોય છે. આથી પોતાને યોગ્ય લાગે એ પ્રમાણેનું કવરેજ લેવાનો વિચાર કરવો જરૂરી બને છે.

**ઍર ઍમ્બ્યુલન્સના કવરેજમાં કઈ કઈ બાબત સામેલ હોય છે?**

| મુદ્દા | વિગતો |
|---|---|
| પરિવહન | અકસ્માતના સ્થળ કે ઘરથી હોસ્પિટલ અથવા એકથી બીજી હોસ્પિટલ સુધી |
| આવરી લેવાયેલી સ્થિતિ | જીવનું જોખમ ધરાવતી ઈમરજન્સી, આવશ્યક તબીબી સારવારની સુવિધા વગરનાં દૂરનાં સ્થળોએથી દરદીની હેરફેર |
| મેડિકલ સ્ટાફના ચાર્જિસ | મોટાભાગની સર્વાંગી પોલિસીઓમાં આવરી લેવાયેલા હોય છે |
| હવાઈ સાધનનું ભાડું | ઍર ઍમ્બ્યુલન્સના એકંદર ખર્ચમાં આવરી લેવાયેલું હોય છે |
| કવરેજની મર્યાદા | સામાન્ય રીતે બેથી પાંચ લાખ રૂપિયાની અથવા તો કુલ સમ ઇન્સ્યોર્ડના નિશ્ચિત ટકા જેટલી રકમ |
| પ્રિ-અપ્રૂવલની આવશ્યકતા | હા, જો સ્થિતિ જીવલેણ ન હોય તો પ્રિ-અપ્રૂવલ લેવું પડે છે |

**ઍર ઍમ્બ્યુલન્સનું કવરેજ આપતી ભારતની ટોચની વીમા કંપનીઓ (વર્ષ ૨૦૨૪)**

| વીમા કંપની | પ્લાનનું નામ | ઍર ઍમ્બ્યુલન્સ કવરેજની વિગત |
|---|---|---|
| કેર | કેર સુપ્રીમ, કેર ઍડવાન્ટેજ | દરેક વખતે પાંચ લાખ રૂપિયા સુધીનું કવરેજ (અમુક પસંદગીના પ્લાનમાં) |
| એચડીએફસી અર્ગો | માય હેલ્થ સુરક્ષા | સમ ઇન્સ્યોર્ડ જેટલી રકમ સુધીનો ઍર ઍમ્બ્યુલન્સનો ખર્ચ આવરી લેવાયેલો હોય છે |
| સ્ટાર હેલ્થ | સ્ટાર કોમ્પ્રિહેન્સિવ | દરેક હોસ્પિટલાઇઝેશન વખતે ૨.૫લાખ રૂપિયા સુધીનો ઍર ઍમ્બ્યુલન્સનો ખર્ચ |
| તાતા એઆઇજી | મેડિકેર પ્રીમિયર | ૧૦લાખ રૂપિયા સુધીનો ઍર ઍમ્બ્યુલન્સનો ખર્ચ (અમુક સ્થિતિમાં) |
| મણીપાલ સિગ્મા | પ્રોહેલ્થ પ્રાઇમ | તાકીદની સારવારની જરૂર હોય એવી નિશ્ચિત સ્થિતિમાં જ ઍર ઍમ્બ્યુલન્સનું કવરેજ હોય છે |

**ધ્યાનમાં રાખવા જેવી અમુક મુખ્ય શરતોઃ**

૧) ફક્ત ઈમર્જન્સીની સ્થિતિઃ ફક્ત જીવલેણ મેડિકલ ઈમર્જન્સીની સ્થિતિમાં ઍર ઍમ્બ્યુલન્સ કવરેજ માન્ય હોય છે.

૨) પ્રિ-ઑથોરાઇઝેશનઃ એકદમ ગંભીર સ્થિતિ સિવાયની સ્થિતિઓમાં વીમા કંપની પાસેથી પ્રિ-ઑથોરાઇઝેશન કરાવવું પડે છે.

૩) અંતરને લગતી મર્યાદાઃ મોટાભાગની વીમા કંપનીઓ ફક્ત ભારતની અંદર જ ઍર ઍમ્બ્યુલન્સનો ઉપયોગ માન્ય રાખે છે અર્થાત્ આંતરરાષ્ટ્રીય પરિવહન આવરી લેવાયેલું હોતું નથી.

૪) નેટવર્ક હોસ્પિટલોઃ જો કેશલેસ સુવિધા જોઈતી હોય તો ઍર ઍમ્બ્યુલન્સની અવરજવર એકથી બીજી નેટવર્ક હોસ્પિટલ સુધી હોવી જોઈએ.

૫) બીજી મર્યાદાઓઃ સામાન્ય રીતે ઍર ઍમ્બ્યુલન્સના ખર્ચની મર્યાદા બેથી પાંચ લાખ રૂપિયા સુધીની અથવા તો સમ ઇન્સ્યોર્ડના અમુક ટકા (દા.ત. ૧૦ ટકા) જેટલી હોય છે.

**વીમા કંપની સાથે કરી લેવાની ચોખવટ**

- ઍર ઍમ્બ્યુલન્સ કવર પોલિસીની અંતર્ગત છે કે પછી રાઇડર સ્વરૂપે છે?
- કવરેજની મહત્તમ મર્યાદા કેટલી છે?
- એકથી બીજી જગ્યાએ જવાના અંતરને લગતી કોઈ મર્યાદા છે કે કેમ?
- દરદીને કોઈ આંતરરાષ્ટ્રીય સ્થળેથી સ્વદેશમાં લાવવાની જરૂર પડે એ સ્થિતિ આવરી લેવાઈ છે કે કેમ (ઓવરસીઝ હેલ્થ પોલિસીના સંદર્ભે)
- શું દર વખતે પહેલેથી અપ્રૂવલ લેવું પડશે? જો હા, તો તાકીદની સ્થિતિમાં અપ્રૂવલ કેવી રીતે લઈ શકાશે?

**વાસ્તવિક ઉદાહરણ**

એક વ્યક્તિને લેહમાં હાર્ટ ઍટેક આવ્યો. ત્યાંથી હૃદયરોગની સારવાર માટેની નિકટતમ હોસ્પિટલ દિલ્હીમાં હતી. દરદીને ઍર ઍમ્બ્યુલન્સમાં બે કલાકમાં દિલ્હી લાવવામાં આવ્યો પછી ઓપરેશન કરીને સ્ટેન્ટ બેસાડાયું. ઓપરેશનનો ખર્ચ ૪.૫લાખ રૂપિયા થયો. એમના આરોગ્ય વીમાનું કવરેજ પાંચ લાખ રૂપિયા હતું. આમ, ઍર ઍમ્બ્યુલન્સના કવરેજને લીધે એમનો પરિવાર આર્થિક બોજથી બચી ગયો.

**નિષ્કર્ષઃ**

બધી જ આરોગ્ય વીમા કંપનીઓની પોલિસીમાં ઍર ઍમ્બ્યુલન્સનું કવરેજ સામેલ હોતું નથી. આથી કવરેજ વિશે આગોતરી સ્પષ્ટતા કરી લેવી જરૂરી છે.


જો વીમાધારક શહેરથી દૂરના વિસ્તારમાં રહેતા હોય કે પછી અનેક વાર એવી જગ્યાએ ફરવા જતા હોય અથવા બધા જ પ્રકારના ખર્ચને આવરી લેતી પોલિસી લેવા ઈચ્છતા હોય તો એમણે ઍર ઍમ્બ્યુલન્સનું કવરેજ લેવું હિતાવહ છે. પહેલેથી જ આ કવર સામેલ ન હોય તો એડ ઓન તરીકે અથવા રાઇડર તરીકે એ લઈ લેવું જોઈએ. તાકીદની સ્થિતિમાં ઘણી વાર ઍર ઍમ્બ્યુલન્સ વગર છૂટકો નથી હોતો એ વાસ્તવિકતા આપણે સ્વીકારી લેવી જોઈએ. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

# હાશિમોટો રોગ શું છે... એ થાઈરોઈડ ગ્રંથિને કઈ રીતે અસર કરે છે?



આપણે બધા થાઇરોઇડ ગ્રંથિ વિશે જાણીએ છીએ. થાઇરોઇડ ગ્રંથિ એ પતંગિયા આકારની ગ્રંથિ છે, જે ગળાના નીચેના ભાગમાં હોય છે. એ 'આદમના સફરજન' તરીકે ઓળખાય છે. આ થાઇરોઇડ ગ્રંથિ એવા હોર્મોન્સ ઉત્પન્ન કરે છે જે શરીરના ઘણાં કાર્યોને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તે તમારા અંતઃસ્રાવી પ્રણાલીનો એક ભાગ છે અને થાઇરોઇડ હોર્મોન્સ મુક્ત કરે છે. તમારા થાઇરોઇડનું મુખ્ય કાર્ય તમારા ચયાપચયની ગતિને નિયંત્રિત કરવાનું છે.

આ પ્રક્રિયાથી તમે જે ખોરાક લો છો તેને તમારા શરીર માટે ઊર્જામાં રૂપાંતરિત કરવામાં આવે છે. વજનનો વધારો અથવા ઘટાડાના સંદર્ભમાં ચયાપચયનો વિચાર કરવો સામાન્ય છે.

જોકે, આ પ્રક્રિયા તમારા શરીરના દરેક અંગને અસર કરે છે, જેમાં તમારા હૃદય અને મગજનો પણ સમાવેશ થાય છે. અને હાશિમોટો રોગ તમારી આ મહત્ત્વની થાઇરોઇડ ગ્રંથિને પોતાનું નિશાન બનાવે છે. હાશિમોટો રોગ એક ઓટોઇમ્યુન (સ્વયંપ્રતિરક્ષા) રોગ છે,જે હાઇપોથાઇરોડિઝમ (અન્ડરએક્ટિવ થાઇરોઇડ)નું કારણ બની શકે છે. તે જીવનભરની (ક્રોનિક) સ્થિતિ છે. ઓટોઇમ્યુન ડિસઓર્ડર એ એક બીમારી છે, જે રોગપ્રતિકારક શક્તિ દ્વારા સ્વસ્થ પેશીઓ પર હુમલો કરવાથી થાય છે. હાશિમોટો રોગમાં, રોગપ્રતિકારક શક્તિના કોષો થાઇરોઇડના હોર્મોન ઉત્પન્ન કરતા કોષોના મૃત્યુ તરફ દોરી જાય છે. હાશિમોટો રોગના મોટાભાગના કિસ્સાઓમાં, તમારું થાઇરોઇડ તમારા શરીર માટે પૂરતું થાઇરોઇડ હોર્મોન ઉત્પન્ન કરી શકતું નથી. આ તમારા ચયાપચયને ધીમું કરે છે અને વિવિધ લક્ષણોનું કારણ બને છે.

હાશિમોટો રોગને હાશિમોટો થાઇરોઇડાઇટિસ, ક્રોનિક લિમ્ફોસાયટીક થાઇરોઇડાઇટિસ અને ક્રોનિક ઓટોઇમ્યુન થાઇરોઇડાઇટિસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રોગનું નામ ડો. હકારુ હાશિમોટોના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે ૧૯૧૨માં તેની ઓળખ કરી હતી.

## કેવાંક હોય છે એનાં લક્ષણ?

હાશિમોટોનો રોગ લાંબા ગાળામાં ધીમે ધીમે આગળ વધે છે. રોગનાં ચિન્હો કે લક્ષણ દેખાતા નથી. આખરે, થાઇરોઇડ હોર્મોન ઉત્પાદનમાં ઘટાડો થતાં આમાંથી કોઈ પણ લક્ષણો નજરે ચઢે છે, જેમકે...

થાક અને સુસ્તી, ઠંડી પ્રત્યે સંવેદનશીલતામાં વધારો, ઊંઘમાં વધારો, સૂકી ત્વચા, કબજિયાત, સ્નાયુઓની નબળાઈ, સ્નાયુઓમાં દુખાવો, અને જડતા, સાંધામાં દુખાવો અને જડતા, અનિયમિત અથવા વધુ પડતું માસિક રક્તસ્રાવ, ડિપ્રેશન, યાદશક્તિ અથવા એકાગ્રતામાં સમસ્યા, થાઇરોઇડ ગ્રંથિ (ગોઇટર)માં સોજો, ચહેરો ફૂલેલો, બરડ નખ, વાળ ખરવા, જીભનું મોટું થવું.

અમેરિકાની 'ક્લેવર લેન્ડ ક્લિનિક'ના જણાવ્યા મુજબ, ગોઇટર એ હાશિમોટો રોગનો એક સામાન્ય પ્રથમ સંકેત છે. તેનાથી કોઈ દુખાવો નથી થતો, પરંતુ તે તમારી ગરદનના નીચેના ભાગમાં પેટ ભરેલું હોવાની લાગણી પેદા કરી શકે છે. તેનાથી ગરદનનો આગળનો ભાગ સોજી ગયો હોય તેવું દેખાય છે.

## આ રોગ કેટલો સામાન્ય છે?

૨૦૨૨ના એક અભ્યાસ મુજબ, ભારતમાં હાઇપોથાઇરોડિઝમનો વ્યાપ ૧૧% છે, જે પશ્ચિમી દેશોમાં જોવા મળતા ૨%૪.૬% કરતાં ઘણો વધારે છે. દરિયાકાંઠાના વિસ્તારો કરતાં આંતરિક પ્રદેશોમાં આ સ્થિતિ વધુ સામાન્ય દેખાય છે (૯.૫% ની સરખામણીમાં ૧૧.૭%), જે કદાચ પૂરતા પ્રમાણમાં આયોડિનના અભાવને કારણે હોઈ શકે છે.

## કોને થઇ શકે છે આ રોગ?

કોઈપણ ઉંમરની વ્યક્તિને હાશિમોટો રોગ થઈ શકે છે. જોકે, પુરુષ કરતાં સ્ત્રીમાં તેની શક્યતા ૧૦ ગણી વધુ હોય છે. નિદાન સામાન્ય રીતે ૩૦થી ૫૦ વર્ષની વય વચ્ચે થાય છે. સંશોધન સૂચવે છે કે લગભગ ૮૦% કિસ્સામાં આનુવંશિકતા હાશિમોટો રોગ થવા માટે જવાબદાર છે. જો તમારા પરિવારના કોઈને હાશિમોટો કે અન્ય થાઇરોઇડ રોગો હોય તો તમને તે થવાની શક્યતા વધુ છે. ઉંમર વધવાની સાથે આ સ્થિતિ (અને અન્ય થાઇરોઇડ રોગો) થવાનું જોખમ વધે છે.

જો તમારા લોહીમાં ચોક્કસ ઓટોએન્ટિબોડીઝ હોય તો એ સામાન્ય રીતે હાઇપોથાઇરોડિઝમનું કારણ હાશિમોટો રોગ તરફ નિર્દેશ કરે છે. હાશિમોટો રોગ ધરાવતા દરેક વ્યક્તિને હાઇપોથાઇરોડિઝમ થતું નથી. જો તમારું એન્ટિબોડીનું સ્તર ઊંચું હોય, પરંતુ ક્લિનિકલ હાઇપોથાઇરોડિઝમ ન હોય, તો તમારા ડોક્ટર સારવાર શરૂ કરવાને બદલે તમારા થાઇરોઇડ સ્તરનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ, જરૂર મુજબ આગળની સારવાર હાથમાં લેશે... ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# શવાસન હૃદય ને જ્ઞાનતંત્રને બળવાન તથા કાર્યક્ષમ બનાવે છે



(ગતાંકથી ચાલુ)

(vi) યોગાસનના અભ્યાસને પરિણામે શું થાય છે, તે અંગે યોગસૂત્રકાર કહે છેઃ

ततो द्वन्द्वानभिघातः। - योगसूत्र; २-२९

'તેના અભ્યાસથી દ્વન્દ્વોના આઘાતમાંથી મુક્તિ મળે છે.'

આ વિધાન વિશેષતઃ ધ્યાનોપયોગી યોગાસનોને લાગુ પડે છે.

સુખ-દુઃખ, ઠંડી-ગરમી આદિ દ્વન્દ્વો છે. તેમનાથી આપણાં શરીર- મન પર સતત આઘાત લાગ્યા કરે છે. પરિણામે આપણી ચેતના શરીર-મન સાથે સતત જોડાયેલી રહે છે. ભગવાન પતંજલિ કહે છે કે ધ્યાનોપયોગી આસનોના અભ્યાસથી આ દ્વન્દ્વોના આઘાતમાંથી મુક્તિ મળે છે. આમ બનવાથી આપણી ચેતનાના ઊર્ધ્વગમનમાં સહાય મળે છે.

(૪) યોગમાં શવાસન અને મકરાસન જેવા શિથિલીકરણાત્મક આસનો (Relaxing postures) પણ છે. આ આસયોના અભ્યાસથી શરીર અને મનને થોડા સમયમાં ઘણો આરામ મળે છે. ઊંઘથી પણ વધુ ગહન આરામ સાચી રીતે કરેલું શવાસન આપે છે.

शवासनं श्रान्तिहरं चित्तविश्रान्तिकारकम् । हठप्रदीपिका ; १.३२

'શવાસન શરીરના થાકને દૂર કરે છે. તે ચિત્ત માટે પણ વિશ્રાન્તિકારક છે.'

શરીર તથા ચિત્તને ગહન આરામ પ્રદાન કરીને શવાસન હૃદય અને જ્ઞાનતંત્રને બળવાન અને કાર્યક્ષમ બનાવે છે. ચિત્તને સમતા અને શાંતિ પ્રદાન કરે છે.

આ ઉપરાંત સમતાયુક્ત મનોવલણ અને સમર્પણ ભાવની કેળવણી માટે પણ શવાસનનું પ્રદાન નોંધપાત્ર છે.

શવાસન પ્રથમ દૃષ્ટિએ સહેલું અને સરળ દેખાય છે, પરંતુ હકીકત તેનાથી ઊલટી છે.

શવાસન જો હસ્તગત કરવામાં આવે તો તેનાથી અન્ય આસનોના અભ્યાસમાં ઘણી સહાયતા મળે છે. શવાસન દરમિયાનની મનોશારીરિક અવસ્થા જો સાધક અન્ય આસનોના અભ્યાસ દરમિયાન પણ જાળવી શકે તો તે તે આસન દ્વારા આંતરિક અવસ્થામાં પ્રવેશ કરવાનું ઘણું સરળ બની શકે છે. જેમ કુશળ સંગીતકાર ગાન વખતે અનેક સ્વરોમાં આરોહ-અવરોહણ કરે છે, પરંતુ તેના પાયામાં 'સા' રહેલો છે, તેમ શવાસન અન્ય આસનો માટે 'સા' બની શકે તેમ છે.

યોગાસનોના અભ્યાસ દરમિયાન પ્રયત્ન શૈથિલ્ય અને અનંત સમાપત્તિ સિદ્ધ થાય તો તે આસનનો અભ્યાસ ગહન બને છે. શવાસનના અભ્યાસથી આ બંનેનો અમલ કરવાની ચાવી હસ્તગત થાય છે.

આ રીતે શવાસનના અભ્યાસથી સર્વ યોગાસનોના અભ્યાસમાં ગહનપ્રવેશ માટે સહાયતા મળી શકે તેમ છે.

**૮. આસન-સિદ્ધિઃ**

કોઈપણ યોગાસન ક્યારે સિદ્ધ થયું ગણાય તે વિશે ઘણી ગેરસમજ પ્રવર્તે છે.

આપણે જોઈએ કે આસન-સિદ્ધિનું યથાર્થ સ્વરૂપ શું છે.

એક માન્યતા એવી પ્રવર્તે છે કે કોઈ પણ આસનમાં ત્રણ કલાક સુધી રહી શકાય, એટલે તે આસન સિદ્ધ થયું ગણાય. આ માન્યતા ભૂલભરેલી અને ગેરમાર્ગે દોરનારી છે.

ધ્યાનોપયોગી આસનમાં સાધકે ધ્યાન આદિના અભ્યાસ માટે દીર્ઘકાલ પર્યંત બેસવાનું હોય છે, તે સાચું છે અને કોઈ સાધક દીર્ઘકાલીન અભ્યાસ પછી આટલો લાંબો સમય કોઈ એક ધ્યાનોપયોગી યોગાસનમાં સરળતાથી બેસી શકે, તેમ બની શકે છે. પરંતુ ધ્યાનોપયોગી આસન સિવાયનાં આસનોમાં આટલો લાંબો ગાળો અર્થાત્ ત્રણ કલાક પર્યંત રહેવું બરાબર નથી. આમ છતાં કોઈ હઠપૂર્વક કોઈ આસનમાં ત્રણ કલાક રહે તો આસનસિદ્ધિને બદલે શરીર-મનની વિકૃત્તિ જ જન્મે, તે વિશે કોઈ શંકા નથી. દૃષ્ટાંતતઃ કોઈ સાધક શીર્ષાસનમાં ત્રણ કલાક રહે તો, તેથી તેના મગજને અને આંખને નુકસાન થવાનું છે.

સાચી વાત તો એ છે કે પ્રત્યેક આસનમાં રહેવાની પોતાની ભિન્ન ભિન્ન સમયમર્યાદા છે. આ સમયમર્યાદાનું પાલન કરવું તે જ સાધારણ રીતે યોગ્ય છે.

અન્ય આસનોના પ્રમાણમાં ધ્યાનોપયોગી આસનોની સમયમર્યાદા ઘણી વધુ છે, એ વાત સાચી છે, પરંતુ તે પણ સુખપ્રદ હોય, કષ્ટપ્રદ નહિ, એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ.

તો હવે આપણી સમક્ષ પ્રશ્ન આવે છે- આસન સિદ્ધ ક્યારે થયું ગણાય?

આ વિશે ભગવાન પતંજલિએ આપેલી સૂત્ર જ સાચો રાહ બતાવે છે. જો કે તેમણે આ સૂત્ર ધ્યાનોપયોગી આસનોને ખ્યાલમાં રાખીને આપ્યું હશે, એમ લાગે છે; આમ છતાં આ સૂત્ર અન્ય આસનોને પણ લાગુ પાડવામાં કોઈ ભૂલ થવાનો સંભવ નથી.

ભગવાન પતંજલિએ આસનસિદ્ધ માટે આ સૂત્ર આપ્યું છે.

प्रयत्नशैथिल्यानन्तसमापत्तिभ्याम् । योगसूत्र; २-४८

'પ્રયત્ન ઓછો થવાથી (Effortlessness) અને અનંત પર ધ્યાન કરવાથી તે (આસન) સિદ્ધ થાય છે.'

આમ ભગવાન પતંજલિ આસનની સિદ્ધિ માટે બે શરતો મૂકે છે- પ્રયત્નશૈથિલ્ય અને અનંત પર ધ્યાન.

આસનમાં આયાસ વિના, સહજ સરળભાવે રહી શકાય એટલે પ્રયત્નશૈથિલ્ય સિદ્ધ થયું ગણાય. આ અવસ્થામાં ચેતના શરીર-મનથી ઉપર ઊઠીને આકાશ જેવા વ્યાપ્ત પદાર્થનું ધ્યાન કરી શકે એટલે અનંતસમાપત્તિ સિદ્ધ થઈ ગણાય. દીર્ઘકાલ પર્યંત આસનનો નિયમિત અભ્યાસ કરવાથી આ બંને લક્ષણો સિદ્ધ થાય છે. સાધક પોતે જ અનુભવે છે કે જે તે આસનના અભ્યાસ દરમિયાન આંતરકિ અવસ્થામાં પ્રવેશી શકે છે. સાધક પોતે અનુભવે છે કે આંતરિક અને બાહ્ય, બંને રીતે આસન હસ્તગત થયું છે. આમ બને ત્યારે આસન સિદ્ધ થયું છે, તેમ કહી શકાય.

**૯. આસનોનું વર્ગીકરણઃ**

યોગાસનોનું વર્ગીકરણ કરવાની અનેક પદ્ધતિઓ છે. અહીં આપણે વર્ગીકરણ કરવાની યથાશક્ય સર્વ પદ્ધતિઓ જોઈએ.

**(૧) શરીરની અવસ્થાને આધારેઃ**

(A) ચત્તા સૂઈને કરવાનાં આસનો
(B) ઊંધા સૂઈને કરવાનાં આસનો
(C) બેસીને કરવાનાં આસનો
(D) ઊભા રહીને કરવાનાં આસનો
(E) શરીરની વિપરીત અવસ્થામાં કરવાનાં આસનો (TOPSYTURVY POSTURES)

**(૨) શરીરના વળાંકની દિશાને આધારે-**

(A) આગળ વળવાનાં આસનો
(B) પાછળ વળવાના આસનો
(C) બંને બાજુ વળવાનાં આસનો
(D) શરીરને મરડવાનાં આસનો

**(૩) હેતુને આધારેઃ**

(A) ધ્યાનોપયોગી આસનો
(B) સંવર્ધનાત્મક આસનો

સમતુલાત્મક આસનો | વળાંકાત્મક આસનો

**(૪) આસાનના કેન્દ્રને આધારેઃ**

(A) મસ્તકકેન્દ્રી આસનો
(B) નાભિકેન્દ્રી આસનો
(C) કરોડકેન્દ્રી આસનો
(D) હાથપગદેન્દ્રી આસનો

**(૫) કઠિનતાને આધારેઃ**

(A) સરળ આસનો
(B) મધ્યમ આસનો
(C) કઠિન આસનો
(D) ખૂબ કઠિન આસનો

**(૬) સર્વગ્રાહી દૃષ્ટિકોણને આધારેઃ**

(A) વિપરીત અવસ્થાનાં આસનો (TOPSYTURVY POSTURES)
(B) આગળ વળવાનાં આસનો
(C) પાછળ વળવાનાં આસનો
(D) બાજુમાં વળવાના આસનો
(E) શરીરને મરડવાનાં આસનો (TWISTING POSTURES)
(F) શરીરને ખેંચાણ આપવાનાં આસનો (STRETCHING POSTURES)
(G) ઊભા રહીને કરવાનાં આસનો
(H) પગ પર સમતુલાત્મક આસનો
(I) હાથ પર સમતુલાત્મક આસનો
(J) અન્ય સમતુલાત્મક આસનો
(K) ચત્તા સૂઈને કરવાનાં આસનો
(L) ઊંધા સૂઈને કરવાનાં આસનો
(M) બેસીને કરવાનાં આસનો
(N) ધ્યાનાપયોગી આસનો
(O) આરામપ્રદ આસનો
(P) કઠિન આસનો
(Q) પ્રકીર્ણ આસનો.

(ક્રમશઃ) ■

---

feedback@bombaysamachar.com
ફોકસ
રાજકુમાર 'દિનકર'

# ભોજન ક્યારે ને કેવી રીતે કરવું ?



ભોજનમાં આપણે શું અને કેટલું ખાઈએ છીએ તેના કરતાં ભોજન કઈ રીતે કરવું જોઈએ તે મહત્ત્વનું છે. ભોજનનું સ્થાન અને સમયગાળો, ભોજન કરવાની રીત, જે ખાઈએ છીએ તે વસ્તુની પર પણ ધ્યાન આપવું જરૂરી છે. જ્યાં બેસીને આપણે ભોજન કરીએ• છીએ તે માહોલ કેવો છે તે વાત પણ મહત્ત્વ ધરાવે છે. આપણા પ્રાચીન ગ્રંથોને અનુસાર ભોજન કરતી વખતે આપણી આજુબાજુના લોકો પણ શુભ અથવા અશુભ હોય છે. ભુખ્યા, કૂતરા, કાગડા, રોગીને અશુભ માનવામાં આવે છે જ્યારે, હંસ, મોર, માતા-પિતા, મિત્રને શુભ માનવામાં આવે છે.

આવશ્યકતાથી વધારે ભોજન આપણા સ્વાસ્થ્ય પર ખરાબ અસર પાડે છે. ભોજન એક ચોક્કસ સમયે કરવું જોઈએ. કારણકે, ખોટા સમયે કરેલું ભોજન તમારી પાચનક્રિયા પર ખરાબ અસર પાડે છે. આપણે ત્યાં પહેલા સવારે અને સાંજે એમ બે વાર ચોક્કસ સમયે ભોજન કરવામાં આવતું. ધીરે ધીરે જીવનશૈલીમાં બદલાવ આવતાં લોકો દિવસમાં ઘણી વાર ભોજન કરે છે. આહારનો અર્થ હંમેશાં પેટને ભરેલું રાખવું નહી પરંતુ તેનાથી મન પણ તૃપ્ત થવું જોઈએ. ભોજનની પાચનક્રિયામાં ઓછામાં ઓછા ચાર કલાકનો ટાઈમ લાગે છે પરંતુ ફાસ્ટફૂડના કલ્ચરએ ભોજન કરવાની તમામ રીતને અસ્તવ્યસ્ત કરી નાખી છે.

માત્ર શહેરોમાં જ નહીં પરંતુ ગામો અને નગરોમાં પણ ભાગદોડ વાળા જીવનમાં લોકો સમજ્યા વગર દિવસમાં કોઈ પણ સમયે કાંઈ પણ ખાય છે, તેમની પાસે સમય નથી હોતો કે તેઓ શું ખાય છે અને શું કામ ખાય છે? કામના દબાણમાં ચાલતા, દોડતા જ્યારે ટાઈમ મળે ત્યારે કાઈક ખાઈને પેટ ભરી લેવું તે જ ઉદેશ્ય મોટે ભાગે હોય છે. આપણે શું ખાઈ રહ્યા છીએ, તે ખાવાનું કેવી રીતે અને કયા સ્થાન પર બનાવવામાં આવે છે તે આપણે વણદેખુ કરીયે છીએ. ખાવાની રીત પણ ઝડપી બની ગઈ છે. લગ્ન સમારંભોમાં હવે લોકો જલદી જલદીમાં સમજ્યા વગર કાંઈ પણ ખાઈ લે છે. પશ્ચિમમાં પણ લોકો એવું માનવા લાગ્યા છે કે, ભોજન કરવા ઉપરાંત મનનું તૃપ્ત થવું બહુ જરૂરી છે. ભોજન કરતી વખતે પૂરેપૂરુ ધ્યાન ભોજનમાં હોવું જોઈએ ત્યારે જ શરીરને પૂરતું ન્યુટ્રીએશન મળે છે. ભોજનને બરાબર રીતે ચાવીને ખાવું જોઈએ જેથી તેના સ્વાદનો આનંદ માણી શકાય. ભોજન કરતી વખતે એકાંત આવશ્યક છે.

એકાંત એટલે ભીડભાડથી દૂર પોતાના પરિવાર સાથે સ્વચ્છ વાતાવરણમાં ભોજન કરવું. ભોજન કરતી વખતે જો તમારા પ્રિયજન તમારી સાથે હોય તો ભોજનની મજા જ કંઈક અલગ હોય છે. આયુર્વેદમાં ભોજન પહેલા લીંબુના રસમાં આદુનો ટુકડો નાખી , ખાઈ લેવું જેથી ભૂખ વધી જાય છે. આયુર્વેદમાં એમ કહેવામાં આવ્યું છે કે, ભોજનની શરૂઆત મીઠાઈથી થવી જોઈએ , ત્યારબાદ ખાટું અને નમકીન ખાવું અને સમાપ્તિ પણ મીઠાઈથી થવી જોઈએ.

મોટે ભાગે લોકો ખાવાના સમય માટે કોઈ નિયમનું પાલન નથી કરતાં. એમની માન્યતા એવી હોય છે કે, જ્યારે ભૂખ લાગે ત્યારે ખાઈ લેવું. શું તમે જાણો છો કો, વારે ઘડીયે ખાવું, ખાવાનો કોઈ ટાઈમ નથી હોતો. તેમ જ લંચ અને ડિનરમાં કાંઈ પણ ખાવું આવી આદતો તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. તંદુરસ્ત રહેવા માટે સવારે ઉઠીને બે કલાકની અંદર જ સવારનો નાસ્તો કરી લેવો જોઈએ અને રાત્રે ૮ વાગ્યા પહેલા જમી લેવું જોઈએ.

ભોજનના સાચા ટાઈમ સાથે ખાવામાં શું ખાવું તે પણ ખૂબ જ જરૂરી છે. વ્યસ્ત દિનચર્યાને કારણે નાસ્તો મીસ કરવો, આખો દિવસ ભુખ્યા રહીને માત્ર લંચ અથવા ડિનર કરવું.

સવારે જલદી ઉઠીને નાસ્તો કરવો અને દિવસની શરૂઆત ચા કે કોફીથી કરવાની બદલે દૂધ, ઓટ્સ, બ્રેડ અથવા સીઝનલ ફળથી કરવી. સવારના નાસ્તામાં અને બપોરના જમવામાં પાંચ કલાકનો ફરક હોવો જોઈએ.

જોકે વ્યસ્ત દિનચર્યાને કારણે લોકો તેના પર અમલ લથી કરતાં, પરંતુ લેટ રાતના ખાવું તે પણ શરીર માટે યોગ્ય નથી. ભોજન કર્યા બાદ તરત સૂવુ ન જોઈએ.

રાતના ભોજન અને સુવામાં ઓછામાં ઓછા ત્રણ કલાકનું અંતર હોવું જોઈએ. રાત્રે જાગી જતાં જો ભૂખ લાગે તો ખાવું ન જોઈએ કારણકે, આનાથી ડાયાબિટીસ, હાઈપરટેન્શન, મોટાપો, ઈંસુમેનિયા,ઓસ્ટ્રોક જેવી સમસ્યાઓ થાય છે. તેમજ લેટ ખાવાથી ખાવાનું પચતું જેનાથી ગેસ અને એસિડિટી થાય છે. ■

---

# ચોમાસામાં કપડાંની દુર્ગંધ આ રીતે દૂર કરો

વરસાદની ઋતુમાં હવામાં ભેજ વધવાને કારણે અને સૂર્યપ્રકાશ ઓછો હોવાને કારણે કપડાંમાંથી વિચિત્ર ગંધ આવવા લાગે છે. જેને દૂર કરવી ક્યારેક મુશ્કેલ બની જાય છે. આ ઋતુમાં કપડાં ઝડપથી સુકાતા નથી અને તેમાં ભેજ રહે છે, જેના કારણે કપડાંમા એક વિચિત્ર ગંધ રહે છે. લોકો કપડાંમાંથી આવતી વિચિત્ર ગંધ દૂર કરવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવે છે, પરંતુ તે પછી પણ કપડાંની ગંધ દૂર થતી નથી, જેના કારણે ઘણી વખત લોકો તે કપડાં પહેરવાનું ટાળે છે.

જો તમે પણ આ સમસ્યાનો સામનો કરી રહ્યા છો અને સરળ ઉકેલ ઇચ્છતા હોવ, તો અમે તમારા માટે અસરકારક ઘરેલુ ઉપાય લાવ્યા છીએ, ખાસ વાત એ છે કે તેમાં ઓછા પૈસા ખર્ચ થશે અને સમય પણ બચશે. તો ચાલો જાણીએ કપડાંમાંથી દુર્ગંધ દૂર કરશે.

**સફેદ સરકોનો ઉપયોગ કરોઃ** ચોમાસામાં કપડાં ધોવાથી આવતી વિચિત્ર ગંધ દૂર કરવા માટે સફેદ સરકો એક સારો અને સસ્તો ઉપાય છે. વાસ્તવમાં સફેદ સરકોમાં એસિટિક એસિડ જોવા મળે છે જે ગંધ પેદા કરતા બેક્ટેરિયાને દૂર કરવામાં મદદરૂપ થાય છે. આ માટે એક ડોલમાં અડધો કપ સરકો અને અડધો જગ પાણી ભેળવીને દ્રાવણ બનાવો. હવે આ દ્રાવણમાં કપડાં પલાળી દો અને પછી તેને વોશિંગ મશીનમાં મૂકીને સૂકવી દો. કપડાં કાઢીને દોરડા પર ફેલાવો અને ફરીથી સરકો અને પાણીનું દ્રાવણ છાંટો. આમ કરવાથી, કપડાંમાંથી આવતી ગંધ દૂર થઈ જશે.

**બેકિંગ સોડા પણ અસરકારક છેઃ** બેકિંગ સોડા કપડાંમાંથી દુર્ગંધ દૂર કરવામાં પણ અસરકારક છે. બેકિંગ સોડામાં ભેજ અને ગંધ શોષવાના ગુણો છે. તેનો ઉપયોગ કરવો પણ ખૂબ જ સરળ છે. તમે ફક્ત અડધો કપ બેકિંગ સોડા ડિટર્જન્ટ સાથે ભેળવીને વોશિંગ મશીનમાં નાખો અને પછી તેમાં કપડાં નાખો. બેકિંગ સોડા બે રીતે ફાયદા આપશે. તે ફક્ત કપડાંમાંથી દુર્ગંધ દૂર કરશે જ નહીં પણ કપડાં સાફ કરવામાં પણ મદદ કરશે. કપડાં ધોયા પછી પણ, જો તેમાં ગંધ રહે છે, તો કપડાંને ઝિપ લોક બેગમાં રાખો અને તેમાં બેકિંગ સોડા છાંટો. આખી રાત આ રીતે રહેવા દો. આમ કરવાથી ગંધ સંપૂર્ણપણે દૂર થઈ જશે.

**લીંબુના રસનો ઉપયોગ કરોઃ** લીંબુનો રસ પણ કપડાંમાંથી દુર્ગંધ દૂર કરવા માટે એક સારો ઉપાય છે. વાસ્તવમાં, લીંબુમાં કુદરતી બ્લીચિંગ એજન્ટ હોય છે જે કપડાંમાંથી ગંધ ઘટાડે છે. આ માટે, જ્યારે તમે કપડાં ધોતા હોવ ત્યારે, તે પાણીમાં અડધા લીંબુનો રસ મિક્સ કરો. પછી કપડાંને સારી રીતે પલાળી દો અને પછી કપડાંને સૂકવવા માટે દોરડા પર લટકાવી દો. ■

---

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# સાચી વાત પુરવાર કરવા પણ ખોટાં કામ કરવા પડે...



'અરે સાંભળ્યુ? વૈકુંઠવાસી ટ્રાવેલના મેનેજર ચંબુલાલનો ફોન હતો.

આપણી સિંગાપુરની ટિકિટ ફાટી.. સોરી, આવી ગઈ છે. હું લઈ આવું.' એટલું બોલી હું નીકળી ગયો...

'ઠાકર, ભાભીને સાથે ન લાવ્યા?' ચંબુલાલે પૂછ્યું.

'અરે મારા પ્રભુ, જવાદોને એ રથને રથયાત્રાના દિવસે પણ બહાર કાઢવા જેવો નથી એની ખોપરીમાં ઈશ્વરે મગજને બદલે કેરીનો ગોટલો મૂક્યો છે... ગયા અઠવાડિયે મહાબળેશ્વર ગયેલા તો બપોરે એ મને કહે 'સુભાષ આપણે સાંજે મુંબઈ જવા નીકળી જવાના છીએ તો ચાલને અત્યારે જ સનસેટ પોઈન્ટ(સૂર્યાસ્ત) જોઈ આવીએ...!' એ જ વખતે મને મારા જીવનનો સૂર્યાસ્ત થતો લાગ્યો.

મેં કીધું : 'ડાર્લિંગ, આ નરીમન પોઈન્ટ નથી જોવાનો સનસેટ પોઈન્ટ છે અને મારે સૂરજ સાથે એવા કોઈ સંબંધ નથી કે ત્રણ વાગે અસ્ત થવાનું કહી શકું.. ચંબુકાકા, હજી જ્યારે-જ્યારે આ વાત યાદ આવે છે ત્યારે-ત્યારે મારી છાતીમાં દુખાવો ઊપડે છે ને એટેકની નાની-નાની હુમલી આવતી હોય એવું ફિલ થાય છે..'

'બા....પ...રે' ચંબુલાલ તો ચમક્યા.

'અરે ખરું બાપરે તો હવે આવે છે. એની કેટલીક વાતો તો તમે હજમાહજમની ૫૦૦ ગોળીઓ એક સાથે ખાઈ જાઓ કે ૫૦૦ ગ્રામ ત્રિફલાના ફાકડા મારી જાઓ તોયે પચે નઇ એવી હોય છે. ઈશ્વરે આપેલું એનું બહારનું શરીર ચાલે છે પણ અંદરનું મગજ નથી ચાલતું. મને કહે તમે ચંબુલાલની ઓફિસે પૂછતાં આવજો કે સિંગાપોર કે મલેસિયા ચાલતા જઈએ તો કેટલો સમય લાગે ને રિક્ષામાં કેટલા પૈસા થાય? ને રિક્ષાનું પેકેજડીલ કરે છે?'

ચંબુલાલને અવાક જોઈને મેં બીજો સવાલ કર્યો :

'ચંબુલાલ એક પર્સનલ સવાલ કરું?'

'હાં, બોલો.'

પછી આજુબાજુ જોઈ મેં ધીરેથી પૂછ્યું :

'તમારા આ સિંગાપોરના ક્રૂઝમાં ડાન્સ-બાર ખરા કે?

ચંબુલાલ મૂછ વગર મૂછમાં મલક્યાઃ

'ઠાકર, તમે યાર રંગીલા તો છો જ. અરે, આ ક્રૂઝ ૧૯૬૦થી ચાલુ થઈ ત્યારથી છોકરીઓ ડાન્સ કરે છે..'

'વા.. ઉ...ઉ...ઉ..ફેન્ટાસ્ટિક.. હવે જખ મારે છે દુનિયા ને જખ મારે છે વાઈફ. ક્રૂઝનો ફેરો વસૂલ.'

'પણ..'

'તમે યાર 'પણ' બોલી સસ્પેન્સ ઊભું ન કરો.'

'પૂરું સાંભળો તો ખરા...ડાન્સ તો હજી ચાલુ છે, પણ છોકરીઓ હજી એની એ જ છે. સી... ઓલ્ડ ઈઝ ગોલ્ડ'

'વોટ? યુ મીન ૧૯૬૦વાળી? ઓ માય ગોડ, એટલે ડોશીડાન્સ?!' મારા ચહેરા પર અષાઢી વાદળની શ્યામલતા છવાઈ ગઈ :

' છટ..તમે યાર ક્રૂઝમાં જવાની ને મારી મજા બગાડી નાખી. સાલું, નારિયેળના છોતરાં જેવા ચહેરાવાળો ડોશીડાન્સ તો કેવા લાગે?'

'કેવા લાગે? વરસાદથી પડેલા ખાડાવાળા રસ્તા પર ધીમી ગતિએ નાચતો-નાચતો ટ્રાફિક જતો હોય એવું લાગે. અરે , એ લોકો હવે ડોસા ડાન્સ પણ શરૂ કરવાના છે. હું તો કહું છું તમે પોતે ડાન્સર તરીકે જોડાઈ જાઓ.. ડોશી-ડાન્સ વિરુદ્ધ ડોસા-ડાન્સ... પ્રોગ્રામ વધુ કમાશો..

'છીઇઇઇ.'

'એમ છીઇઇઇ કરવાથી પરિસ્થિતિ ન બદલાય. જેમ પરિવર્તન સંસારનો નિયમ છે એમ રૂપ પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે ગમે તેટલા ધમપછાડા કરો ઉંમરને વધતી અટકાવી ન શકો... આ લો પ્લેનની તમારી ટિકિટ.. બેસ્ટ લક ફોર જર્ની...'

બીજા દિવસે સમાન સાથે ઊપડયા એરપોર્ટ પર કાઉન્ટર પર બેઠેલી કન્યાને સરોજનો પાસપોર્ટ આપ્યો પણ ચૂનો ધોળાયેલી દીવાલ પરથી પોપડા ઊખડીને આખી દીવાલ મોડર્ન આર્ટ જેવી બની ગઈ હોય એવી વિધવા ભીત જેવો સરોજનો ફોટો જોઈ બોર્ડિંગ પાસ આપવાનો ઇન્કાર કર્યો :

'મિસ્ટર ઠાકર, આમાં માણસ છે કે મધપુડો એ ખબર ન પડતી હોય તો મેડમનો બોર્ડિંગ પાસ કેવી રીતે આપું?'

જરાપણ મગજ ગુમાવ્યા વગર સરોજ બોલી : 'એને મારો ફોટો બરાબર નથી દેખાતો એ સમસ્યા છે ને? અરે, એને લોજિન્ગ-બોર્ડિંગ બંને પાસ આપવા પડશે. જો, સુભુ કેટલીક સાચી વાત પુરવાર કરવા ખોટા કામ કરવા પડતાં હોય છે અને એટલે હું બીજો પાસપોર્ટ પણ સાથે લાવી છું.'

પ્રધાન સિવાય કોઈ આવું કૃત્ય ન કરે એવું ભેદી રહસ્ય સરોજે ખોલ્યું.

હું પોતે ચોંકી ગયો. સરોજ આગળ બોલી 'આ તો આપણને એમ કે જૂના પાસપોર્ટથી કામ પતી જતું હોય તો ઠીક છે બાકી આ રહસ્ય મેં મદારી છાબડીમાં નાગ રાખે એમ મારા મગજની ડબ્બીમાં રાખેલું. લે, આપી દે હવે આ પાસપોર્ટ.'

'અરે પણ સરોજ..'મારો ચહેરો ચૂસાયેલી આફૂસ કેરી જેવો થઈ ગયો

'અરે તારું પણ ને બણ.. આવો ત્રીજો પાસપોર્ટ ઘરમાં પણ પડ્યો છે એટલે આ ન ચાલે તો...'

'બાપ રે! તારી પાસે ત્રણ પાસપોર્ટ? સરકાર તને..' ધીરે ધીરે મારા આંખના ડોળા બહાર આવવા લાગ્યા.

'સરકાર થોડા આપે? પાગલ છે તું? આ તો મારા ભાઈના પ્રેસમાં છાપ્યા.'

કાઉન્ટર પરની બહેન ગુજરાતી હોવાથી બોર્ડિંગ પાસ મળી ગયો પછી સિક્યોરિટીના કાઉન્ટર પર ઊભી ખો ની રમત ચાલતી હોય એમ એક પછી એક પેસેન્જરની તપાસ કરીને આગળ મોકલવામાં આવતા. લાઇનમાં મારી પાછળ સરોજ દીવાલને ગરોળી ચોંટી હોય એમ ચીટકેલી. પણ સરોજનો વારો આવ્યો એટલે સિક્યુરિટીવાળાએ કહ્યું 'પ્લીઝ વેઇટ.'

'મારું વેઇટ ૬૨ કિલો' સરોજે બાફ્યું પણ સિક્યોરીટીવાળો સમજી ગયો કે લોચો છે એટલે હિન્દીમાં બોલ્યોઃ

'અરે, આપ કતારમેં આયે.'

સરોજ તો ભડકી : 'બિલકુલ નહીં કતારમેં ક્યું? હમ સિંગાપોર જાતે હૈ હમારા ટિકિટ સિંગાપોરકા હૈ હમારા કોઈ સગા-વ્હાલા કતારમેં નહી.'

મે એના કાનખાનમાં ધીરેથી કીધુંઃ 'તું યાર, જાહેરમાં બુદ્ધિના ભગા ન કર... આપણે કઇ માતાજીનો પ્રસાદ લેવા નથી આવ્યા.. હમણાં ભડકશે તો આપણું જવાનું કેન્સલ કરશે એના હાથમાં સત્તા છે.'

પછી એ સમજી ગઈ ને લગ્નના દિવસે વર-વહુ દીવાલ પર થપ્પો મારે એમ બોર્ડિંગ પાસ પર થપ્પો માર્યો...

છેવટે પાતાળેશ્વર મહાદેવના મંદિરની ગુફામાં પ્રવેશ કરતાં હોઈએ એમ પ્લેનની અંદર પ્રવેશ કર્યો.. પછીના ભગા આવતા મંગળવારે..

શું કહો છો? ■



# પોષણ-મૂલ્યોથી સમૃદ્ધ સૌથી વજનદાર ફળ ફણસ

feedback@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

ફણસનું નામ સાંભળતાં આપણી બારાખડીની યાદ અચૂક આવી જાય .... કેમ કે બાળપણથી આપણે 'ફ...ફણસનો...ફ' સાંભળતાં આવ્યા છીએ. ફણસના ફળને વિશ્વનું સૌથી વજનદાર ફળ ગણવામાં આવે છે. કેમ કે એક ફળનું વજન સરેરાશ ૫૫ કિલોની આસપાસ જોવા મળે છે. એશિયામાં ફણસનો વપરાશ તથા ખેતી મોટા પ્રમાણમાં થાય છે. ઉષ્ણકટિબંધીય ફળ તરીકે તે જાણીતું છે. ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા તથા ફિલિપાઈન્સમાં ફણસની ખેતી તથા ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. ભારતનું તમિળનાડુમાં આવેલું પનરૂતિ ગામ રસમધુરાં ફણસની રાજધાની ગણાય છે. અન્ય રાજ્યોમાં ઓરિસ્સા, કેરળ, આસામ, પશ્ચિમ બંગાળ તથા મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. ફણસનાં પોષણમૂલ્યોની વાત કરીએ તો તેમાં વિટામિન સી, વિટામિન બી-૬, ફાયબર, પોટેશ્યિમની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી છે. તેથી પાચન સુધારવાની સાથે રોગપ્રતિકારક શક્તિ વધારનાર ફળમાં ફણસનો સમાવેશ થાય છે. હૃદયની તંદુરસ્તીની સાથે ઍન્ટિ-ઑક્સિડન્ટનું પ્રમાણ હોવાથી તે ત્વચાનું કોમળપણું જાળવી રાખવામાં મદદ કરે છે.

ફણસને અંગ્રેજીમાં જૅકફ્રૂટ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં ફણસની ખેતી હજારો વર્ષથી થતી આવી છે. તેના વૃક્ષને તેમજ ફળને પવિત્ર માનવામાં આવે છે. તાજેતરમાં મૅંગ્લોર...બૅંગલૂરુમાં 'જૅકફ્રૂટ ફેસ્ટિવલ' ઊજવવામાં આવ્યો હતો. જેમાં ફણસમાંથી બનતાં વિવિધ પદાર્થની સજાવટ કરવામાં આવી હતી. જેમ કે ફણસની જલેબી, ફણસનો આઈસક્રીમ, ફણસનો મિલ્કશૅક, ફણસના માલપુઆ, ફણસના ભજિયાં, ફણસની વેફર.. એકલાં ફણસની જ વાનગીઓ નિહાળીએ તો ફણસ ન ભાવતું હોય તેમને પણ અવશ્ય પસંદ પડવા લાગે. ફણસ માનવ-જીવનના આરોગ્ય માટે કેટલું સમૃદ્ધ છે તે વિષે ખાસ માહિતી આપવામાં આવે છે. ફણસના વૃક્ષના લાકડાનો ઉપયોગ ધાર્મિક વિધિમાં તથા ફર્નિચર બનાવવામાં કરવામાં આવે છે. સંગીતનાં સાધનો બનાવવામાં ફણસના વૃક્ષનું લાકડું ઉપયોગી ગણાય છે.

ફણસના સ્વાદની વાત કરીએ તો પાઈનેપલ તથા કેળાને ભેગા કરીને ખાતા હોઈએ તેવો લાગે છે. પાકેલું ફણસ સ્વાદમાં અત્યંત મીઠું મધુરું લાગે છે. વળી રસદાર ફળને કાપવામાં આવે ત્યારે અત્યંત મીઠી સુગંધ પ્રસરે છે. ફણસને કાચું તથા પોકલું તેમ બંને રીતથી ખાઈ શકાય છે. કાચા ફણસનું શાક, અથાણું, વેફર કે કરી બનાવવામાં આવે છે. જ્યારે પાકા ફણસમાંથી જલેબી, આઈસક્રીમ, સ્મૂધી, માલપુઆ, મિલ્કશૅક, બીરિયાની, કબાબ, ટિક્કી જેવી અનેક વાનગી બનાવી શકાય છે.

## ફણસના સ્વાસ્થ્યવર્ધક લાભ

**પોષક તત્ત્વોથી ભરપૂરઃ** પાકા ફણસમાં વિટામિન સી, વિટામિન એ, પોટેશ્યિમ, ડાયેટરી ફાઈબર જેવા પોષક ગુણો સમાયેલાં છે. ફણસમાં કૅલ્શ્યિમ, થાઈમીન, રાઈબોફ્લેવિન, આયર્ન, નિયાસિન, ઝિંક જેવાં સત્ત્વો સમોયલાં છે. જે શરીરને માટે લાભકારક ગણાય છે. વળી ફણસમાં કૅલરીનું પ્રમાણ ઓછું હોય છે. જેથી ફણસ ખાવાથી વજન વધી જવાની ચિંતા રહેતી નથી. નાસ્તામાં ફણસનો ઉપયોગ સરળતાથી કરી શકાય છે. કેમ કે ફણસમાં રેસવેરેટ્રોલ નામક ઍન્ટિ-ઓક્સિડન્ટ હોય છે. વળી ઍન્ટિ-ઈન્ફેલેમેટરી ગુણ હોવાને કારણે વધતાં વજનને રોકવામાં મદદ કરે છે.

**આંખો માટે ફાયદાકારકઃ** ફણસમાં વિટામિન એ તથા વિટામિન સીની માત્રા ભરપૂર છે. વળી આ બંને પોષક તત્ત્વો આંખો માટે ફાયદાકારક ગણાય છે. આંખોની કાળજી યોગ્ય રીતે લેવા માટે આહારમાં વિટામિન સી તથા વિટામિન એની સાથે બિટાકેરોટીનનો સમાવેશ કરવો જોઈએ.

**હાડકાંને મજબૂત બનાવવામાં ગુણકારીઃ** હાડકાંની મજબૂતાઈ જળવાઈ રહે તે માટે કૅલ્શ્યિમ, ફોસ્ફરસ, કૉપર, ઝિંક વગેરેની આવશ્યક્તા શરીરને પડે છે. ફણસમાં ઉપરોક્ત બધા જ ન્યૂટ્રિઅન્ટસ્ સમાયેલાં છે. જે હાડકાંની મજબૂતાઈ માટે જરૂરી છે. તેથી ફણસનું સેવન સ્વાસ્થ્ય માટે લાભકારક છે.

**કૅન્સરનો ખતરો ઘટાડે છેઃ** ફણસમાં અનેક પ્રકારના ફાઈટોન્યૂટ્રિઅન્ટસ્ જોવા મળે છે. ફણસમાં ઍન્ટિહાઈપરટેંસિવ, ઍન્ટિકૅન્સર, ઍન્ટિ-ઍજિંગ, ઍન્ટિ-અલ્સર તત્ત્વ સમાયેલાં હોય છે. જે શરીરમાં કૅન્સર સેલને બનતાં રોકે છે. તથા પેટના અલ્સરમાં ગુણકારી ગણાય છે.

**ત્વચા માટે ગુણકારીઃ** ફણસમાં ઍન્ટિ-ઓક્સિડન્ટની સાથે વિટામિન સીની માત્રા ભરપૂર સમાયેલી છે. જેથી બંને પોષક તત્ત્વો ત્વચાને તંદુરસ્ત રાખવા માટે ગુણકારી ગણાય છે. ફણસ માટે એવું કહેવાય છે કે તેના સેવનથી વધતી વયની અસરોથી બચી શકાય છે.

**ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં ગુણકારીઃ** ફણસમાં ફાઈબરની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. જે પાચનને ધીમું કરવામાં મદદ કરે છે. લોહીમાં શર્કરાની માત્રાને વધતી રોકે છે. ફણસનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. જેથી ડાયાબિટીસના દર્દીઓ માટે ફણસનો ઉપયોગ કરી શકાય છે.

**પાચનક્રિયા સુધારે છેઃ** ફણસમાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેથી ફણસનું પ્રમાણભાન રાખીને સેવન કરવાથી સારા બૅક્ટેરિયાની માત્રા શરીરમાં વધે છે. પાચનક્રિયાને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

### ફણસ કેસરી



**સામગ્રી :** ૧૦ નંગ બી કાઢેલાં ફણસ, ૮ નંગ આખા કાજુ, ૧ મોટી ચમચી સૂકી દ્રાક્ષ, અડધો કપ રવો, ૪ ચમચી ચોખ્ખું ઘી, ૪-૫ તાંતણા કેસરના દૂધમાં પલાળેલાં, ૧ વાટકી ખાંડ, બદામ-પિસ્તાની કતરણ ૧ ચમચી.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ફણસના બી કાઢી લેવાં. ૨ ફણસના નાના ટુકડાં કરી લેવાં. બાકીના ફણસનો મિક્સરમાં માવો બનાવી લેવો. એક કડાઈમાં ૨ ચમચી ઘી ગરમ કરવું. તેમાં કાજુ સાંતળી લેવાં. સૂકી દ્રાક્ષ સાંતળી લેવી. તેને એક વાટકીમાં કાઢી લેવી. તેમાં અડધો કપ રવો શેકવો. રવો સોનેરી થાય તથા સુગંધ આવવા લાગે એટલે તેમાં ફણસનો માવો ભેળવવો. કેસરના તાંતણાને ઉમેરવાં. જરૂર જણાય તો થોડું ગરમ દૂધ ઉમેરવું. ફણસના ટુકડાં ઉમેરીને બરાબર ભેળવવું. થોડું સિઝવા લાગે ત્યારબાદ ખાંડ ઉમેરવી. ધીમી આંચ ઉપર રાખવું. કાજુ-સૂકી દ્રાક્ષ ભેળવવાં. બદામ-પિસ્તાની કતરણથી સજાવીને ગરમા-ગરમ પિરસવો. ફણસનો રંગ શિરામાં કેસરી રંગ મનમોહક લાગશે. તથા સ્વાદ પણ મનભાવન લાગે છે. ફણસની મોસમમાં અચૂક બનાવવા જેવો છે ફણસ કેસરી. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# શું શરીર સ્વયં નિરોગી રહી શકે છે? શા માટે નહીં?



આપણું આ માનવશરીર અમૂલ્ય છે. જે પરમાત્માએ આ સૃષ્ટિની રચના કરી છે એમણે જ માનવશરીરનું નિર્માણ કર્યું છે. જેમ કોઈ કંપની નવી પ્રોડક્ટને બહાર પાડતાં પહેલાં, એ જે તે વાતાવરણમાં યોગ્ય રીતે કામ કરી શકે તેવું જ તેનું બંધારણ કરે છે. તેમ જ પરમાત્માએ આ શરીરનું બંધારણ એવું જ કર્યું છે કે, શરીર કુદરત સાથે તાલમેલ મેળવી સ્વયં સ્વસ્થ રહી શકે. આપણું શરીર આ દુનિયાની કોઈ પણ પરિસ્થિતિમાં સ્વસ્થ રહેવા માટે સ્વયંભૂ જ સક્ષમ છે. અનેક રોગની સામે સ્વસ્થ રહેવાનો ઈલાજ શરીર પાસે ન હોય તેવું શક્ય જ નથી. એટલું જ નહીં, વિવિધ રોગનો સામનો કેવી રીતે કરવો તે જ્ઞાન પણ શરીર ધરાવે જ છે.

આપણું શરીર તૂટેલાં હાડકાંને આપમેળે જ સાંધી શકે છે, તેમ જ ઈજા થતા નીકળતા લોહીને અટકાવવાની, રૂઝ લાવવાની અને કૅન્સરના કોષોને નાશ કરવાની તાકાત શરીરની પોતાની પાસે છે. એટલું જ નહીં, ઉંમર વધવાની સાથે શરીરમાં થતાં ફેરફાર પર કાબૂ રાખવાની પ્રબળશક્તિ પણ આપણા શરીરમાં છે તો પછી શરીર સામાન્ય બીમારીઓનો સામનો કેમ ન કરી શકે...?

આપણું શરીર આટલું સક્ષમ હોવા છતાં આજે આપણે બીમારીઓના વધુને વધુ શિકાર કેમ બનતા જઈએ છીએ?

ટેક્નોલોજી ક્ષેત્રે વિશ્વ આટલું વિકસિત હોવા છતાં પૂર્વે સાંભળી ન હોય તેવી નવી નવી બીમારીઓથી આપણે આટલા ભયભીત કેમ છીએ? મેડિકલ સાયન્સનાં ઘણાં સંશોધનો થયા હોવા છતાં હૉસ્પિટલો દર્દીઓથી ભરચક કેમ રહે છે?

એક સંશોધન પ્રમાણે ડોક્ટર પાસે જતા ૭૦% દર્દીઓ વાસ્તવિક બીમાર જ હોતા નથી. તેના ઈલાજ માટે દવાની કોઈ આવશ્યકતા હોતી નથી. આના માટે પ્રાયઃ દર્દીની માનસિકતા જવાબદાર હોય છે. શું આ વાત વિશે આપણે ગંભીરપણે વિચારવાની જરૂર લાગતી નથી?

જો ખરેખર તટસ્થપણે વિચારીએ તો આ બધી બાબતમાં જવાબદાર આપણી અયોગ્ય જીવનશૈલી-શારીરિક-માનસિક કેળવણીની બેદરકારી તથા સમજણ અને સહનશક્તિના અભાવે દિનપ્રતિદિન આપણા જીવનમાં થતો દવાઓનો અતિરેક છે.

### અયોગ્ય જીવનશૈલી- અપૂરતી કેળવણી

આજના કહેવાતા સગવડિયા યુગમાં સુશિક્ષિત એવા આપણને શરીરની કેળવણી કરવી એ બિનજરૂરી છે. જે પરિસ્થિતિઓનો શરીર ખૂબ જ સહેલાઈથી સામનો કરી શકે છે તેમાં બદલાવ લાવી આપણે શરીરને વિપરીત પરિસ્થિતિમાં રાખવા મથીએ છીએ, જેમ કે, ગરમી અને ઠંડીમાં શરીર સહજતાથી રહી શકે છે, તેમ છતાં આપણે ઍરકન્ડિશન અને હીટરનો ઉપયોગ કરીને શરીરને તે વિપરીત વાતવરણનું ગુલામ બનાવી દઈએ છીએ. આ રીતે ધીરે-ધીરે શરીર સામાન્ય ગરમી અને ઠંડી પણ સહન કરી શકતું નથી. પરિણામે વાતાવરણમાં ગરમી કે ઠંડી વધે કે ઘટે તો શરીર બીમાર પડી જાય છે. વિચિત્રતા તો એ છે કે, આ જ્ઞાનથી વંચિત એવાં આપણે આવી બીમારીનું કારણ વધુ ગરમી કે ઠંડીને ગણીને ફરી ઍરકન્ડિશન કે હીટરનો ઉપયોગ કરી કેવળ મૂર્ખાઈનું જ પ્રદર્શન કરીએ છીએ.

આ ઉપરાંત, આજના યુગમાં જીવનધોરણ ઊંચું જતા આપણને જરૂરિયાત કરતાં વધુ સગવડો મળવા લાગી છે. બિનજરૂરી સગવડતાના ભોગી એવા આપણે પાકેલા પપૈયાં જેવાં થઈ ગયા છીએ. આપણે સારી રીતે જાણીએ છીએ કે, આ સગવડતાઓ જ આપણને તેના ગુલામ બનાવે છે, છતાં તેનો ત્યાગ કરવામાં પરાધીન એવા આપણે સામાન્ય બીમારીઓ સામે પણ લડવા સક્ષમ રહ્યા નથી. જેમ પહેલાના જમાનામાં વ્યક્તિને રોજબરોજના કામમાંથી જ શરીરને જે કુદરતી વ્યાયામ મળી જતો, તે આજે નહિવત્ થઈ ગયું છે. આધુનિક ઉપકરણોનો વધુ ઉપયોગ કરતાં એવા આપણે એક માળથી બીજે માળ જવા માટે દાદર ચડવાને બદલે લીફટનો અને કપડાં ધોવા માટે વોશિંગ મશીનનો ઉપયોગ કરતા થઈ ગયા છીએ. અરે... થોડુંક નજીક બહાર જવું હોય તો પણ ચાલીને જવાને બદલે વાહનનો ઉપયોગ કરીએ છીએ અને પાછા સવારે ચાલવા જવામાં ગૌરવ અનુભવીએ છીએ.

આજે બીજી મોટી તકલીફ એ છે કે, વાલીઓ પોતે જ પોતાનાં સંતાનોનો ઉછેર કહેવાતા સલામતી ક્ષેત્રમાં જ કરે છે. પોતાના બાળકોને બહારના વાતાવરણ તથા રમત-ગમતની ટેવ ન પડાવતા, એને વીડિયો ગેમ, ટી.વી., લેપટોપ, ઈન્ટરનેટ, મોબાઈલ વગેરેના આશિક બનાવી દીધા છે. આથી આવા ઘર ઘૂસિયા ઘરની બહાર ન નીકળતાં બાળકો બહારની સામાન્ય પરિસ્થિતિઓનો પણ સામનો કરી શકતા નથી તેથી ખૂબ જ અકળાઈ જાય છે.

આવી સગવડતા અને ખોટી આદતોને કારણે આપણે અને આપણા સંતાનો સામાન્ય વાતાવરણ, ઋતુ, સ્થાન કે પાણીમાં ફેરફાર થતાં તરત જ બીમાર થઈ જઈએ છીએ. એટલું જ નહીં, પરંતુ શરીરને નાની એવી બીમારીમાંથી બહાર નીકળતા દિવસો વીતી જાય છે. ખરેખર શરીર પોતાની જાતે ગમે તે પરિસ્થિતિમાં અનુકૂળતા સાધવા સક્ષમ છે માટે આપણે થોડી ધીરજ રાખીને શરીરને પોતાનું કાર્ય કરવા માટે સમય આપવો જોઈએ...

### દવાનું ગાંડપણઃ

આજે આપણે અનેક ક્ષેત્રોમાં ઘણા આગળ પહોંચવા છતાં સહનશક્તિની બાબતમાં ઘણા પાછા પડતા જઈએ છીએ. સામાન્ય પરિસ્થિતિમાં પણ આપણે અનુકૂળતા સાધી શકતા નથી. પરિણામે આજે આપણે નાની એવી બીમારીઓને પણ ખૂબ જ ગંભીર સ્વરૂપ આપીને તેનાથી બચવા બિનજરૂરી દવાઓ શરીરમાં ઠાલવીને દવાઓના ગુલામ બનવા લાગ્યા છીએ.

વાસ્તવમાં શરીર દરેક રોગ સામે લડવા શક્તિ ધરાવે છે. ભગવાને આપણા શરીરમાં લીવરને દવાઓ ઉત્પન્ન કરતું મોટું કારખાનું બનાવ્યું છે. તે શરીરમાં પ્રવેશેલા કોઈ પણ રોગથી અજાણ હોતું નથી. તેમ જ તે તમામ રોગને નાબૂદ કરવાની પૂરેપૂરી સક્ષમતા પણ ધરાવે છે, પરંતુ ભગવાને ગોઠવી આપેલ આ સુંદર વ્યવસ્થાને રોગ સામે લડવાનો અવસર ન આપતાં આપણે દવાઓની શરણાગતિ સ્વીકારીએ છીએ.

આમ ભગવાને આપેલી રોગપ્રતિકારક શક્તિ પર વિશ્વાસ ન રાખતાં આપણે કેવળ દવાઓના આધારે જ સ્વસ્થ રહેવા મથીએ છીએ, પરંતુ જેમ જેમ દવાના આધીન બનીએ છીએ તેમ તેમ આપણી રોગપ્રતિકારકશક્તિ ઘટતી જાય છે.

આપણે સહુ માનીએ છીએ કે, ઘરમાં ઘૂસી ગયેલ ઝેરી સાપને બહાર કાઢવામાં જ ડહાપણ છે, પરંતુ તેના ઉપર ટોપલો ઢાંકી, આંખ મિચામણા કરી 'ઘરમાં સાપ નથી' એવું માનીને હરખાવું તે બુદ્ધિમત્તા નથી. તેવી જ રીતે આપણો હેતુ રોગને મૂળમાંથી કાઢવાનો હોવો જોઈએ, પરંતુ બિનજરૂરી દવાઓના ઉપયોગથી બીમારીને દબાવીને આપણા જ શરીરમાં કાયમી નિવાસ આપવો તે શું યોગ્ય છે?

આમ, બિનજરૂરી દવાઓ દ્વારા રોગને શરીરમાં જ ઢાંકી દેવાથી તે રોગ ક્યારેય નિર્મૂળ થવાના નથી. શરીરસ્વાસ્થ્ય અંગે અજ્ઞાની અને અધીરિયા સ્વભાવને પર અંકુશ રાખીને પણ આપણે આ વિશે થોડું વધુ વિચારવાનો સમય આવી ગયો છે.

### દવાઓના અતિરેકથી આજીવન બીમારી...

શરીરમાં સામાન્ય બીમારીઓ થાય ને શરીરની રોગપ્રતિકારકશક્તિ સ્વયં તે બીમારીઓ સામે લડવાનો પ્રયત્ન કરે તે પહેલાં જ દર્દી દવાઓ દ્વારા બીમારી દૂર કરવાનું પસંદ કરે છે. આથી શરીરની રોગપ્રતિકારકશક્તિ સામાન્ય બીમારી સામે લડવાના અનુભવથી વંચિત રહે છે. દર્દીના જીવનમાં દવાઓનો ઉપયોગ વધતા, તે સામાન્ય રોગમાં પણ વધુ માત્રા અને વધુ પાવરની દવા લે ત્યારે જ દવાઓની અસર થાય છે. દવાઓનો ઉપયોગ એટલો બધો વધી જાય છે કે, તેની અસર થતી જ બંધ થઈ જાય છે... હવે નથી દવાઓ રોગને કાઢવા માટે સક્ષમ કે નથી શરીરની રોગપ્રતિકારકશક્તિને સામાન્ય રોગ સામે લડવાનો અનુભવ ...પરિણામે દર્દી આજીવન અનેક રોગને આધીન થઈ જાય છે. ■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# માનસિક સ્વાસ્થ્યની જાળવણી



શરૂઆતમાં માનવીને જીવિત રહેવા માટે પ્રકૃતિ સાથે સતત સંઘર્ષ કરવો પડ્યો હતો. વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં અદ્ભુત વિકાસ સાથે તે કુદરત પર નિયમન કરવામાં અને પ્રભુત્વ સ્થાપવામાં મોટે ભાગે સફળ થયો છે. જેમ જેમ ટેક્નોલોજીનો વિકાસ થતો ગયો તેમ તેમ માનવ કુદરત સંશોધનથી દૂર થતો ગયો. કુદરતે બનાવેલી સાધનસંપત્તિની વૃદ્ધિ અને જાળવણી કરવામાં એ અસમર્થ રહ્યો. જ્યારે ટેક્નોલોજીના વિકાસથી માનવ જોખમમાં આવ્યો ત્યારે તેને પુનઃ પ્રાપ્ય કરવાનો માનવ સમાજનો પ્રયાસ ફરીથી શરૂ થયો. ટેક્નોલોજીનાં પ્રદૂષણોની માનવ સમાજ પર વિપરીત અસર પડે છે. તેમ ચોક્કસ રીતે તે ભાન થયું છે. મોટાપાયે વિકાસને કારણે વ્યક્તિઓની દોડધામ વધી, ખાદ્ય પદાર્થોમાં ફેરફાર થયા, આર્થિક ઉપાર્જન વધુ કરવા માટે દોડ વધુ થઇ, જેથી શારીરિક ક્ષમતા ઘટવા લાગી બીમારી વધુ દેખાવા લાગી. આ બધાને કારણે માનસિક બીમારીઓથી વ્યક્તિ વધુ પીડાવા લાગ્યા. માનવ પ્રકૃતિથી જરાય અલગ નથી જ્યારે પણ માણસે કુદરતથી ઉપરવટ જવાની કોશિશ કરી છે. ત્યારે ત્યારે તેણે તેની મોટી કિંમત ચૂકવવી પડી છે. ઘણીવાર માનવ કુદરત પાસે લાચાર છે. વિજ્ઞાન પણ આગળ વધ્યું પણ કુદરત પાસે વામણું છે.

માનસિક રોગને લાંબા સમયથી ચાલતી માનસિક બીમારી તરીકે પૃથક્કરણ કરવામાં આવે છે. જેમાં વ્યક્તિને વાસ્તવિકતા સ્વીકારવામાં તકલીફ પડે છે. વ્યક્તિ એ જે કલ્પ્યું હોય તેમાંથી તે સાચું શું છે તે કરી શકતો નથી. આ ભ્રમણા એવી માન્યતા હોય છે. જેમાં વાસ્તવિકતાનો ખોટો મતલબ કરવામાં આવે છે. માનસિક બીમારી કોઇને પણ થઇ શકે છે. આ સમસ્યા આધુનિક સમયમાં ખૂબ જ સામાન્ય બની ગઇ છે. આમાંની સૌથી સામાન્ય સમસ્યા ચિંતા છે, જેમાં વ્યક્તિને બેચેની, ઉદાસી, નિરાશા કે ડિપ્રેશન આવે છે. નિરાશાને કારણે આત્મહત્યા તરફ પ્રેરાય છે. અનિદ્રા પણ એક માનસિક વિકાર છે. જેમાં વ્યક્તિને ઊંઘમાં ખલેલ પડે છે. વધુ પડતા મોબાઇલના વપરાશને કારણે ઊંઘ પૂરતી મળતી નથી. આર્થિક ઉપાર્જનની ચિંતા, નોકરીની ચિંતા, ભણતરની ચિંતા તેમ જ સામાજિક ચિંતાઓ.

માનસિક રીતે માણસ પર ખાદ્ય-પદાર્થોની ખરાબ ગુણવત્તાને લીધે સૌથી વધુ અસર થાય છે. અપ્રાકૃતિક ખાદ્ય પદાર્થનો વપરાશ સૌથી વધુ છે. રિફાઇન્ડ કરેલી વસ્તુઓ કેમિકલયુક્ત ખાદ્ય પદાર્થ, પ્રિઝર્વેટિવવાળી વસ્તુઓ, આલ્કોહોલ જે પચવામાં મુશ્કેલ છે. જેના કારણે શરીરની અંદરની વ્યવસ્થામાં અને મિનરલ્સમાં ખામી કે બગડી જવું છે. સમય અનુસાર સારી ગુણવત્તાવાળા ખોરાક આજે મળવા મુશ્કેલ બની ગયા છે. હોટેલો કે લારીવાળા પાસે લગભગ વાસી અને કેમિકલયુક્ત ખાદ્ય વસ્તુઓ હોય છે. ફક્ત સ્વાદ જ મળે છે ગુણવત્તા નહીં. લોકો વધુ કામકાજ પર જાય છે. તેથી ઘરનું ખાવાની ઓછપ છે. જેથી શારીરિક અને માનસિક રીતે લોકો પીડાય છે. શારીરિક વ્યાધિની દવાઓની સાઇડ ઇફેક્ટને કારણે માનસિક સંતુલન બગડે છે.

માનસિક વ્યાધિ એ આધુનિક ખાન-પાનને કારણે વધુ વકરે છે. ખાનપાનમાં અચૂક બદલાવ જરૂરી છે. નકામી વસ્તઓનો ઉપયોગ બંધ કરવો જરૂરી છે. જેમ કે સાકર, ચહા, કોફી, કોલ્ડડ્રીંક, રિફાઇન્ડ તેલ, વનસ્પતિ ઘીમાંથી બનતી દરેક વસ્તુઓ, ચહાની જગ્યાએ હર્બલ ચહા કે કાઢા પીવો જેમ કે બ્રાહ્મી, અશ્વગંધા, ગડચી કે ગિલોય, શંખપુષ્પી, જટામાસી, માલકેગોની, સર્પગંધા, હળદર, અકલકરો વગેરે. આ હર્બલ કાઢા તંત્રિકા તંત્રને મજબૂત બનાવે છે. આ ઈમ્યુનિટી વધારે છે અને લોહીને શુદ્ધ રાખે છે. એમાંથી વિટામિન અને મીનરલ્સ સહજથી મળી રહે છે. બીમારીને કાબૂમાં રાખે છે. બીમારીને દૂર કરવામાં સહજતાથી કામ કરે છે. શરીરની ધાતુઓને બગડવા દેતા નથી. શક્તિવર્ધક તરીકે કામ કરે છે. આ કાઢામાં એલચી, મધ, ગોળ નાખીને લઇ શકાય છે.

ખાનપાનમાં લીલી વનસ્પતિનો ઉપયોગ જેમ કે પાલક, તાંદળજો ભાજી, ફુદીનો, બથુવા, આમળા, કોકમ, કોળું, તૂરિયા, કાકડીના રસ સવારના લઇ શકાય છે. જે શરીરને બળવાન બનાવે છે. દિવસભર તાજગી આપે છે.

ફળ અથવા ફળના રસ જેવા કે દાડમ, લીચી, સંતરા, નાળિયેરનું દૂધ, તાડી, તાડગોલા, મોસંબી, શેરડીનો રસ જે ન્યુરોનને તાજગી આપે છે. વિટામિન બીથી ભરપૂર છે. મનને તાજગી બક્ષે છે. દિવસભર ઊર્જાવાન રાખે છે. ડ્રાયફ્રૂટ બધા જ પ્રકારના લઇ શકાય છે. તે પ્રાકૃતિક હોવા જરૂરી છે. (ફલેવરવાળા નહીં).

બધા જ પ્રકારના શાક ચટણીઓ જે પ્રાકૃતિક રીતથી બનેલા હોય તે લઇ શકાય છે. જમવાનું સાત્ત્વિક હોવું જરૂરી છે. અતિ મસાલા શરીરમાં એસિડ ઉત્પન્ન કરે છે. જેથી લોહીમાં પણ એસિડ ભળે છે. જેના કારણે શરીરનું સંતુલન બગડી જતા શારીરિક અને પછી માનસિક વ્યાધિઓના લક્ષણ શરૂ થાય છે. આ લક્ષણને ડામવા માટે દવાઓ લેવાથી શરીર વધુ એસિડીક બની જાય છે. જેથી બીમારીઓનો અંત નથી આવતો. વધુને વધુ ખરાબ થાય છે. પછી તેનું નિદાન કે સારવાર અશક્ય બની જાય છે.

સતર્કતા જ આનો ઇલાજ છે. કામકાજને બદલી ન શકાય પણ ખોરાકમાં બદલી કરી શકાય છે. નકામી વસ્તુઓનો ઉપયોગ સદંતર બંધ કરી દેવો જરૂરી છે. ■

# કરુણ નાયર ફ્લૉપ જતાં ભવિષ્યની ટેસ્ટ ટીમમાં રહાણેનો નંબર લાગી શકે



લંડનઃ ચેતેશ્વર પુજારાની જેમ ભારતને ઘણી ટેસ્ટ મૅચો જિતાડી આપનાર ભૂતપૂર્વ કૅપ્ટન અજિંક્ય રહાણેએ પણ હજી નિવૃત્તિ નથી લીધી અને ટેસ્ટ-ટીમમાં કમબૅક કરવાનો મોકો મળશે એવી આશા તેણે રાખી છે અને એમાં પણ હવે તો ઇંગ્લૅન્ડના પ્રવાસમાં વનડાઉન બૅટ્સમૅન કરુણ નાયરને ત્રણ ટેસ્ટમાં રમવાનો મોકો અપાયો હોવા છતાં તે તમામ છ ઇનિંગ્સમાં સારું નથી રમી શક્યો એટલે ભારતીય ક્રિકેટમાં ચર્ચા છે કે ભવિષ્યની ટેસ્ટ સિરીઝમાં કરુણ નાયરના સ્થાને રહાણેને સ્ક્વૉડમાં સમાવવામાં આવશે તો નવાઈ નહીં લાગે. ટેસ્ટમાં ભારત વતી ટ્રિપલ સેન્ચુરી ફટકારનાર વીરેન્દર સેહવાગ (બે ત્રેવડી સદી) પછીના એકમાત્ર બૅટ્સમૅન કરુણ નાયરને લગભગ સાત વર્ષે ફરી ટેસ્ટ રમવાનો મોકો મળ્યો છે જેને તે સાચવી નથી રહ્યો. ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન સિરીઝમાં કરુણ નાયરના સ્કોર્સ આ મુજબ છેઃ ૦, ૨૦, ૩૧, ૨૬, ૪૦ અને ૧૪ રન. રહાણે ૩૭ વર્ષનો છે. તેને બે વર્ષથી ટેસ્ટ નથી રમવા મળી. જોકે તેણે ફરી ભારત વતી ટેસ્ટ રમવાના પૅશન પર ભાર મૂક્યો છે. રહાણેને ટીમ ઇન્ડિયાના સિલેક્ટર્સ તરફથી કોઈ સકારાત્મક પ્રતિસાદ નથી મળ્યો, પણ લંડનમાં ઍન્ડરસન-તેન્ડુલકર સિરીઝ દરમ્યાન ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ખેલાડીઓ નાસિર હુસેન અને માઇકલ આથર્ટન સાથેની વાતચીતમાં તેણે ક્રિકેટ પ્રત્યે પોતાને કેટલો બધો લગાવ છે એનો પુરાવો આપતા કહ્યું હતું કે ‘ હું અહીં લંડન થોડા દિવસ માટે જ આવ્યો છું, પણ મારા ટ્રેઇનર્સને અને ટ્રેઇનિંગ માટેનો ડ્રેસ લેતો આવ્યો છું કે જેથી પોતાને ફિટ રાખી શકું. અમારી ડોમેસ્ટિક સીઝન શરૂ થઈ રહી છે એટલે એ માટેની તૈયારી પણ પુરજોશમાં ચાલુ છે.’ વિરાટ કોહલી અને રોહિત શર્માની નિવૃત્તિ બાદ હવે ટેસ્ટ ટીમમાં યુવાન ખેલાડીઓને સામેલ કરવાનો સિલેક્ટરોનો અભિગમ રહ્યો છે એ જોતાં ટીમમાં કમબૅક માટે ચાન્સ છે ખરો? એવું પૂછવામાં આવતાં રહાણેએ ટેસ્ટમાં કમબૅક કરવાની સાથે ડોમેસ્ટિક ક્રિકેટ પ્રત્યેની પોતાની સમર્પિતતાની વાત પણ કરી હતી. જોકે હવે વર્ષ દરમ્યાન ટેસ્ટ-શ્રેણી બહુ ઓછી રમાય છે એટલે રહાણેનો ક્યારે નંબર લાગશે એ કહેવું મુશ્કેલ છે. ■



લૉર્ડ્સમાં ગઈ કાલે ભારત-ઇંગ્લૅન્ડની રોમાંચક મૅચ દરમ્યાન રવિ શાસ્ત્રી અને તેમની સાથે ઍક્ટર અક્ષય કુમાર અને તેની ઍક્ટ્રેસ-પત્ની ટ્વિન્કલ ખન્ના. (પીટીઆઇ)

# ભારત ટેસ્ટ હાર્યું, ફાઇટર જાડેજા દિલ જીત્યો



રવીન્દ્ર જાડેજા ગઈ કાલે લૉર્ડ્સમાં એક રન દોડતી વખતે બ્રાયડન કાર્સ સાથે અથડાયો હતો. જાડેજા બધા બ્રિટિશરો સામે છેક સુધી લડ્યો હતો અને ૬૧ રન અણનમ રહ્યો. ભારતનો બાવીસ રનથી પરાજય થયો હતો. (પીટીઆઇ)

# યાનિક સિનર ઈટલીનો પ્રથમ વિમ્બલ્ડન ચૅમ્પિયન, ૩૪ કરોડ રૂપિયાનું તોતિંગ ઇનામ જીત્યો




લંડનઃ ૨૩ વર્ષનો યાનિક સિનર ટેનિસ જગતની સૌથી લોકપ્રિય સ્પર્ધા વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપનો નવો ચૅમ્પિયન બન્યો છે. વિમ્બલ્ડનનું સિંગલ્સનું ટાઈટલ જીતનારો તે ઈટલીનો પહેલો ટેનિસ ખેલાડી છે. યાનિક વિમ્બલ્ડનના પહેલા તાજ સાથે ૩૦ લાખ પાઉન્ડ (૩૪ કરોડ રૂપિયા) જીત્યો છે. વર્લ્ડ નંબર-વન યાનિક સિનરે રવિવારે અહીં વિમ્બલ્ડનની સેન્ટર કોર્ટ પર વર્લ્ડ નંબર-ટુ સ્પેનના કાર્લોસ અલ્કારાઝને ફાઇનલમાં ૪-૬, ૬-૪, ૬-૪, ૬-૪થી હરાવ્યો હતો. અલ્કારાઝને સતત ત્રીજા વર્ષે આ સ્પર્ધાનો તાજ જીતવાનો મોકો હતો, પરંતુ એ તેણે ગુમાવ્યો હતો. બીજી તરફ, યાનિક સિનર પહેલી જ વખત આ પ્રતિષ્ઠિત સ્પર્ધાની ફાઈનલમાં પહોંચ્યો અને એનું ટાઈટલ જીત્યો છે. આ પહેલાં તે ત્રણ ગ્રૅન્ડ સ્લૅમ ટાઈટલ જીતી ચૂક્યો હતો અને આ તેનું કુલ ચોથું ટાઈટલ છે. ■

### મહિલાઓમાં સ્વૉન્ટેકને ૩૪ કરોડ રૂપિયા મળ્યા

મહિલા ટેનિસમાં પોલૅન્ડની ઈગા સ્વૉન્ટેક શનિવારે ચૅમ્પિયન બની હતી અને તેને પણ પ્રથમ ઇનામ તરીકે ૩૦ લાખ પાઉન્ડ (૩૪ કરોડ રૂપિયા) મળ્યા હતા. ફાઈનલમાં તેની સામે ૦-૬, ૦-૬થી પરાજિત થયેલી અમેરિકાની અમૅન્ડા ઍમિનિસોવાને રનર અપ તરીકે ૧૫.૨૦ લાખ પાઉન્ડ (૧૭ કરોડ રૂપિયા) મળ્યા હતા.

# ફૂટબૉલના ક્લબ વર્લ્ડ કપમાં ચેલ્સી ચૅમ્પિયનઃ યુરોપિયન ચૅમ્પિયન પીએસજી પરાજિત

ઈસ્ટ રુધરફર્ડ (અમેરિકા): ફૂટબૉલના ફિફા વર્લ્ડ કપની જેમ ફૂટબૉલનો ક્લબ વર્લ્ડ કપ ખાસ કંઈ પ્રચલિત નથી, પરંતુ વિશ્વની ટોચની પ્રોફેશનલ ફૂટબૉલ ક્લબની ટીમો વચ્ચે રમાયેલા આ વર્લ્ડ કપની રવિવારની ફાઇનલે રોમાંચ જરૂર જગાડ્યો હતો અને એમાં વિશ્વ વિખ્યાત ચેલ્સીની ટીમ ચૅમ્પિયન બની હતી. ચેલ્સીએ યુરોપિયન ચૅમ્પિયન પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી)ને ૩-૦થી હરાવીને બીજી વખત ચૅમ્પિયનપદ મેળવ્યું હતું.આ પહેલાં ૨૦૨૧માં પહેલી વખત ચૅમ્પિયન બનનાર ચેલ્સી વતી રવિવારે કોલ પામેરે કુલ બે ગોલ (૨૨મી અને ૩૦મી મિનિટે) કર્યા હતા. એક ગોલ ઝાઓ પેડ્રોએ ૪૩મી મિનિટમાં કર્યો હતો. રિયલ મૅડ્રિડ ક્લબની ટીમ સૌથી વધુ પાંચ વાર આ સ્પર્ધા જીતી છે. બીજા નંબરે બાર્સેલોના (ત્રણ ટાઇટલ) છે. ■



પીએસજીના નેવેઝે ચેલ્સીના માર્કને વાળ ખેંચીને નીચે પાડ્યો હતો. જોકે વીડિયો મુજબ માર્કે એ પહેલાં નેવેઝને ધક્કો મારીને ઉશ્કેર્યો હતો.

# ડકેટને આક્રમક સૅન્ડ-ઑફ આપી, ખભો ટકરાવ્યો એટલે સિરાજને થયો દંડ

લંડનઃ ભારતીય ખેલાડીઓ સામાન્ય રીતે મેદાન પર હરીફ ખેલાડીઓ સામે આક્રમક વલણ નથી અપનાવતા, પરંતુ વર્ષોથી સ્લેજિંગ અને માઇન્ડગેમ માટે જાણીતા ઑસ્ટ્રેલિયા પછી ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં ભારતીય ખેલાડીઓને ઉશ્કેરવાના પ્રયાસો ક્યારેક થતા રહેતા હોય છે અને એમાં જો કોઈ ભારતીય પ્લેયર ગેરવર્તન કરી બેસે તો તેને દંડ ફટકારવામાં આવે છે. મોહમ્મદ સિરાજના કિસ્સામાં એવું જ બન્યું.

શનિવારે રમતની છેલ્લી પળોમાં બ્રિટિશ ઓપનર ઝૅક ક્રૉવ્લીએ જસપ્રીત બુમરાહને એક બૉલ ફેંકાતાં પહેલાં રન-અપ પર જ અટકાવી દીધો અને ત્યાર પછી ઈજાનું બહાનું કાઢ્યું એટલે મામલો ગરમાયો હતો. રવિવારે ચોથા દિવસની



રમત દરમ્યાન સિરાજે ઓપનર બેન ડકેટ (૧૨ રન)ને બુમરાહના હાથમાં કૅચઆઉટ કરાવ્યો ત્યાર બાદ સિરાજે આક્રમક મિજાજમાં તેને સૅન્ડ-ઑફ આપી હતી અને તેની સાથે ખભો ટકરાવ્યો હતો. આ કસૂર બદલ સિરાજની ૧૫ ટકા મૅચ-ફી કાપી લેવામાં આવી છે. ભારતીય ટેસ્ટ ખેલાડીને પ્રત્યેક ટેસ્ટ રમવાની ૧૫ લાખ રૂપિયા મૅચ-ફી મળે છે. સિરાજે લૉર્ડ્સની ટેસ્ટમાં કુલ ચાર વિકેટ લીધી.■

# ડિવૉર્સ લેનાર સાઇનાએ ફેબ્રુઆરીમાં કહેલું, ‘મને પ્રેમ કરતાં બૅડમિન્ટન વધુ વહાલું છે’

## ભારતની એક સમયની ટોચની ખેલાડીએ પારુપલ્લી કશ્યપ સાથે છૂટાછેડા લઈ લીધાં

હૈદરાબાદઃ ભારતની એક સમયની ટોચની બૅડમિન્ટન ખેલાડી અને લંડન ઑલિમ્પિક્સના બ્રૉન્ઝ તથા વર્લ્ડ ચૅમ્પિયનશિપના બે ચંદ્રક સહિત નાની-મોટી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં કુલ ૧૯ મેડલ જીતનાર સાઇના નેહવાલે પતિ પારુપલ્લી કશ્યપ સાથે છૂટાછેડા લઈ લીધા હોવાની જાહેરાત કરીને અસંખ્ય બૅડમિન્ટન ચાહકોને ચોંકાવી દીધા છે. સાઇનાએ પાંચ મહિના પહેલાં જ એક મુલાકાતમાં કહ્યું હતું કે તેને રિલેશનશિપ કરતાં બૅડમિન્ટનની રમત વધુ પસંદ છે.

છ વર્ષના લગ્નજીવન પર બન્નેએ સહમતીથી પૂર્ણવિરામ મૂકી દીધું છે. ભારતીય બૅડમિન્ટન-લેજન્ડ પુલેલા ગોપીચંદની ઍકેડેમીમાં સાથે તાલીમ લેનાર સાઇના-કશ્યપે ૨૦૧૮માં લગ્ન કર્યા હતા.

ફેબ્રુઆરીમાં સાઇનાને એક મુલાકાતમાં જ્યારે પૂછવામાં આવ્યું કે ‘તમને પ્રેમ અને રમતગમત, બેમાંથી એકની પસંદગી કરવામાં આવે તો તમે કોને પસંદ કરશો?’ એના જવાબમાં સાઇનાએ કહેલું, ‘પ્રેમ અને ઉચ્ચ સ્તરનું પ્રોફેશનલ બૅડમિન્ટન, આ બેમાંથી હું વિચાર કર્યા વગર બૅડમિન્ટનને જ પહેલાં પસંદ કરું. ઑલ્વેઝ, ગેમ ફર્સ્ટ.’



સાઇના-કશ્યપે ૨૦૧૮માં લગ્ન કર્યા હતાં. (પીટીઆઇ)

સાઇનાએ એ ઇન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું હતું કે ‘હું પાંચ-છ વર્ષની હતી ત્યારે બૅડમિન્ટન સહિતની રમતો રમતી અને સ્વિમિંગ કરવા જતી હતી. હું ત્યારથી સ્પોર્ટી હતી. બીજા લોકો વિશે કે મારી ઉંમરના મિત્રો વિશે ખાસ કંઈ વિચારતી જ નહોતી. સ્પોર્ટ્સમાં કેવી રીતે બેસ્ટ પર્ફોર્મ કરવું એનો જ વિચાર કર્યા કરતી હતી. પંદર વર્ષની થઈ ત્યાં સુધીમાં હું ટ્રેઇનર કે ફિઝિયોથેરપિસ્ટ વિના ઘણી સ્પર્ધાઓ જીતી હતી. હું મારી સાથેની એ સખ્તાઈને લીધે આજે સાઇના નેહવાલ છું. હું દુનિયાની કોઈ પણ બાબતો ભૂલીને સૌથી પહેલાં મારા દેશ વિશે વિચારું છું.’

સાઇનાનો આ પાંચ મહિના જૂનો ઇન્ટરવ્યૂ તેના ડિવૉર્સના પગલે ઇન્ટરનેટ પર ફરી વાઇરલ થયો છે. ■

# ફન વર્લ્ડ


‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ડૂબકી | ONION |
| ડૂબવું | PLUNGE |
| ડૂસકું | SINK |
| ડુંગળી | HILLY |
| ડુંગરાળ | SOB |

### ઓળખાણ પડી?



ભારતના પહાડી પ્રદેશો તેમજ મ્યાનમારમાં થતી આ ઔષધીય ગુણ ધરાવતા પદાર્થની ઓળખાણ પડી? કૃમિ નાશક ગણાય છે.

અ) અભયારિષ્ટ બ) ચંદ્રપ્રભા ક) વાવડિંગ ડ) ગોખરુ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સાં | સ્ફૂ | ૨ તિ | ૩ ક | | ૪ રા | હ | ૫ ત | ૬ કા | ર્ય |
| સ | | ૭ ન | ર | ૮ જા | તિ | | ૯ ર | સ | |
| ૧૦ દી | ન | તા | | હે | | ૧૧ ર | ફે | દ | ૧૨ ફે |
| ય | | ૧૩ લ | ૧૪ કી | ર | | જા | | | ર |
| | ૧૫ | | ૧૬ ન | ખ | ૧૭ લી | | ૧૮ બે | ૧૯ વ | ફા |
| ૨૦ અ | રે | | ૨૧ ખા | બ | ક | વું | | ૨૨ ચ | ર |
| ટ | | ૨૩ અ | બી | ર | | | ૨૪ બે | લી | |
| ૨૫ ક | લ | મિ | | | ૨૬ મ | ના | ઇ | | ૨૭ સ્વા |
| ળ | | ૨૮ તા | ૨૯ ન | ૩૦ પૂ | રો | | ૩૧ મા | ૩૨ ર | ગ |
| | ૩૩ સં | ભ | વિ | ત | | ૩૪ જ | ન | હિ | ત |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | | ૬ | ૭ |
| | | ૮ | | | ૯ | | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | | ૧૩ | | | | | |
| ૧૪ | | | ૧૫ | | | | ૧૬ | ૧૭ | |
| | | ૧૮ | | ૨૦ | | | | | |
| | ૨૧ | | ૨૨ | | | ૨૩ | ૨૪ | | ૨૫ |
| ૨૬ | | | | | ૨૭ | | | | |
| ૨૮ | | | | | ૨૯ | | | ૩૦ | |
| | | ૩૧ | | ૩૨ | | | | ૩૩ | |
| ૩૪ | | | | | | | ૩૫ | | |

**આડી ચાવી**

૧. ઢંગધડા વગરનું શાસન (૫.૨)
૬. રોકાઇ જાવ (૨)
૮. સાનભાન (૨)
૯. બાવાઓનું ટોળું (૩)
૧૧. ક્ષાર (૩)
૧૩. થાકવું તે (૪)
૧૪. બહેન (૨)
૧૬. અટકેલું, સ્થિર (૩)
૧૮. વગ, પિછાન, પરિચય (૪)
૨૨. રૂઆબ, (૨)
૨૩. આશ્ચર્ય (૪)
૨૬. કેટલાક ટાપુ--- ના બને (૪)
૨૭. છોરુ---- થાય (૩)
૨૮. નવતર, તાજા (૨)
૨૯. ઘણા લોકોને --- પડવાની ટેવ હોય (૨)
૩૦. ઘા, આંકા (૨)
૩૨. બેસણામાં સૌ--- આવે (૩)
૩૩. તહેવાર, ઉત્સવ (૨)
૩૪. ઉપરાઉપરી, ફટાફટ (૪)
૩૫. પતન, વિનાશ (૩)

**ઊભી ચાવી**

૧. દરેકનું આગવું (૫)
૨. હોંશિયાર, કાબેલ (૩)
૩. ઇશ્વર (૨)
૪. રાજ માટેની ખટપટ (૫)
૫. ‘જમાવવું’નું આજ્ઞાર્થ (૩)
૭. મોળું ખાઇને ઉપવાસ કરવા તે (૪)
૧૦. નિષ્પક્ષ, નિરપેક્ષ (૩)
૧૨. સ્પર્ધામાં અનિશ્ચયાત્મક પરિસ્થિતિ (૨)
૧૫. હલનચલન (૫)
૧૭. એક પશ્ચિમી તંતુવાદ્ય (૩)
૨૦. ખાટલો (૨)
૨૧. તંદુરસ્ત (૩)
૨૩. રાશ જેટલો અંતરે (૪)
૨૪. દેગ, પહોળા મોંનું વાસણ (૨)
૨૫. સૌભાગ્ય માટે સ્ત્રીઓ વ્રત કરે (૨,૩)
૨૬. કૂવાકાંઠો (૪)
૨૭. મોસમ વગરનું (૪)
૩૦. --- વેચે તે કાપડિયા (૩)
૩૧. અસર, પ્રભાવ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘સાચી શ્રદ્ધા સાથ બાવડાં કામગરાં બળવાન’ પંક્તિમાં ‘બાવડાં’ શબ્દનો અર્થ જણાવો.

અ) છાતી બ) મગજ ક) હાથ ડ) હૈયું

### માતૃભાષાની મહેક

જીવતર દરમિયાન કરવામાં આવતી પ્રવૃત્તિનું પ્રમાણભાન જળવાઈ રહે એ અત્યંત જરૂરી છે. એક કહેવતમાં આ વાત સુપેરે પ્રગટ થાય છે અને દિશા સૂચવવામાં આવી છે. ‘સોપારી ખાઈએ રાઈ રાઈ, ધાન ખાઈએ ધરાઈ, ઘી ખાઈએ તે બોળી ને વાત કરીએ તે અંદેશા તોડી.’

### સુડોકુ-૯૦૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | ૩ | | |
| | ૪ | ૫ | | ૩ | ૯ | ૮ | | |
| ૩ | | | ૭ | | ૧ | | ૯ | |
| ૮ | ૩ | | | | | ૭ | | ૯ |
| ૯ | | ૭ | | ૬ | | ૨ | | ૩ |
| ૫ | | ૨ | | | | | ૮ | ૧ |
| | ૯ | | ૫ | | ૬ | | | ૨ |
| | | ૬ | ૪ | ૧ | | ૯ | ૭ | |
| | | ૧ | | | | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૩ | ૪ | ૭ | ૧ | ૮ | ૯ | ૬ |
| ૯ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ | ૫ | ૪ | ૨ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૯ | ૧ | ૩ | ૭ |
| ૬ | ૨ | ૪ | ૫ | ૧ | ૭ | ૯ | ૮ | ૩ |
| ૮ | ૭ | ૧ | ૩ | ૯ | ૨ | ૪ | ૬ | ૫ |
| ૫ | ૩ | ૯ | ૬ | ૪ | ૮ | ૨ | ૭ | ૧ |
| ૩ | ૪ | ૫ | ૯ | ૨ | ૬ | ૭ | ૧ | ૮ |
| ૭ | ૯ | ૮ | ૧ | ૩ | ૫ | ૬ | ૨ | ૪ |
| ૧ | ૬ | ૨ | ૭ | ૮ | ૪ | ૩ | ૫ | ૯ |

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ PHARMACOPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ફોરેન બ) ફારસ ક) સારવાર ડ) ઔષધ

### ઈર્શાદ

નહીંતર આ અંધકારમાં રસ્તો જડે નહીં,
થઈને પ્રકાશ કોઈનો પથરાય છે અવાજ.

-- મહેક ટંકારવી

### માઈન્ડ ગેમ

ગગનચુંબી ઈમારતો આજે મહાનગરમાં ઠેર ઠેર હોય છે. વિશ્વના કયા શહેરમાં સૌથી વધુ સ્કાયસ્ક્રેપર જોવા મળે છે?

અ) હોંગકોંગ બ) શાંઘાઈ ક) ન્યૂયોર્ક ડ) સિંગાપોર

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કળણ | MARSH |
| ચલણ | CURRENCY |
| ભરણ | MAINTENANCE |
| વલણ | ATTITUDE |
| હરણ | ABDUCTION |

ઓળખાણ પડી? રૂબાબ

ગુજરાત મોરી મોરી રે અંધારું

ચતુર આપો જવાબ અર્થ જણાવો બાળપણ

માઈન્ડ ગેમ ચેન્નઈ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨)ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૭) હર્ષા મહેતા (૮) ખુશરૂ કાપડિયા (૯) પુષ્પા પટેલ (૧૦) તાહેર ઔરંગાબાદવાલા (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) લજિતા ખોના (૧૫) ભારતી પ્રકાશ કટકિયા (૧૬) શ્રદ્ધા આશર (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ સંઘવી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) અરવિંદ કામદાર (૨૬) અંજુ ટોલિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અલકા વાણી (૩૦) ભાવના કર્વે (૩૧) કિશોર સંઘરાજકા (૩૨) મીનળ કાપડિયા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) ડાયના સંતોકે (૩૫) અંબરીષ ઓઝા (૩૬) પુષ્પા ખોના (૩૭) શીલ્પા શ્રોફ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટિકયા (૪૮) પ્રવીણ વોરા (૪૯) વીણા સંપટ (૫૦) દેવેન્દ્ર સંપટ (૫૧) હરીશ મનુભાઈ ભટ્ટ (૫૨) જયવંત પદમશી ચિખલ



**બમ બમ ભોલે:** પૂર્ણિમાંત શ્રાવણના પહેલા સોમવારે મુંબઈના બાબુલનાથ સહિત બધા જ શિવમંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી. બમ બમ ભોલેના નાદ સાથે મહાદેવને દૂધ અને બિલિપત્ર અર્પણ કરાયા હતા. (અમય ખરાડે)


અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ. ૧૮૧૪ વર્ષ ૨૧૨



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬ ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.


# ડ્રગ્સની હેરાફેરીના કેસમાં જુવેનાઈલ ઉંમર ૧૬ કરવાની વિચારણા: ફડણવીસ

**ડ્રગ પેડલર પર લાગશે એમસીઓસીએ: વિધાન પરિષદમાં બિલ બહુમતીએ મંજૂર**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું હતું કે મહારાષ્ટ્ર સરકાર ડ્રગ્સ સંબંધિત કેસમાં જુવેનાઈલની વ્યાખ્યામાં સુધારો કરીને કાનૂની વય ૧૬ વર્ષ કરવાની વિચારણા કરી રહી છે. નાર્કોટિક્સની હેરાફેરી માટે કાયદામાં રહેલી છટકબારીનો લાભ લેવા માટે સગીર છોકરાઓનો ઉપયોગ વધી રહ્યો હોવાથી આવી વિચારણા થઈ રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર વિધાનસભામાં તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારે ડ્રગ પેડલરો સામે એમસીઓસીએ કાયદો લાગુ કરવાનો નિર્ણય લઈ લીધો છે. બીજા સુધારા અપેક્ષિત છે. અત્યારે જુવેનાઈલની કાનૂની ઉંમર ૧૮ વર્ષ છે તે ઘટાડીને ૧૬ વર્ષ કરાશે.

ડ્રગ પેડલર્સ અને નાર્કોટિક્સ ગુનાઓને એન્ટી-ઓર્ગેનાઈસ્ડ કાયદા મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગનાઈસ્ડ ક્રાઈમ એક્ટ (એમસીઓસીએ) હેઠળ લાવવા માટેના બિલમાં કરવામાં આવેલા સુધારાને સોમવારે વિધાન પરિષદમાં બહુમતીએ મંજૂર કરવામાં આવ્યું હતું. તેથી હવે પોલીસ ડ્રગ્સની તસ્કરી કરનારાઓને એમસીઓસીએ હેઠળ ધરપકડ કરી શકશે.

અગાઉ નવ જુલાઈના વિધાનસભામાં આ બિલમાં મંજૂર કરવામાં આવ્યું હતું, જેમાં એમસીઓસીએમાં સુધારો કરવામાં આવ્યો છે અને (જુઓ પાનું ૪) ▶▶

# સંભાજી બ્રિગેડના નેતા પર હુમલો

## આરોપીઓની ધરપકડ કરવામાં આવી: મુખ્ય પ્રધાન

મુંબઈ: સોલાપુર જિલ્લામાં સંભાજી બ્રિગેડના રાજ્ય પ્રમુખ પ્રવીણ ગાયકવાડ પર સોમવારે મહારાષ્ટ્ર વિધાનસભામાં હુમલો થયા બાદ કોંગ્રેસ વિધાયક દળના નેતા વિજય વડેટ્ટીવારે દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી. જવાબમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે અને આ મામલે તેમણે યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી હતી.

વડેટ્ટીવારે દાવો કર્યો હતો કે તે (જુઓ પાનું ૪) ▶▶

## આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની સુપ્રિયા સુળેની માગણી

પુણે: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ - એનસીપી (એસપી)નાં લોકસભા સભ્ય સુપ્રિયા સુળેએ સોમવારે સંભાજી બ્રિગેડના સ્થાપક સભ્ય પ્રવિણ ગાયકવાડ પર થયેલા હુમલાની નિંદા કરી ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.

પુણેમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સુપ્રિયા સુળેએ કહ્યું હતું કે ઘટના ગંભીર હોવા છતાં આરોપીઓ સામે કડક કાર્યવાહી નથી કરવામાં આવી નથી એ બાબત આઘાતજનક (જુઓ પાનું ૪) ▶▶

## ભાજપને કોઈ લેવાદેવા નથી: બાવનકુળે

મુંબઈ: સ્વામી સમર્થ પરની ટિપ્પણી અંગે સંભાજી બ્રિગેડના સ્થાપક સભ્ય પ્રવીણ ગાયકવાડ પર થયેલા હુમલા સાથે ભાજપને કોઈ લેવાદેવા નથી એવી સ્પષ્ટતા

મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ સોમવારે કરી હતી.

પ્રવીણ ગાયકવાડ પર રવિવારે થયેલા હુમલાના કેસના આરોપી દીપક કાટે સાથેની અનેક તસવીરો અને વીડિયો (જુઓ પાનું ૪) ▶▶

## લાતુરમાં વિરોધ પ્રદર્શન

લાતુર: સોલાપુર જિલ્લાના અક્કલકોટમાં સંભાજી બ્રિગેડના નેતા પ્રવીણ ગાયકવાડ પર થયેલા હુમલાના વિરોધમાં સોમવારે અનેક સંગઠનોએ લાતુરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. ૧૯મી સદીના એક આદરણીય સંત સ્વામી સમર્થ વિરુદ્ધ કથિત ટિપ્પણી કરવા બદલ રવિવારે શિવ ધર્મ ફાઉન્ડેશનના કાર્યકર્તાઓએ ગાયકવાડની મારપીટ કરી (જુઓ પાનું ૪) ▶▶

# સરકાર સામે અવાજ ઉઠાવવા બદલ રોહિત પવારની હેરાનગતિ

પુણે: એનસીપી (એસપી)ના લોકસભા સાંસદ સભ્ય સુપ્રિયા સુળેએ સોમવારે દાવો કર્યો છે કે સરકાર સામે અવાજ ઉઠાવવા બદલ મહારાષ્ટ્ર સ્ટેટ કો ઓપરેટિવ બેંક (એમએસસીબી)ના કથિત કૌભાંડના આરોપનામામાં તેમના પક્ષના વિધાન સભ્ય રોહિત પવારને સામેલ કરી નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

ઇડીએ કથિત એમએસસીબી કૌભાંડમાં તાજેતરમાં મુંબઇની વિશેષ અદાલતમાં રજૂ કરવામાં આવેલા આરોપનામામાં આરોપી તરીકે અહલ્યાનગર જિલ્લાના કર્જત-જામખેડ વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા રોહિત પવારનું નામ આપ્યું હતું.એમએસસીબી મની લોન્ડરિંગ કેસ મુંબઈ પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગની ઓગસ્ટ ૨૦૧૯ની એફઆઈઆરમાંથી આવ્યો છે. એમાં એમએસસીબીના તત્કાલીન અધિકારીઓ અને ડિરેક્ટરો (જુઓ પાનું ૪) ▶▶

# ચડ્ડી બનિયાન ગેંગ કોઈને પણ મારે છે: આદિત્ય ઠાકરે

મુંબઈ: ચોમાસુ સત્રના પહેલા જ દિવસે આદિત્ય ઠાકરે અને નીલેશ રાણે વચ્ચેના વિવાદને કારણે માહોલ ગરમ થઈ ગયો હતો. સત્ર દરમિયાન આદિત્ય ઠાકરેએ ટીકા કરી હતી કે ચડ્ડી બનિયાન ગેંગ રાજ્યમાં કંઈક કરી રહી છે, અને મુખ્ય પ્રધાન ગઠબંધન ધર્મને કારણે તેમની સામે કાર્યવાહી પણ કરી શકતા નથી. તેના જવાબમાં શિંદે જૂથના ધારાસભ્ય નીલેશ રાણેએ ગુસ્સામાં કહ્યું હતું કે, હિંમત હોય તો નામ લો, નહીં તો ગૃહમાં આવા શબ્દોનો ઉપયોગ ન કરવો જોઈએ.

રાજ્યના વિવિધ મુદ્દાઓ પર બોલતા, આદિત્ય ઠાકરેએ તેમના ભાષણના અંતે શિંદે જૂથ અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર કટાક્ષ કર્યો હતો. તેમણે ધારાસભ્ય સંજય ગાયકવાડે ધારાસભ્ય નિવાસસ્થાનમાં એક કેન્ટીન કર્મચારીને (જુઓ પાનું ૪) ▶▶

# સંજય રાઉતે શિંદે જૂથના પાંચ પ્રધાન સામે એસઆઈટી તપાસની માગ કરી

મુંબઈ: શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે એકનાથ શિંદેની પાર્ટીની આકરી ટીકા કરતા કહ્યું કે એકનાથ શિંદેની પાર્ટીના પાંચ પ્રધાનોની એસઆઇટી તપાસ અથવા ન્યાયિક તપાસ થવી જોઈએ, જેમાં સંજય રાઠોડ, સંદીપન ભૂમરે, સંજય શિરસાટ અને ઉદય સામંત સહિત પાંચનો સમાવેશ થાય છે.

સંજય શિરસાટનો વીડિયો મોર્ફ કરવામાં આવ્યો હોવાનો આરોપ તેઓ લગાવી રહ્યા છે. આ સંદર્ભમાં માનહાનિનો દાવો દાખલ કરવામાં આવશે. આ બાબતે રાઉતે કહ્યું કે ફોરેન્સિક લેબ નક્કી કરશે કે વીડિયો મોર્ફ કરવામાં આવ્યો હતો કે શું કરવામાં આવ્યું હતું. આ અંગે વિધાનસભામાં નિવેદન આપવું જોઈએ.

રાઉતે કહ્યું કે યુનેસ્કોએ છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા બનાવવામાં આવેલા ૧૨ કિલ્લાઓને વર્લ્ડ હેરિટેજ સાઇટ્સનો દરજ્જો આપ્યો છે. તેનો આનંદ ભાજપ ઉજવી રહી છે. પરંતુ તમારો તેની સાથે શું (જુઓ પાનું ૪) ▶▶

# પુણેના 'કેફે ગુડલક'નું લાઇસન્સ અસ્થાયી રૂપે સસ્પેન્ડ કરાયું

પુણે: મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ સ્વચ્છતાના મુદ્દે પુણેના પ્રખ્યાત કેફે 'કેફે ગુડલક'નું લાઇસન્સ અસ્થાયી રૂપે સસ્પેન્ડ કર્યું હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. ડેક્કન વિસ્તારમાં આવેલા કેફેમાં બનમાં કાચના ટુકડા દર્શાવતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ખાદ્ય પદાર્થમાં કથિત રીતે કાચના ટુકડા મળી આવ્યા હોવાના અહેવાલોની નોંધ લીધા પછી એફડીએ એ કેફેનું નિરીક્ષણ કર્યું હતું. ■

# મહારાષ્ટ્રમાં ગાયની તસ્કરી અટકાવવા ટૂંક સમયમાં કાયદો બનશે

## વારંવાર ગુનો કરનારા સામે મકોકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં ગાયની તસ્કરી રોકવા માટે આગામી દિવસોમાં કાયદો લાવવામાં આવશે અને આવા પ્રકરણમાં વારંવાર ગુનો કરનારા સામે મહારાષ્ટ્ર કંટ્રોલ ઑફ ઑર્ગનાઈસ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) લાગુ કરવામાં આવશે, એવું ગૃહ રાજ્ય પ્રધાન (ગ્રામીણ) પંકજ ભોયરે સોમવારે જણાવ્યું હતું.

વિધાન પરિષદમાં ભાજપના સભ્ય દ્વારા સામાજિક કાર્યકરો અને ગૌરક્ષકો પર પણ કેસ દાખલ કરવામાં આવી રહ્યા હોવાની રજૂઆત અટેન્શન ઓફ મોશન દ્વારા કરવામાં આવી હતી, તેના પર જવાબ આપતા ભોયરે જણાવ્યું હતું કે રાજ્યમાં ૨૦૨૨થી જૂન ૨૦૨૫ (જુઓ પાનું ૪) ▶▶

**મુંબઈ એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી**

# અકાસા એરલાઈનના વિમાનને કાર્ગો ટ્રકે ટક્કર મારી

મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર અકાસા એરલાઈનનું એર બી૭૩૭ મેક્સ વિમાનને કાર્ગો ટ્રકે ટક્કર મારી હતી. દુર્ઘટના બાદ તરત જ એરલાઈન તરફથી આપવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે વિમાન ઊભું હતું તે સમયે જ થર્ડ પાર્ટી ગ્રાઉન્ડ હેન્ડલર દ્વારા ચલાવવામાં આવનારા માલવાહક ટ્રક તેની સાથે અથડાયું હતું, દુર્ઘટના બાદ ટીમ વિમાનની ઊંડાણપૂર્વકની તપાસ કરી રહી છે.

મળતી વિગતો અનુસાર મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર અકાસા એરલાઈનનું એર બી૭૩૭ મેક્સ વિમાન કાર્ગો ટ્રક સાથે અથડાયું હતું. અકાસા (જુઓ પાનું ૪) ▶▶

# નવી મુંબઈમાં સગીરાએ ૧૦મા માળેથી લગાવી મોતની છલાંગ

થાણે: નવી મુંબઈના સીવૂડ વિસ્તારમાં પંદર વર્ષની સગીરાએ ઇમારતના ૧૦મા માળના ફ્લેટમાંથી ઝંપલાવીને જીવનનો અંત આણ્યો હતો. એનઆરઆઇ સાગરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના રવિવારે સાંજના ચાર વાગ્યાની આસપાસ બની હતી. સગીરા લોહીલુહાણ હાલતમાં મળી આવતાં તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

સગીરાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# કિશોરને ઉભેલી ટ્રેનમાં રીલ બનાવવું ભારે પડ્યું: વીજળીના આંચકાથી મૃત્યુ થયું

મુંબઈ : આજકાલ યુવાનોને રીલ બનાવવાનું જાણે ઘેલું લાગ્યું છે. અને આવી ઘેલછામાં યુવકો જીવ ગુમાવી રહ્યા છે. મહારાષ્ટ્રના નવી મુંબઈના નેરુલ રેલવે સ્ટેશન પર ઉભેલી ટ્રેનના કોચ પર ચઢીને રીલ બનાવવાનું એક ૧૬ વર્ષના યુવકને ભારે પડ્યું હતું. રીલ બનાવતી વખતે ઇલેક્ટ્રિક શોક લાગવાથી યુવકનું મૃત્યુ થયું હતું.

વાશી ગવર્મેન્ટ રેલવે પોલીસના સિનિયર ઇન્સ્પેક્ટર કિરણ ઉન્દ્રેએ જણાવ્યું હતું કે નવી મુંબઈના બેલાપુરનો રહેવાસી આરવ શ્રીવાસ્તવ નામનો યુવક ૬ જુલાઈના રોજ પોતાના મિત્રો સાથે નેરુલ રેલવે સ્ટેશન પર ગયો હતો. તે કચરાથી ભરેલી એક ઉભેલી ટ્રેનના ડબ્બા પર ચઢી ગયો અને રીલ બનાવવા લાગ્યો. આ દરમિયાન, છોકરાનો હાથ ઉપરથી પસાર થતા વાયરના સંપર્કમાં આવ્યો. જેના કારણે તેને જોરદાર વીજળીનો આંચકો લાગ્યો અને તે નીચે પડી ગયો. છોકરાને માથાં અને શરીરના અન્ય ભાગોમાં ઘણી ઇજાઓ થઈ હતી અને તે ૬૦ ટકા બળી ગયો હતો.

જે બાદ તેને ઐરોલીની બર્ન્સ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં છ દિવસ સુધી જીવન અને મૃત્યુ વચ્ચે સંઘર્ષ કર્યા બાદ શનિવારે રાત્રે તેનું અવસાન થયું હતું.

પોલીસે આકસ્મિક મૃત્યુનો ગુનો નોંધીને ઘટનાની તપાસ હાથ ધરી છે. આ પહેલીવાર નથી કે રીલ બનાવતી વખતે કોઈએ પોતાનો જીવ ગુમાવ્યો હોય.

આ પહેલા મહારાષ્ટ્રના સતારાથી એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જ્યાં કેટલાક યુવાનો કાર લઈને ટેબલ પોઈન્ટ પર સ્ટંટ કરવા માટે ગયા હતા. આ દરમિયાન કાર ટેબલ પોઈન્ટ પરથી નીચે પડી ગઈ હતી. જેના કારણે સ્ટંટ કરી રહેલા યુવકનું મોત થયું હતું. ■

# અઠવાડિયાના પહેલા જ દિવસે રિમઝિમ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં વહેલી સવારથી વાદળિયા વાતાવરણની સાથે વરસાદના મધ્યમથી જોરદાર ઝાપટાં પડયા હતા. હવામાન વિભાગે હજી એક દિવસ પહેલા જ મુંબઈ માટે ગ્રીન અલર્ટ આપ્યું હતું પણ સોમવારે તેને અપગ્રેડ કરીને યલો અલર્ટની ચેતવણી આપવામાં આવી હતી, તે મુજબ આખો દિવસ મધ્યમથી ભારે વરસાદ પડયો હતો.

હવામાન વિભાગે સોમવારે અગાઉ ગ્રીન અલર્ટ આપ્યું હતું અને બુધવાર સુધી વરસાદ વિરામ લેશે એવો અંદાજો વ્યક્ત કર્યો હતો પણ સવારથી મુંબઈમાં વરસાદ પડી રહ્યો હતો. હવામાન વિભાગે બપોરના ૧.૩૫ (જુઓ પાનું ૪) ▶▶

# કલ્યાણમાં કોડીનની ૧૨૦ બોટલ સાથે ત્રણની ધરપકડ

થાણે: થાણે જિલ્લાના કલ્યાણમાં કોડીન સિરપની ૧૨૦ બોટલ સાથે ત્રણ જણની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આમાંથી બે જણ કર્ણાટકના વતની છે. કલ્યાણમાં એપીએમસી માર્કેટ નજીકથી ગયા સપ્તાહે ત્રણેયને પકડી પાડવામાં આવ્યા હતા અને તેમની પાસેથી ૨૭ હજાર રૂપિયાની કોડીન સિરપની બોટલો જપ્ત કરાઇ હતી. ત્રણેય આરોપીની ઓળખ તૌસિફ આસિફ સુર્વે (૩૪), લિંગરાજ અજરાય અલગુડ (૪૦) તથા ઇરફાન ઉર્ફે મોહસીન ઇબ્રાહિમ સૈયદ (૩૪) તરીકે થઇ હતી. તૌસિફ સુર્વે કલ્યાણનો રહેવાસી છે. આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ તેમણે કોડીન સિરપની બોટલો ક્યાંથી મેળવી તેની તપાસ કરવામાં આવી રહી છે.■

# કચરાના વ્યવસ્થાપન સમસ્યાઓના ઉકેલ માટે સમર્પિત સેલ સ્થપાશે: શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કૉર્પોરેશન અને કાઉન્સિલો દ્વારા સામનો કરવામાં આવતા વેસ્ટ મેનેજમેન્ટ સંબંધિત સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા એક ડેડીકેટેડ સેલની સ્થાપના કરવામાં આવશે એવું, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે જણાવ્યું હતું.

વિધાનસભામાં પ્રશ્નકાળ દરમ્યાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે સરકાર પડાકારોનો સામનો કરવા માટે પ્રતિબદ્ધ છે.

ખાસ કરીને નાની મ્યુનિસિપલ કૉર્પોરેશન પર ખાસ ધ્યાન આપવામાં આવશે.

શિંદેએ સોલાપુરનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે (જુઓ પાનું ૪) ▶▶

# ૧૨ વર્ષની છોકરીનો વિનયભંગ: પોલીસ કોન્સ્ટેબલની ધરપકડ

મુંબઈ: દક્ષિણ મુંબઈના સાત રસ્તા વિસ્તારમાં ૧૨ વર્ષની છોકરીનો વિનયભંગ કરવાના આરોપસર ૪૫ વર્ષના પોલીસ કોન્સ્ટેબલની ધરપકડ કરવામાં આવી હતી.

આગ્રીપાડા પોલીસ સ્ટેશનની હદમાં રવિવારે આ ઘટના બની હતી અને તે સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી. આ વિસ્તારની એક ઇમારતના છઠ્ઠા માળે પોલીસ કોન્સ્ટેબલ રહે છે, જ્યારે છોકરી તેના પરિવાર સાથે ૧૨મા માળે રહે છે.

ઇમારતના કંપાઉન્ડમાં રવિવારે પૂજા રાખવામાં આવી હતી અને છોકરી બપોરે પ્રસાદ લેવા માટે નીચે ગઇ હતી. પ્રસાદ લઇને તે ઘરે પાછી જઇ રહી હતી ત્યારે કોન્સ્ટેબલ તેની પાછળ આવ્યો હતો અને છોકરીને લિફ્ટમાં જવા ન દેતાં પોતાની સાથે દાદરા ચડીને આવવાનું તેણે કહ્યું હતું.

કોન્સ્ટેબલે બાદમાં છોકરીને હાથ પકડ્યો હતો અને તેને પહેલા માળે લઇ ગયો હતો, જ્યાં એક વ્યક્તિએ તેને જોઇ લીધો હતો અને (જુઓ પાનું ૪) ▶▶




**મહારાષ્ટ્ર બંધ:** હૉટેલ એસોસિયેશન (આહાર) દ્વારા રાજ્યના મહેસૂલ ખાતા દ્વારા દારૂ પર વેટ અને લાઈસિન્સ ફીમાં કરેલા જંગી વધારાના વિરોધમાં સોમવારે બંધ પાળવામાં આવ્યો હતો. આ નિમિત્તે થાણેના બાર અને રૅસ્ટોરન્ટ માલિકો અને કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શનમાં સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં કલેક્ટરોએ માર્ગ દુરસ્તીકરણ અભિયાનનું નિરીક્ષણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં પ્રવર્તમાન ચોમાસાની મોસમને પરિણામે જે માર્ગોને નુકસાન થયું છે, તેને પુનઃમોટરેબલ કરવા માટે રાજ્ય સરકારે પ્રો-એકટીવ અભિગમ દાખવ્યો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ તમામ ક્ષતિગ્રસ્ત રસ્તાઓ ઝડપથી પૂર્વવત થાય એ માટે માર્ગ અને મકાન વિભાગને ચોકકસ દિશાનિર્દેશો આપીને સત્વરે કામો પૂર્ણ કરવા કડક સૂચના આપી હતી. જે અનુસંધાને હાલમાં આ કામો રાજ્યભરમાં યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. જે અંતર્ગત સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ એ સ્થળ મુલાકાત લઈ નિરીક્ષણ કરીને સંબંધિતોને કામો સત્વરે પૂરા કરવા સૂચનાઓ આપી હતી.

સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરે જિલ્લાના મુખ્ય પુલોનું સઘન નિરીક્ષણ કરી જરૂરી સૂચનો આપ્યા હતા. આ ઉપરાંત માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અને ભવિષ્યમાં કોઈપણ અકસ્માત કે દુર્ઘટનાને ટાળવા માટે ગાંધીનગર માર્ગ અને મકાન વિભાગની ડિઝાઇન ટીમ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરી વિવિધ પુલો તથા સ્ટ્રકચરોની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. આ ટીમે સુરેન્દ્રનગર -દુધરેજ- વણા-માલવણ- પાટડી- દસાડા - બેચરાજી રોડ પર આવેલા બજાણા મેજર બ્રિજ, પાટડી -બ્રિજ, વણા મેજર બ્રિજ, ફુલ્કી -પાટડી-ખારાઘોડા-ઓડું રોડ, લખતર-શિયાણી-લીંબડી રોડ પર તલવાણી બ્રિજની મુલાકાત કરી પુલની સ્થિરતા, સપોર્ટિંગ સ્ટ્રક્ચર, પિયર્સ, ક્રેક ચેકિંગ, જમીન ધોવાણ તથા પાણીની પસાર થતી જગ્યા (ક્લિઅરન્સ)ના આધારે ફિઝિકલ ચકાસણી, પુલની મજબૂતાઈ, માળખાકીય મજબૂતી અને સુરક્ષા ધોરણોની ચકાસણી કરવામાં આવી રહી છે.

મોરબી કલેકટર કિરણ ઝવેરીએ વિવિધ સ્થળોની મુલાકાત લીધી અને રોડ તથા પાણીના પ્રશ્નો જાણ્યા અને ત્વરિત નિરાકરણ માટેના સૂચનો કર્યા હતા. મોરબી મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેએ મોરબીના ઝોન ચારની મુલાકાત લઈને રોડ રસ્તાની મરામત, ગટરની સફાઈ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન વગેરેની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ઝોન ચારમાં સમાવેશ વિદ્યુત નગર, રચના સોસાયટી, ગોપાલ સોસાયટી, અરુણોદય નગર, નિત્યાનંદ રોડ, શિવમ પાર્ક વગેરેની મુલાકાત લઈ જરૂરી સૂચનો કર્યાં હતાં.

દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાએ જિલ્લાના વિવિધ બ્રિજોની મુલાકાત લીધી હતી. જામનગર-લાલપુર-પોરબંદર રોડ પર માઈનોર બ્રીજ, કલ્યાણપુર-ચુર-ભાડથર રોડ પર આવેલ માઈનોર બ્રીજ, બેહ-વડત્રા રોડ પર આવેલ માઈનોર બ્રીજની મુલાકાત લઈને જરૂરી માર્ગદર્શન તેમજ સલાહ સૂચન કર્યા હતા.

જૂનાગઢ જિલ્લામાં ગ્રામ્ય અને મહાનગરપાલિકા વિસ્તારમાં ભારે વરસાદના પગલે અસરગ્રસ્ત બનેલ રસ્તાઓના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.જિલ્લાના માણાવદર તાલુકામાં માર્ગ મકાન વિભાગ રાજ્ય દ્વારા રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમ જ જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર તેજસ પરમાર અને ટેકનિકલ સ્ટાફ સાથે વોર્ડ નંબર ૭ અને ૧૦ માં આવેલ જર્જરિત મકાનો ,ભવનાથ વિસ્તારમાં અસરગ્રસ્ત રસ્તાઓનું નિરીક્ષણ કર્યું હતું.

પોરબંદર મહાનગર વિસ્તારના રસ્તા અને ગટરના કામો અંગે કમિશનર એચ જે પ્રજાપતિએ ટેકનિકલ સ્ટાફ અને સંસાધનો સાથે રાજીવનગરમાં કામગીરી શરૂ કરાવી નિરીક્ષણ કર્યું હતું. પંચાયત માર્ગ મકાન વિભાગ દ્વારા અસરગ્રસ્ત સોળ રસ્તામાંથી ૧૦ રસ્તાની કામગીરી પૂર્ણ થઈ છે. રાણાવાવ વિસ્તારમાં આજે પૂરજોશમાં કામગીરી કરવામાં આવી હતી.

ભાવનગર મ્યુનિસિપલ કમિશનર ડો.એન.કે.મીણાએ ભાવનગર મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર હસ્તક આવેલ કુંભારવાડા અંડર બ્રીજ, ઘોઘા સર્કલ અને રૂવા રવેચી ધામ-મંત્રેશ સર્કલની મુલાકાત લઈ પુલોનું સમારકામ અને માર્ગોની સ્થળ વિઝીટ કરી ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

બોટાદ જિલ્લા કલેક્ટર ડૉ. જીન્સી રોયે બોટાદ તાલુકાના પુલોનું સબંધિત વિભાગની ટેક્નિકલ ટીમ સાથે મુલાકાત લીધી હતી, તેમજ જરૂર જણાયે પુલોના સમારકામ,પુનઃનિર્માણ માટે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. કલેક્ટરેએ પાળીયાદ ગોમા નદી પરનો પુલ,રાણપુર સુભાદર નદી પરનો પુલ, કેરીયા ઢાળ પાસેના પુલની મુલાકાત લીધી હતી.

અમરેલી કેરિયાચાડ રોડ પરના વિઠ્ઠલપુર ખંભાળિયા ગામ પાસે શત્રુંજી નદી પરના ૧૪૦ મીટર લાંબા અને ૮ મીટર પહોળા કેરિયાચાડ મેજર બ્રિજનું નિરિક્ષણ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયતના કાર્યપાલક ઇજનેર સ્મિત ચૌધરીએ કર્યું હતુ. કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના માર્ગદર્શન અને સુચના મુજબ જિલ્લામાં અસરગ્રસ્ત માર્ગ અને બ્રિજના સમારકામની કામગીરી તંત્ર દ્વારા પૂરજોશમાં કામગીરી કરવામાં આવી હતી.

ગીર સોમનાથ કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે જિલ્લામાં આવેલા વિવિધ પુલની મુલાકાત લઈને પુલની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સહિતની ચકાસણી કરવા માટે માર્ગ મકાન વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચના આપી હતી. જે અંતર્ગત માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હેઠળના કોડીનાર તાલુકાના ૧૧ પુલોનું ડિઝાઈન સર્કલના અધિકારીઓની ઉપસ્થિતિમાં નીરિક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા ક્ષતિગ્રસ્ત થયેલા સવની એપ્રોચ રોડ પર પેચવર્કની તેમજ જંગલ કટિંગની કામગીરી કરવામાં આવી હતી. ■

## ભુજ નજીકના રમણીય કડિયા ધ્રોમાં નાહવા પડેલો ભુજનો કિશોર પાણીમાં ડૂબ્યોઃ શોધખોળ જારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ગત સપ્તાહે વરસેલા અતિભારે વરસાદ બાદ ખડકની અદ્‌ભુત કોતરો થકી કુદરતી સૌંદર્યથી ખીલેલા અને ઇન્સ્ટાગ્રામની રીલ્સ પર ચમકતા રહેતા ભુજની ભાગોળે આવેલા કડિયા ધ્રોમાં રવિવારની રજાને પગલે ઉમટેલા સેંકડો સહેલાણીઓ વચ્ચે આ વહેતા ધોધમાં નાહવા કુદેલા ભુજના ૧૭ વર્ષીય રમજાન તમાચી નોડેનું ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો. હાલ આ ધોધમાં લાપતા બનેલા કિશોરની શોધખોળ ચાલું છે, પરંતુ આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી તેનો અતોપત્તો મળ્યો ન હતો.

આ કરુણ બનાવ અંગે મળેલી વિગતો મુજબ, કડિયા ધ્રો કુદરતી સૌંદર્ય થકી વરસાદી ઋતુમાં પાણીનાં ઝરણાં-ખડકની કોતરો નિહાળવા અને ફોટા પાડી તથા આ ઝરણાં-ધોધમાં નાહવા પરિવાર સાથે અનેક લોકો તંત્રની મનાઈ છતાં જીવના જોખીને ઊમટી રહ્યા છે. ગત રવિવારની રજા હોવાથી આસપાસના અનેક સહેલાણીઓ અહીં ઊમટયા હતા. આ વચ્ચે રમજાન ધોધમાં નાહવા પડ્યા બાદ ગરક થઇ ગયો હતો. સ્થાનિકો-સહેલાણીઓએ પોલીસને જાણ કરાતાં સાંજે રેસ્ક્યૂ ટુકડી સાથે પહોંચેલી પોલીસે વ્યાપક શોધખોળ આદરી હતી. સોમવારની સવાર સુધી પણ લાપતા બનેલા કિશોરની ભાળ ન મળતાં પરિજનોમાં ઉચાટ ફેલાયો હતો. ■



રાજકોટમાં એફઆરસીના ફી નિયમનને મુદ્દે એનએસયુઆઈના કાર્યકર્તાઓ દ્વારા કર્ણાવતી સ્કૂલ પર હલ્લાબોલ કરાયો હતો.. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

## કચ્છની લખપતવાળી ક્રીકમાંથી પાકિસ્તાની ઘૂસણખોર ઝડપાયો, પૂછપરછ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાન દ્વારા ગુજરાત સહીત દેશના અન્ય રાજ્યોમાં ભાંગફોડ કરવાના મલિન ઈરાદાને પાર પાડવા માટે કચ્છની ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમાએથી ઘૂસણખોરીના બનાવો સમયાંતરે સામે આવી રહ્યા છે. ત્યારે કચ્છની લખપતવાળી સંવેદનશીલ ક્રીકમાંથી એક પાકિસ્તાની ઘૂસણખોર ઝડપાયો હતો. જેની હાલ વિવિધ સુરક્ષા એજન્સીઓ પૂછપરછ કરી રહી હતી. બીજી તરફ અબડાસાની સાંઘી જેટી પાસે સરહદી સલામતી દળના જવાનોને પેટ્રોલિંગ દરમ્યાન બિનવારસુ હાલતમાં શંકાસ્પદ ડ્રગ્સનું પેકેટ મળી આવ્યું છે. આ અંગે મળી રહેલી સત્તાવાર વિગતો મુજબ, કચ્છની સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ એવી લખપતવાળી ક્રીક વિસ્તારમાં ફેન્સિંગ પાર કરીને ઘુસી આવેલા એક પાકિસ્તાની નાગરિકને બી.એસ.એફ.ના જવાનોએ ફૂટ પેટ્રોલિંગ દરમ્યાન ઝડપી લીધો હતો. હાલ આ પાકિસ્તાનીની સઘન પૂછતાછ જારી હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત માર્ચમાં પણ ભારત-પાકિસ્તાનની સીમા ઓળંગીને એક કિશોર વયનો યુવક પાકિસ્તાની પોતાના પરિવાર સાથે લડી-ઝઘડીને છેક ખાવડા ખાતેના સોલાર એનર્જી પાર્ક સુધી ૨૫ કિલોમીટર અંદર સુધી પહોંચી આવ્યો હતો. ■

**કચ્છ અને પંજાબ વચ્ચેના ડ્રગ્સ કનેક્શનનો પર્દાફાશ**

## ગાંધીધામમાં ૫૮ લાખના હેરોઈન સાથે બે પંજાબી યુવકો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ધીરે-ધીરે પણ મક્કમ ગતિથી નશાખોરીની બાબતમાં મેક્સિકો દેશ બનવા તરફ આગળ વધી રહેલા સરહદી કચ્છ જિલ્લાના પંચરંગી શહેર ગાંધીધામથી આજે સતત બીજા દિવસે સ્પેશિયલ ઓપરેશન ગૃપની ટુકડીએ પંજાબથી માદક પદાર્થ લઈને અહીંના રેલવે સ્ટેશન પાસે પહોંચેલા બે શખ્સોને રૂ.૫૮.૦૮ લાખના હેરોઇન ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડીને, વધુ એક વખત કચ્છના પંજાબ કનેકશનનો પર્દાફાશ કર્યો હતો.

આ કાર્યવાહી અંગે એસ.ઓ.જીના પી.આઇ ડી.ડી.ઝાલાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, 'નો ડ્રગ્સ ઇન કચ્છ ઝુંબેશ' અંતર્ગત હાલ પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે એ વચ્ચે તેમની ટુકડીને મળેલી પૂર્વ બાતમીના આધારે ગાંધીધામના રેલવે ઓવર બ્રિજ પાસેન સર્વિસ રોડ પર પંજાબના તરનતારન જિલ્લાના કુલવિન્દરસિંગ હરદેવસિંગ સિંગ અને લખવિન્દરસિંગ ગુરનામસિંગ સિંગ નામના યુવકોને વોચ ગોઠવી અટકમાં લીધા હતા. તલાશી લેતાં તેમની પાસેથી રૂ.૫૮,૦૮,૦૦૦ની કિંમતનો હેરોઇન ડ્રગ્સનો ૧૧૬.૧૬ ગ્રામ જથ્થો ઉપરાંત ચાર મોબાઇલ ફોન, ડિજિટલ વજન કાંટો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી માટે બી-ડિવિઝન પોલીસે સોંપ્યા હતા. હજુ તરનતારનના સંગતપુરના સુખા નામના સાગરીતને પકડવાનો બાકી હોવાનું ડી.ડી ઝાલાએ જણાવ્યું હતું. ડ્રગ્સ સાથે ઝડપાયેલા આ બંને આરોપીઓ પૈકી કુલવિન્દરસિંગ હરદેવસિંગ સિંગ વિરુદ્ધ ગત વર્ષે પણ માદક પદાર્થનો ગુનો બી-ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલો હોવાનું જાણવા મળ્યું હતું. ■

## ભાવનગર જિલ્લામાં યોજાયેલ લોક અદાલતમાં એક જ દિવસમાં ૧૩,૬૪૧ કેસોનો નિકાલ

ભાવનગરઃ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હીના આદેશ અનુસાર અને નામ. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના ઉપક્રમે ભાવનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં ચેરમેન એચ.એસ.મુલીયાના માર્ગદર્શન અને સેક્રેટરી ડી.બી.તિવારીના સંચાલન હેઠળ તા. ૧૨મી જૂલાઇ, ૨૦૨૫ને શનિવારના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર જિલ્લાની વિવિધ અદાલતો દ્વારા ૨૬,૪૯૪ કેસો નિકાલ અર્થે મુકવામાં આવ્યાં હતા. જેમાં લોક અદાલતના અંતે પોસ્ટ-લિટિગેશન-૧૦૫૬ કેસો, સ્પેશ્યલ સીટીંગના-૮,૪૧૫, પેન્ડિંગ કેસો -૯,૪૭૧ અને પ્રી-લિટિગેશનના-૪,૧૭૦ કેસો મૂકવામાં આવ્યાં હતાં. જેમાંથી એક જ દિવસે ૧૩,૬૪૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ કેસોમાં કુલ રૂ.૧૩,૪૦,૮૬,૪૨૩/- સેટલમેન્ટ રકમના વ્યવહારોનો સુખદ નિકાલ અદાલતો દ્વારા લાવવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૦ વર્ષથી વધુ જૂના ૦૮ કેસોમાં પક્ષકારો વચ્ચે પરસ્પર સુખદ સમાધાન થતાં જૂના કેસોનો પણ નિકાલ આવ્યો છે. ■

## ભાવનગરનો શેત્રુંજી ડેમ એક મહિનામાં ત્રીજી વખત ઓવરફલો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લામાં ચોમાસાના પ્રારંભથીજ મેઘરાજાએ મન મૂકીને વરસી રહ્યા છે. સતત ઉપરવાસના વરસાદી નીરની સતત આવકથી સૌરાષ્ટ્રનો સૌથી વિશાળ શેત્રુંજી ડેમ ૨૭ દિવસમાં ત્રીજી વખત છલકાયો હતો. ડેમના ૨૦ દરવાજા એક ફૂટ ખોલવામાં આવ્યા હતા. ઉપરવાસથી ડેમમાં ૧૮૦૦ ક્યૂસેક પાણીની આવક શરૂ હતી. આથી ૧૮૦૦ ક્યૂસેક પાણીની આવક જાવક શરુ થઇ ગઇ હતી. આ સિઝનમાં હેટ્રિક સર્જીને ત્રીજી વખત અને સતત છઠ્ઠા વર્ષે શેત્રુંજી ડેમ ઓવરફ્લો થયો હતો.

ઉલ્લેખનીય છે કે ચોમાસામાં પ્રથમ વખત ગત તા. ૧૭ જૂને પાણીની આવક શરૂ થતા માત્ર ૨૫ કલાકમાં તો ઓવર ફ્લો થઈ ગયો હતો. શેત્રુંજી ડેમના ઇતિહાસમાં ચોમાસુ શરૂ થયાના બે જ દિવસમાં માત્ર ૨૫ કલાકમાં ઓવરફલો થયાની પ્રથમ ઘટના થઇ હતી. બાદમાં બીજી વાર આ માસમાં ગત તા.૬ જુલાઇએ ડેમના તમામ દરવાજા ખોલાયા હતા.

ત્રીજી વખત શેત્રુંજી ડેમના દરવાજા ખોલવામાં આવતાં પાલિતાણા તાલુકાના અસરગ્રસ્ત ગામો નાની રાજસ્થળી, લાપાળીયા, લાખાવાડ, માયધાર અને મેઢા તેમજ તળાજા તાલુકાના ભેગાળી, દાત્રડ, પિંગળી, ટીમાણા, સેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવાવ, તરસરા અને સરતાનપરને તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા. ■

## દ્વારકા કોરીડોર પ્રોજેકટનો સંભવત ઓગષ્ટમાં પ્રારંભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ટૂરિઝમ મિનિસ્ટ્રી તથા ગુજરાત ટૂરિઝમ વિભાગના આગામી મહાત્ત્વાકાંક્ષી પ્રોજેકટ પૈકીના મુખ્ય એવા દ્વારકા કોરીડોર પ્રોજેકટનો પ્રારંભ ટૂંક સમયમાં થાય તેવા અહેવાલો સાંપડી રહ્યા છે ત્યારે મહદંશે દ્વારકા, બેટ દ્વારકા, નાગેશ્વર જયોતિર્લિંગ, શિવરાજપુર બીચને સાંકળતા કોરીડોર પ્રોજેકટનો ઓગષ્ટ માસમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી હસ્તે શિલાન્યાસ થાય તેવી સંભાવના જોવાઈ રહી છે. યોજના અંતર્ગત દ્વારકાધીશજી જગતમંદિર આસપાસના વિસ્તારને વિવિધ સુવિધાઓ સાથેના ટેમ્પલ સ્કવેર આકારમાં ડેવલોપમેન્ટ કરવામાં આવનાર છે.

કેન્દ્રીય ટૂરિઝમ વિભાગ તથા રાજ્યના ટૂરિઝમ વિભાગ દ્વારા અમદાવાદની ખાનગીકું.ને દ્વારકા કોરીડોર પ્રોજેકટ અંગેની થ્રી-ડી ડીઝાઈન તથા વ્યાપક રૂપરેખાની જવાબદારીસોંપાયેલ હોય જેમના દ્વારા રજૂ કરાયેલપ્રેઝન્ટેશન તથા હૃદય યોજના અંતર્ગત પ્રોજેકટ રિપોર્ટમાં ફર્સ્ટ ફેઈઝમાં દ્વારકાધીશજગતમંદિર આસપાસના ૧૦૦ મીટરનાવિસ્તારનો વિકાસ થશે જેને ટેમ્પલ સ્કવેર તરીકે ઓળખવામાં આવશે જેમાં મંદિરપરિસર સાથે સાથે ભવ્ય કોરીડોર પણ સમાવિષ્ટ હશે.

સાથે સાથે દ્વારકા તેમજ આસપાસના ધાર્મિક અને ટુરીઝમ કેન્દ્રોનો પણ વિકાસ કરવામાં આવનાર હોય જેના ભાગરૂપે ગોમતી નદીને સામે ઘાટે આવેલ પંચનદ તીર્થ સાથે જોડતાં સુદામા સેતુનું પણ નવીનીકરણ કરાશે.દ્વારકાથી ૧૬ કિમી દૂર આવેલ દ્વાદશ જયોતિર્લિંગને પણ નાગેશ્વર જયોતિર્લિંગ કોરીડોરને 'લાઈવ ઓફશિવા'ની વિશેષ થીમ હેઠળ વિકાસાવાશે. તેની સાથોસાથ સુદર્શન સેતુના નિર્માણ બાદ બેટ દ્વારકા રોડ રસ્તે જોડાઈ જતાંત્યાં યાત્રાળુઓના પ્રવાહમાં સતત વૃદ્ધિ જોતાં બેટ દ્વારકાનો માળખાગત રીતે વિકાસ કરીપ્રવાસનલક્ષી સુવિધાઓ ક્રમશઃ ઊભી કરવામાં આવનાર છે. આ સાથે બેટદ્વારકાધીશ મંદિરનું બ્યુટીફીકેશન પણ કરવામાં આવનાર છે. ■

## રતનાલની વાડીમાં ત્રાટકેલા નિશાચરો ૧.૨૫ લાખની ખારેક તફડાવી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં હાઇપર એક્ટિવ થયેલા તસ્કરોનો રંજાડ જારી રહેવા પામ્યો હોય તેમ અંજાર તાલુકાના રતનાલ ગામની સીમમાં આવેલી એક વાડીમાંથી રૂ.૧,૨૫,૦૦૦ના મૂલ્યની ૨૫૦૦ કિલો જેટલી ખારેકની તસ્કરીનો બનાવ બહાર આવતાં ખેડૂત વર્ગમાં ભારે ચકચાર પ્રસરી હતી. આ ઉપરાંત આ તાલુકાના અજાપરમાં આવેલી એક કંપનીનું ફેન્સિંગ તોડી અંદર ઘૂસેલા નિશાચરો ટેબલનું ખાનું તોડી તેમાંથી રોકડ રૂ. છ લાખ ચોરી ગયા હતા.

રતનાલ ગામના ધાણેટી માર્ગ પર આવેલા રહેણાક વિસ્તારમાં રહેતા રાજેશ ધુલાભાઇ રવા વરચંદ (આહીર)એ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, આ ગામની સીમમાં તેમના પિતાનાં નામે આવેલી ખેતીની જમીન પર કચ્છી મેવો એટલે કે ખારેકની ખેતી કરવામાં આવી છે. ખારેકના પાકને તેઓએ રાજેશ વરચંદે ગંગારામ પટેલ નામના વેપારીને વેચી દીધી હતી અને ખારેકનું કટિંગ-પેકિંગનું કામ ચાલી રહ્યું હતું.

આ દરમ્યાન ગત ૧૨-૭ના ગંગારામ પટેલે વાડી પર ખારેક ન હોવાનું જણાવતાં તેઓ વાડીએ ગયા હતા, જ્યાં તપાસ કરતાં ફેન્સિંગ તૂટેલી જોવા મળી હતી. મીની ટેમ્પો લઇને અંદર ઘૂસેલા અજ્ઞાત શખ્સોએ એક ઝાડમાંથી ૧૦૦ કિલો એમ ૨૫ ઝાડમાંથી રૂ. ૧,૨૫,૦૦૦ની ૨૫૦૦ કિલો ખારેકના હાથા કાપીને ચોરી ગયા હતા. હાલ આ ખારેક ચોરીના બનાવ અંગે પોલીસે તેમની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

## ભાવનગરમાં હવેલીએ દર્શને જતી વણિક મહિલાનું વાહન અકસ્માતમાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના સર પટણી રોડ પર સ્કૂટર પર જતા દંપતીને ડમ્પરના ચાલકે અડફેટે લેતા સ્કૂટર પાછળ બેઠેલ મહિલાનું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના ઘોઘા સર્કલ નજીક સરપટની રોડ પર આજે સાંજે સ્કૂટર ઉપર હવેલી એ દર્શને જતા નરેન્દ્રભાઈ પારેખ અને ગીતાબેન પારેખને પૂર ઝડપ આવેલ ડમ્પરના ચાલકે લેતા સ્કૂટર પાછળ બેઠેલ ગીતાબેન પારેખનું ગંભીર ઇજા થતાં ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બનાવને પગલે લોકો એકઠા થઈ ગયા હતા. અને અકસ્માત સર્જાયા બાદ નાસી રહેલા ડમ્પરચાલકને ઝડપી લીધો હતો. બનાવનું જાણ થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતમાં સ્કૂટર ચાલક નરેન્દ્ર ભાઈને ઈજા થતા તેને હૉસ્પિટલ ખસેડાયો હતો. ■

## ઉનામાં પાકિસ્તાન જેલમાં કેદ માછીમારોના મુદ્દે બેઠક મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લા સહિત ગુજરાતના અન્ય જિલ્લાઓના ઘણા માછીમારો હાલ પાકિસ્તાન જેલમાં કેદ છે. ઉના તાલુકાના દાંડી ગામમાં માછીમારોના મુદ્દે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં દાંડી ગામના સરપંચ પ્રતિનિધિ, તાલુકા પંચાયત સદસ્ય પ્રતિનિધિ, સૈયદ રાજપરા ગામના સરપંટ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પોરબંદર, વેરાવળ અને અન્ય બંદરો પર માછીમારી દરમિયાન પાકિસ્તાન મરીન સિક્યુરિટી દ્વારા પકડાયેલા ભારતીય માછીમારોને મુક્ત કરાવવા માટે સરકારમાં રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

માછીમાર પરિવારોની મુશ્કેલીઓ અંગે મુખ્ય પ્રધાનને મળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ જરૂર પડ્યે દિલ્હી સુધી રજૂઆત કરવા જવાની પણ તૈયારી બતાવવામાં આવી હતી. બેઠકમાં ઉના તાલુકાના કોબ, ખાણ, ખત્રિવાડા, પાલડી વગેરે ગામોના પકડાયેલા માછીમારોના પરિવારજનો હાજર રહ્યા હતા. આ બેઠકમાં પાકિસ્તાન જેલમાં કેદ માછીમારોની દયનીય સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી અને તેમને મુક્ત કરાવવા માટે સંગઠિત પ્રયાસો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ■

## સાવરકુંડલામાં યુરિયાની અછતથી ૭૦ ગામના ખેડૂતોએ વિરોધ પ્રદર્શન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં સારા વરસાદ બાદ હાલ નિંદામણનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખરીદ વેચાણ સંઘ ખાતે યુરિયા ખાતર ન મળતા ૭૦ ગામોના ખેડૂતો અને તેમના પ્રતિનિધિઓએ ઉગ્ર દેખાવ કર્યો હતો. ખેડૂતોએ ખરીદ વેચાણ સંઘના પ્રમુખનો ઘેરાવો કરી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

મળતી વિગત પ્રમાણે,ખરીદ વેચાણ સંઘ પાસે ૫૦ ટન યુરિયા ખાતરનો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં, ખેડૂતોને ખાતરનું વેચાણ કરવામાં આવી રહ્યું નથી. જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. હાલ વરાપ નીકળ્યો હોવાથી ખેડૂતોને યુરિયા ખાતરની તાતી જરૂરિયાત છે, પરંતુ ખાતર ન મળવાને કારણે તેમને પારાવાર નુકસાની વેઠવાનો ભય સતાવી રહ્યો છે. ■

## અમિત ખૂંટ આપઘાત કેસમાં રાજદીપસિંહ જાડેજાએ અરજી પરત ખેંચી

અમદાવાદઃ અમિત ખૂંટ આપઘાત કેસમાં રાજદીપસિંહ જાડેજાએ અરજી પરત ખેંચી હતી. સ્યુસાઈડ નોટમાં નામનો ઉલ્લેખ ન હોવાથી આરોપીની ફરિયાદ રદ કરવા માટેની ક્રોસિંગ અરજીમાં રાહત આપવા હાઇ કોર્ટે ઈન્કાર કર્યો હતો. રાજદીપસિંહ જાડેજાએ તેમના જ રીબડા ગામના યુવાન અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં પોતાની સામે થયેલી પોલીસ ફરિયાદ રદ કરવા માટે હાઇ કોર્ટમાં ક્રોસિંગ અરજી દાખલ કરી હતી. જેની સુનાવણી હાથ ધરવામાં આવતા હાઇ કોર્ટ દ્વારા તમામ પોલીસ રિપોર્ટ ધ્યાને લઇ રાજદીપસિંહ જાડેજાની અરજી રદ કરવાનું જણાવાયું હતું. આ ઉપરાંત અમિત ખૂંટે જે તે સમયે રાજદીપસિંહના પિતા અનિરુદ્ધસિંહને જે સજા માફી મળેલી છે તે હુકમ ગેરકાયદેસર હોય અને ગુજરાત સરકારનાં નિયમ પાલન કર્યા વગરનો હોવાનું કારણ આપી સજામાફીનો હુકમ રદ કરવા સરકારને રજૂઆત કરી હતી. આ વાતનો બદલો લેવા અનિરુદ્ધસિંહ દ્વારા અમિત ખૂંટ પર અરજી પાછી ખેંચી લેવા દબાણ કરી તેની ઉપર અન્ય આરોપીઓ સાથે મળીને હનીટ્રેપનો કેસ કરાવ્યો હતો. આ કારણથી અમિત ખૂંટે આત્મહત્યા કરી છે તેવા તારણના આધારે તથા તપાસના તમામ કાગળો તથા પુરાવા ધ્યાને લઇ રાજદીપસિંહ જાડેજાને હાઇ કોર્ટ દ્વારા કોઇ પણ રાહત આપવા ઇન્કાર કર્યો હતો, જેથી રાજદીપસિંહે પોતાની ક્રોસિંગ અરજી પરત ખેંચી હતી. ■

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકારત્વ ભવન ખાતે યોગ વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મેદસ્વિતા મુક્ત અભિયાન હેઠળ રાજકોટ જિલ્લામાં જન-જનને જોડવામાં આવી રહ્યા છે. આ અભિયાન અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકારત્વ ભવન દ્વારા નવતર પહેલ હાથ ધરવામાં આવી હતી. પત્રકારત્વ ભવન ખાતે યોગ વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. યોગ સાધક હેતલબેન દ્વારા ભવન ખાતે રોજ અભ્યાસ બાદ સાંજના સમયે પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓને યોગાસન તથા પ્રાણાયામનો અભ્યાસ કરાવવામાં આવે છે. આજની અતિવ્યસ્ત જીવનશૈલીમાં શારીરિક સ્થૂળતા વધતી જાય છે તેમજ માનસિક શાંતિનો પ્રશ્ન પણ સર્જાઈ રહ્યો છે ત્યારે આ યોગ વર્ગો દ્વારા વિદ્યાર્થીઓને મેદસ્વિતા મુક્ત બનાવી નિરોગી અને સ્વસ્થ જીવન માટે રોજ અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. ■